અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૮ જૂન ૨૦૨૪, શનિવાર
વિક્રમ સંવત ૨૦૮૦, જેઠ સુદ ૨
વર્ષ : ૧૫
અંક : ૩૦૮
તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ
કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886



## ૧૦ વર્ષનું કામ ફક્ત ટ્રેલર છે : મોદી

# સરકાર ચલાવવા બહુમત જોઈએ પણ દેશ ચલાવવા સર્વમત : નરેન્દ્ર મોદી

### મોદીએ વરિષ્ઠ નેતાઓના આશીર્વાદ લીધા, NDAએ સરકાર બનાવવાનો દાવો રજૂ કર્યો : કેમ આ વખતે વિરોધીઓને EVM ના નડ્યું? : મોદી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

દેશમાં ફરી એક વાર નરેન્દ્ર મોદીના નેતૃત્વવાળી એનડીએની સરકાર બની રહી છે. આજે સંસદના સેન્ટ્રલ હોલમાં એનડીએના ઘટક દળોએ નરેન્દ્ર મોદીને પોતાન સંસદીય દળના નેતા ચૂંટી લીધા છે. રાજનાથ સિંહે તેમના નામનો પ્રસ્તાવ રજૂ કર્યો, જેના પર તમામ દળના નેતાઓએ પોતાની સહમતિ વ્યક્ત કરી. ત્યાર બાદ પીએમ મોદીએ સેન્ટ્રોલ હોલમાં રહેલા ભાજપ અને એનડીએના નેતાઓ અને નવનિર્વાચિત સાંસદોને સંબોધન કર્યું. સંબોધન ખતમ કર્યા બાદ તરત નરેન્દ્ર મોદી રાષ્ટ્રપતિ ભવન ગયા, જ્યાં તેમણે સરકાર બનાવવાનો દાવો રજૂ કર્યો. આ દરમ્યાન મોદી સાથે ચિરાગ પાસવાન સહિત એનડીએના ૧૫થી વધારે નેતા હાજર હતા. મોદી સાથે તેના ઘટક દળના જે નેતા રાષ્ટ્રપતિ ભવન જશે, તેમાં રાજનાથ સિંહ, અમિત શાહ, ચંદ્રબાબૂ નાયડૂ, નીતિશ કુમાર, એકનાથ શિંદે, પ્રફુલ્લ પટેલ, સુદેશ મહતો, અનુપ્રિયા પટેલ, એચડી કુમારસ્વામી સામેલ હતા. પ્રાપ્ત વિગતો અનુસાર જોઈએ તો, નરેન્દ્ર મોદી ૯ જૂને ત્રીજી વાર પ્રધાનમંત્રી પદના શપથ લેશે. પ્રધાનમંત્રી મોદીએ વિપક્ષ પર આકરા પ્રહાર કરતા જણાવ્યુંકે, સાંસદો વિપક્ષી પાર્ટીઓના ષડયંત્રનો ભોગ ના બને. તમને વિપક્ષવાળા મંત્રી પદ આપવાની ઓફરો કરશે. ખોટા ષડયંત્રમાં ના ફસાતા. હું દેશની આશા અપેક્ષાઓ અને આકાંક્ષાઓ પુરી કરવાનો પુરો પ્રયાસ કરીશ.



મોદીના નેતૃત્વમાં NDA ફરી એકવાર કેન્દ્રમાં સરકાર બનાવવા જઈ રહી છે. શુક્રવારે સંસદના સેન્ટ્ર્લ હોલમાં NDA સંસદીય દળની બેઠક યોજાઈ હતી. આ દરમિયાન ફરી એકવાર મોદીની અનોખી સ્ટાઈલ જોવા મળી. જ્યારે મોદીએ અહીં સન્માનપૂર્વક સંવિધાન સમક્ષ માથુ ઝુકાવ્યું તો તમામ સાથી સાંસદો તેમની સામે ભાવપૂર્વક જોઈ રહ્યા.

દેશને આગળ લઈ જવામાં હું કોઈ કસર નહીં છોડું. ૧૦ વર્ષ બાદ પણ કોંગ્રેસ ૧૦૦ના આંકડા સુધી નથી પહોંચી. છેલ્લી ત્રણ લોકસભા ચૂંટણીની બધી સીટો ભેગી કરશે તો પણ કોંગ્રેસ અમારી આ વખતની જીત કરતા ઘણી પાછળ રહી જશે. વડાપ્રધાન મોદીએ જણાવ્યુંકે, સરકાર ચલાવવા માટે બહુમત જરૂરી છે. પણ દેશ ચલાવવા માટે સર્વમત હોવો જોઈએ. હું દેશવાસીઓને વિશ્વાસ અપાવું છુંકે, અમે સર્વમતનું ધ્યાન રાખીશું અને દેશને આગળ લઈ જવામાં કોઈ કસર નહીં રાખીએ. આઝાદીના ૭૫ વર્ષ થઈ ચુક્યા છે એનડીએને. ભારતના ઈતિહાસમાં એનડીએ સૌથી મોટું પ્રીપોલ એલાયન્સ છે. અત્યાર સુધીની આ સૌથી સફળ એલાયન્સ છે. આ એક ઓર્ગેનિક એલાયન્સ છે. આ માત્ર સરકાર કે સત્તા ચલાવવાનો જમાવડો નથી. આ રાષ્ટ્ર પ્રથમ નેશનલ ફસ્ટની ભાવનાવાળો સમૂહ છે. હું ગુજરાતમાં હોવ, ચંદ્રાબાબુ આંધ્રમાં હોય તે નીતિશકુમાર બિહારમાં હોય અમારા બધાના મનમાં ગરીબોનું કલ્યાણ છુપાયેલું છે. એટલે જ આજે અમે બધા ભેગા થઈને દેશના ગરીબોનું કલ્યાણ કરવા એકઠાં થયા છીએ. પ્રધાનમંત્રી મોદીએ સંસદભવનમાં પોતાના ભાષણમાં જણાવ્યુંકે, ચૂંટણીના પરિણામો આવતા હતા ત્યારે હું કોઈકને પૂછતો હતો કે ઈવીએમ ચાલુ છેકે નહીં. કેમકે, પહેલાં વિરોધીઓ ઈવીએમને ગાળો આપતા હતાં. ચૂંટણીના પરિણામો આવ્યાં ત્યારે વિરોધીઓ ચુપ થઈ ગયા. દેશના લોકતંત્રની આ તાકાત છે. ચૂંટણી પંચ દ્વારા નિષ્પક્ષ કામ કરવામાં આવ્યું અને પહેલાં પણ એ જ રીતે કામ થતું હતું.






### દેશનો NDAમાં અતૂટ વિશ્વાસ છે : નરેન્દ્ર મોદી

**નરેન્દ્ર મોદીએ વધુમાં કહ્યું કે મને આશા છે કે આગામી પાંચ વર્ષ સુધી ઈવીએમની વાત સાંભળવામાં નહીં આવે. પાંચ વર્ષ પછી જ્યારે આપણે ૨૦૨૯માં જઈશું ત્યારે કદાચ આપણે EVM વિશે ચર્ચા સાંભળીશું. તેમણે કહ્યું કે ચૂંટણી દરમિયાન મેં પહેલીવાર જોયું કે ચૂંટણી પંચના કામમાં હસ્તક્ષેપ કરવા માટે વિવિધ પદ્ધતિઓ અપનાવવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટના દરવાજા ખખડાવ્યા. આ કામ કરનારા લોકોનું એક જ જૂથ હતું. વિપક્ષ પર નિશાન સાધતા તેમણે કહ્યું કે ભારતને બદનામ કરવા અને ચૂંટણી પંચને કામ કરતા રોકવા માટે ષડયંત્ર રચવામાં આવ્યું છે. નરેન્દ્ર મોદીએ વધુમાં કહ્યું કે દેશનો NDAમાં અતૂટ વિશ્વાસ છે. હવે લોકોની અપેક્ષાઓ પણ વધશે. ૧૦ વર્ષમાં અત્યાર સુધી કરેલું કામ ટ્રેલર છે. હવે આપણે ઝડપથી કામ કરવું પડશે. લોકોએ આપણામાં વિશ્વાસ વ્યક્ત કર્યો છે. જનતા ઈચ્છે છે કે અમે અમારા ભૂતકાળના કામના રેકોર્ડ તોડીએ.**

### દેશની સેવા કરવામાં કોઈ કચાશ નહીં રાખીએ : મોદી



**૧૮મી લોકસભાની રચનાની કામગીરી આજે શરૂ થઈ ગઈ છે. બહુમતી સાથે ચૂંટાયેલા એનડીએ મોરચાએ આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ત્રીજી મુદત માટે દ્રઢછના સર્વસંમત નેતા તરીકે પસંદ કર્યા હતા. જૂના સંસદભવનના સેન્ટ્રલ હોલમાં યોજાયેલી એનડીએના સાથી પક્ષોની બેઠકમાં પહોંચેલા સૌ નેતાઓએ વડાપ્રધાનનું ઉમળકાભેર સ્વાગત કર્યું હતું અને તેમના નેતૃત્વમાં વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. એનડીએની બેઠકમાં સર્વસંમત નેતા તરીકે ચૂંટાયા પછી નરેન્દ્ર મોદીએ સૌનો આભાર માન્યો હતો અને પ્રતિભાવ આપતા જણાવ્યું હતું કે, આટલી વિશાળ સંખ્યામાં ચૂંટાયેલા પ્રતિનિધિઓનું સ્વાગત કરવા મળી રહ્યું છે એ મારા માટે આનંદની વાત છે. તેમણે જીતેલા તમામ સાથીદારોને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે કહ્યું કે, આપણા સૌની જીત પાછળ લાખો કાર્યકરોએ દિવસ-રાત, તીવ્ર ગરમી વચ્ચે પણ ખૂબ મહેનત કરી છે.**

### ભારતીય ઈકોનોમિની ગતિ અટકશે નહીં : ચંદ્રબાબુ નાયડુ



**લોકસભા ચૂંટણીમાં એનડીએ ગઠબંધનને બહુમતી મળ્યા પછી શુક્રવારે દિલ્હીમાં સંસદીય દળની બેઠક થઈ અને તેમાં તમામે નરેન્દ્ર મોદીના નામના પ્રસ્તાવ પર પોતાની મોહર લગાવી દીધી છે. ગઠબંધનના સાથી એવા તેલુગુદેશમ પાર્ટીના નેતા ચંદ્રબાબુ નાયડુએ વડાપ્રધાન તરીકે નરેન્દ્ર મોદીના નામ પર મહોર મારતા તેમને સંપૂર્ણ સમર્થન આપવાની વાત કહી. આ દરમિયાન નાયડુએ મોદી સરકારના છેલ્લા ૧૦ વર્ષના કાર્યકાળની ઉપલબ્ધીઓને ગણાવતા મોટો દાવો કર્યો છે. તેમણે કહ્યું છે કે દેશ ઝડપથી દુનિયામાં ત્રીજી સૌથી મોટી ઈકોનોમિ બનનાર છે. ચંદ્રબાબુએ કહ્યું કે છેલ્લા ૧૦ વર્ષમાં ભારતમાં મોટો ફેરફાર જોવા મળ્યો છે. ઈન્ડિયન ઈકોનોમિ વિશ્વમાં પાંચમી સૌથી મોટી ઈકોનોમિ બની છે. નાયડુએ વધુમાં કહ્યું કે દેશની ઈકોનોમિની આ ઝડપી ગતિ આ જ રીતે ચાલુ રહેશે અને પીએમ મોદીના નેતૃત્વમાં ભારત આ વખતે ત્રીજી સૌથી મોટી ઈકોનોમિ બનશે.**

### પવન કલ્યાણે પીએમ નરેન્દ્ર મોદીની ખુલ્લા દિલે પ્રશંસા કરી



**વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફરી એકવાર ૯ જૂને વડાપ્રધાન પદના શપથ લેશે. પીએમ મોદીના શપથ ગ્રહણ પહેલા એનડીએ સંસદીય દળની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું અને આ બેઠકમાં તમામ એનડીએ પક્ષોના ટોચના નેતાઓ અને સાંસદોએ ભાગ લીધો હતો. આ દરમિયાન જીતન રામ માંઝી, અનુપ્રિયા પટેલ અને સાઉથના સુપરસ્ટાર પવન કલ્યાણે પીએમ મોદીના નામનો પ્રસ્તાવ મૂક્યો હતો. પવન કલ્યાણે આંધ્ર પ્રદેશ વિધાનસભા ચૂંટણીમાં પિથમપુરા સીટ પરથી જંગી જીત મેળવી છે. પવન કલ્યાણે ચૂંટણીમાં ઐતિહાસિક જીત મેળવ્યા બાદ તેના ચાહકો તેને અભિનંદન આપી રહ્યા છે. પવન કલ્યાણ સતત અનેક ખાસ લોકોને મળી રહ્યા છે. એનડીએની બેઠક પહેલા પવન કલ્યાણ તેમની પત્ની અને પુત્ર સાથે પીએમ મોદીને મળ્યા.**

---

## ન્યૂઝ બ્રિફ

### વડાપ્રધાન બન્યા બાદ મોદી સૌથી પહેલા ઇટલી જશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૯ જૂને ત્રીજી વખત શપથ લીધા બાદ ટૂંક સમયમાં જ તેમની પ્રથમ આંતરરાષ્ટ્રીય મુલાકાતે ઈટાલી જવાના છે. ઈટાલીના વડા પ્રધાન જ્યોર્જિયા મેલોનીએ G7 સમિટમાં ભાગ લેવાનું આમંત્રણ મોકલ્યું હતું, જેને પીએમ મોદીએ સ્વીકાર્યું છે. ૧૩ થી ૧૫ જૂન દરમિયાન ઈટાલીના પુગ્લિયામાં G7 દેશોની સમિટ યોજાશે. વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે વડાપ્રધાન મોદીએ ગુરુવારે ઈટાલિયન વડા પ્રધાન મેલોની સાથે વાત કરી હતી.

---

## કોંગ્રેસ બીજી સૌથી મોટી પાર્ટી બનીને ઉભરી છે

# કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી બની શકે છે વિપક્ષના નેતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

લોકસભા ચૂંટણી ૨૦૨૪માં કોંગ્રેસ બીજી સૌથી મોટી પાર્ટી બનીને ઉભરી છે. પાર્ટીના ૯૯ ઉમેદવારો ચૂંટણી જીત્યા છે. જ્યારે મહારાષ્ટ્રના સાંગલીથી અપક્ષ ચૂંટાઈ આવેલા વિશાલ પાટિલે પણ પોતાનું સમર્થન કોંગ્રેસને જાહેર કર્યું છે. એનડીએ હાલ સરકાર બનાવવાની તૈયારીઓ કરી રહ્યુ છે અને ઈન્ડિયા ગઠબંધન હાલ તો વિપક્ષમાં બેસવા માટે તૈયાર થઈ ગયું છે. છેલ્લા ૧૦ વર્ષથી લોકસભામાં વિપક્ષના નેતાનું પદ ખાલી હતું. આ પદ મેળવવા માટે વિપક્ષ પાર્ટી પાસે ઓછામાં ઓછી ૧૦ ટકા સીટો હોવી જરૂરી છે. જ્યારે ૨૦૧૪ અને ૨૦૧૯માં કોંગ્રેસના સાંસદોની સંખ્યા ૫૪થી પણ ઓછી હતી. આવામાં આ પદ ખાલી હતું પરંતુ હવે આ પદના સૌથી મોટા દાવેદાર રાહુલ ગાંધી છે. રિપોર્ટ્સમાં એવી અટકળો છે કે રાહુલ ગાંધી નેતા વિપક્ષ બનીને વિપક્ષનો અવાજ મજબૂત કરી શકે છે. જો કે રાહુલ ગાંધી ૨૦૧૪ અને ૨૦૧૯માં કોંગ્રેસ સંસદીય દળના નેતા બન્યા નહતા. જો રાહુલ ગાંધી નેતા પ્રતિપક્ષ બને તો તેમના ઉપર ઘણી મોટી જવાબદારી પણ હશે. નેતા વિપક્ષ અનેક મહત્વપૂર્ણ સમિતિઓના સભ્ય હોય છે જેમાંથી કેટલીક સમિતિઓ ઈડી અને સીબીઆઈ જેવી કેન્દ્રીય એજન્સીઓના મુખિયાને પસંદ કરવાનું કામ પણ કરે છે.



---

# RBIએ આ વખતે પણ રેપો રેટને યથાવત રાખ્યો

### કેન્દ્રીય બેન્કે જીડીપી ગ્રોથનું અનુમાન વધાર્યું : તેને ૭ ટકાથી ૨૦ બેસિસ પોઈન્ટ વધારીને ૭.૨૦ ટકા કરાયું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

ભારતીય રિઝર્વ બેન્કની મોનિટરી પોલીસી કમિટીની બેઠકમાં આ વખતે પણ રેપો રેટને યથાવત રાખવામાં આવ્યો છે. તેમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર કરવામાં આવ્યો નથી. આ પહેલા નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ની પ્રથમ મોનિટરી પોલીસી કમિટીની બેઠકમાં પોલીસી રેટને સ્થિર રાખવામાં આવ્યા હતા. આરબીઆઈ ગવર્નર શક્તિકાંત દાસે બુધવારે મુંબઈમાં શરૂ થયેલી બેઠકના પરિણામોની જાહેરાત કરી છે. રેપો રેટ સ્થિર રહેવાના કારણે તમારા હપ્તામાં પણ કોઈ જ ફેરફાર થશે નહિ. જોકે કેન્દ્રીય બેન્કે જીડીપી ગ્રોથનું અનુમાન વધારી દીધું છે. તેને ૭ ટકાથી ૨૦ બેસિસ પોઈન્ટ વધારીને ૭.૨૦ ટકા કરવામાં આવ્યું છે. RBI ગવર્નર શક્તિકાંત દાસના જણાવ્યા અનુસાર, MPCના છમાંથી ૪ સભ્યો રેપો રેટમાં કોઈ ફેરફારની તરફેણમાં ન હતા. નવા નાણાકીય વર્ષની આ બીજી MPC મીટિંગ છે અને હાલમાં રેપો રેટ ૬.૫૦ ટકા પર સ્થિર છે. રિઝર્વ બેંકે છેલ્લે ફેબ્રુઆરી ૨૦૨૩માં વ્યાજ દરમાં ફેરફાર કર્યો હતો અને તેને ૨૫ બેસિસ પોઈન્ટ વધારીને ૬.૫૦ ટકા કર્યો હતો. ત્યારથી તેમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. શુક્રવારે પરિણામોની જાહેરાત કરતા, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ગવર્નર શક્તિકાંત દાસે જણાવ્યું હતું કે મે મહિનામાં MPCની બેઠકમાં ચર્ચા કર્યા પછી, રેપો રેટ ૬.૫૦% જાળવી રાખવાની સાથે, રિવર્સ રેપો રેટ ૩.૩૫%, સ્ટેન્ડિંગ ડિપોઝિટ ફેસિલિટી રેટ ૬.૨૫ પર રાખવામાં આવ્યો હતો. સીમાંત સ્થાયી સુવિધા દર ૬.૭૫% અને બેંક દર ૬.૭૫% પર રાખવામાં આવ્યો છે. નોંધનીય છે કે લોકસભા ચૂંટણીના પરિણામ ૨૦૨૪ પછી આરબીઆઈની નાણાકીય નીતિ સમિતિની આ પ્રથમ બેઠક હતી. ગવર્નર શક્તિકાંત દાસે જણાવ્યું હતું કે કેન્દ્રીય બેંક મોંઘવારી દરને ૪ ટકાના લક્ષ્યાંકને અનુરૂપ લાવવા માટે પ્રતિબદ્ધ છે. આરબીઆઈની એમપીસી બેઠક દર બે મહિને યોજાય છે અને રિઝર્વ બેંકના ગવર્નર શક્તિકાંત દાસ સહિત છ સભ્યો ફુગાવા અને અન્ય મુદ્દાઓ અને ફેરફારો (નિયમોમાં ફેરફાર) વિશે ચર્ચા કરે છે.



---

## વિડિયો સોશિયલ મીડિયામાં વાયરલ

# સંસદ સંકુલમાં સાથે જોવા મળ્યા ચિરાગ પાસવાન અને કંગના રનૌત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

બોલિવૂડ અભિનેત્રી કંગના રણૌત પણ હિમાચલ પ્રદેશની મંડી લોકસભા બેઠક પરથી જીતીને સતત ચર્ચામાં છે. આ દરમિયાન કંગના રણૌતનો એક વીડિયો ચર્ચામાં આવ્યો છે, જેમાં તે લોક જનશક્તિ પાર્ટીના અધ્યક્ષ ચિરાગ પાસવાન સાથે સંસદ સંકુલમાં જોવા મળી રહી છે. લોકસભા ચૂંટણી ૨૦૨૪ના પરિણામો જાહેર થયા બાદ મોદી સરકાર ફરી એકવાર સત્તા સંભાળવા જઈ રહ્યા છે. ભારતીય જનતા પાર્ટી લોકસભાની ચૂંટણીમાં સંપૂર્ણ બહુમતીથી ચૂકી ગઈ હતી, પરંતુ NDAએ ૨૯૩ બેઠકો જીતીને ૨૭૨નો આંકડો પાર કરી લીધો છે. હવે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ત્રીજી વખત ફરીથી પીએમ પદના શપથ લેવા જઈ રહ્યા છે. બીજી તરફ બોલિવૂડ અભિનેત્રી કંગના રણૌત પણ હિમાચલ પ્રદેશની મંડી લોકસભા બેઠક પરથી જીતીને સતત ચર્ચામાં છે. આ દરમિયાન કંગના રણૌતનો એક વીડિયો ચર્ચામાં આવ્યો છે, જેમાં તે લોક જનશક્તિ પાર્ટીના અધ્યક્ષ ચિરાગ પાસવાન સાથે સંસદ સંકુલમાં જોવા મળી રહી છે.

---

## USAના કેપ્ટન સામે બાબરના ૧૨ વાગી ગયા!

# T20 વર્લ્ડકપમાં ગુજરાતના પાટીદારે પાકિસ્તાનને પછાડ્યું

। (એજન્સી) આણંદ, તા.૭ ।

આણંદનાં વલ્લભવિદ્યાનગરની શેરીઓમાં ક્રિકેટ રમતા મોનાર્ક પટેલે અમેરિકાની ક્રિકેટ ટીમમાં કેપ્ટન પદ હાંસલ કરી વર્લ્ડકપની ટુર્નામેન્ટમાં પાકિસ્તાન સામે ૫૦ રન ફટકારી પાકિસ્તાનને પરાજય આપતા તેમાં પરિવારજનોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. વલ્લભવિદ્યાનગરની શેરીઓમાં ક્રિકેટના પાઠ ભણેલો મોનાર્કનાં પિતા દિલીપ ભાઈ તેમજ કાકા અને દાદા પણ એક સારા ખેલાડી હતા. જેથી મોનાર્કને ક્રિકેટનાં શોખનો વારસો ગળથુથીમાં જ મળ્યો હતો. મોનાર્કનાં દાદા કહે છે કે મોનાર્કને નાનપણથીજ ક્રિકેટનો શોખ હતો અને તે ઘરમાં પ્લાસ્ટીકનાં બોલથી ક્રિકેટ રમ્યા કરતો હતો. તેમજ થોડો મોટો થયા બાદ બંગ્લાની બાજુમાં આવેલા ખુલ્લા પ્લોટમાં ક્રિકેટ રમતો હતો અને ત્યારબાદ તે અંડર ૧૮માં પણ ક્રિકેટ રમ્યો હતો. મોનાર્કનાં મોટા ભાગનાં પરિવારજનો અમેરીકામાં સ્થાઈ થયો હતો અને જેથી તે અમેરિકા ગયો હતો અને ત્યાં નાની નાની કાઉન્ટી મેચો રમતો હતો. વર્ષ ૨૦૧૦માં તેને અમેરીકાનું ગ્રીડકાર્ડ મળ્યું હતું.

---

## રાહુલ ગાંધીને મળી મોટી રાહત

# વિશેષ કોર્ટે માનહાનિ કેસમાં રાહુલ ગાંધીને આપ્યા જામીન

। (એજન્સી) બેંગલુરુ, તા.૭ ।

રાહુલ ગાંધી માટે માનહાનિના કેસમાં મોટી રાહત સમાન અહેવાલ સામે આવ્યા છે. કર્ણાટક ભાજપના એમએલસી કેશવ પ્રસાદ દ્વારા દાખલ કરવામાં આવેલા કેસમાં વિશેષ કોર્ટે તેમને જામીન આપી દીધા છે. ખરેખર તો કર્ણાટક ભાજપે કોંગ્રેસ સામે મુખ્યધારાના અખબારોમાં કથિતરૂપે જુઠ્ઠી જાહેરાતો આપવાનો આરોપ મૂક્યો હતો. જાહેરાતમાં રાજ્યની તત્કાલીન ભાજપ સરકાર ૨૦૧૯-૨૦૨૩ ના શાસનકાળ દરમિયાન મોટાપાયે ભ્રષ્ટાચારમાં સંડોવણીનો આરોપ મૂકાયો હતો. ભાજપે તેની ફરિયાદમાં કહ્યું હતું કે તમામ લોક નિર્માણ કાર્યોમાં ૪૦ ટકા કમીશન લેવાનો આરોપ લગાવતા કોંગ્રેસે પૂર્વ સરકાર સામે ભ્રષ્ટાચાર રેટ કાર્ડ પ્રકાશિત કર્યો હતો. ફરિયાદીએ કોંગ્રેસ પર પૂર્વ ભાજપ સરકારને બદનામ કરવા અભિયાન ચલાવવાનો આરોપ મૂક્યો હતો. ભાજપે આરોપ મૂક્યો કે રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા મંચ એક્સ પર તેમના એકાઉન્ટ પર આ વાંધાજનક જાહેરાત પોસ્ટ પણ કરી હતી.

રજીસ્ટ્રેશન કરાવનાર વિદ્યાર્થીઓનું મેરીટ ૧૮મી જૂને જાહેર થશે

# સ.પ. યુનિ. માં પીજીમાં પ્રવેશ પ્રક્રિયા ૧૩મી જૂન સુધી લંબાવાઇ

| (એજન્સી) આણંદ, તા.૭ |

વલ્લભ વિદ્યાનગર સ્થિત સરદાર પટેલ યુનિવર્સિટી સંલગ્ન કોલેજો અને શૈક્ષણિક સંસ્થાઓમાં પીજીનાના અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે રજીસ્ટ્રેશનની પ્રક્રિયા ૧૩મી જૂન સુધી લંબાવવામાં આવી છે. પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્ષમાં પ્રવેશ મેળવવા ઈચ્છુક વિદ્યાર્થીઓ ગુજરાત કોમન એડમિશન સર્વિસીસ-જીકેસ પોર્ટલના માધ્યમથી રજીસ્ટ્રેશન કરી શકશે. સરદાર પટેલ યુનિવર્સિટી સંલગ્ન કોલેજો અને શૈક્ષણિક સંસ્થાઓમાં યુજીની૨૩૪૦૫ અને ઓટોનોમસમાં યુજીની ૪૬૦૫ મળીને કુલ ૨૮૦૧૦ બેઠક છે, જ્યારે પીજીની ૧૧૫૭૧ અને ઓટોનોમસમાં પીજીની ૧૩૬૦ મળીને કુલ ૧૨૯૩૧ બેઠક છે. આમ યુજી અને પીજીની મળીને સરદાર પટેલ યુનિવર્સિટીમાં કુલ ૩૪૯૭૬ બેઠક અને ઓટોનોમસ કોલેજ કે શૈક્ષણિક સંસ્થામાં ૫૯૬૫ બેઠક મળીને કુલ ૪૦૯૪૧ બેઠક છે. સરદાર પટેલ યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવવા માટે ૩જી જૂન સુધીમાં પીજીના કોર્ષ માટે રજીસ્ટ્રેશન કરાવનાર ૧૦૩૩૩ વિદ્યાર્થી પૈકી ૯૭૬૯ વિદ્યાર્થીએ રજીસ્ટ્રેશન ફી ભરી છે. જ્યારે યુજી કોર્ષમાં પ્રવેશ માટે રજીસ્ટ્રેશન કરાવનાર ૨૫૭૦૨ વિદ્યાર્થી પૈકી ૨૫૨૩૧ વિદ્યાર્થી દ્વારા રજીસ્ટ્રેશન ફી ભરવામાં આવી છે. આમ સરદાર પટેલ યુનિવર્સિટીમાં પ્રવેશ માટે રજીસ્ટ્રેશન કરાવનાર કુલ ૩૬૦૩૫ વિદ્યાર્થી પૈકી ૩૫૦૦૦ વિદ્યાર્થી દ્વારા રજીસ્ટ્રેશન ફી ભરવામાં આવી છે. પીજી કોર્ષમાં પ્રવેશ માટે રજીસ્ટ્રેશનની પ્રક્રિયાની અંતિમ તારીખ ૩જી જૂન હતી જે વિદ્યાર્થીઓના હિતને ધ્યાને લઈને ૧૩મી જૂન સુધી લંબાવવામાં છે. યુજીમાં પ્રવેશ માટે રજીસ્ટ્રેશન કરનાર વિદ્યાર્થીઓનું મેરીટ ૧૮મી જૂને જાહેર થશે. ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવનાર વિદ્યાર્થીને ૫મી જૂને એસએમએસ દ્વારા કોલેજની પસંદગીનો ક્રમાંક યુનિવર્સિટી પોર્ટલ પર આપવા જાણ કરવામાં આવશે. વિદ્યાર્થીએ પોતાને કોલેજ પસંદગીનો ક્રમાંક જીકેસ એપ્લિકેશન નંબર તથા પાસવર્ડનો ઉપયોગ કરીને ૬ઠ્ઠી જૂનથી ૯મી જૂન દરમ્યાન સરદાર પટેલ યુનિવર્સિટીના પોર્ટલ પર લોગ ઈન કરી આપી શકશે. ત્યારબાદ ૧૨મી જૂને વિદ્યાર્થીઓ પોતાની કામચલાઉ પ્રવેશ યાદી જીકેસ પોર્ટલ પર પોતાના લોગીન દ્વારા સ્ટુડન્ટ ડેસ્ક ઉપર જોઈ અને ચકાસણી કરી શકશે. વિદ્યાર્થીને પોતાના માર્કસમાં તથા અન્ય કોઈપણ વિસંગતતા જણાય તો એપ્લીકેશન નંબર સહિત માર્કશીટ સાથે યુનિવર્સિટી ગ્રિવન્સ સેલનો સંપર્ક કરી જરૂરી સુધારો ૧૩મી જૂનના રોજ સાંજના ૪ વાગ્યા સુધીમાં કરાવવાનો રહેશે. ૧૮મી જૂનના રોજ બપોરના ૨ કલાક બાદ પ્રથમ રાઉન્ડ દરમ્યાન વિદ્યાર્થીને ફાઈનલ મેરીટ પ્રમાણ કંઈ કોલેજમાં પ્રવેશ મળે છે તેની વિગતો વિદ્યાર્થી પોતાના લોગીન દ્વારા જીકેસ પોર્ટલ પર ફાઈનલ મેરીટ સ્ટુડન્ટ ડેસ્ક પર જોઈ શકશે. તેમજ પ્રવેશ અંગેની માહિતી એસએમએસ દ્વારા અને ઈમેલથી પણ આપવામાં આવશે.

પોલીસને અને પરિવારને હાશકારો થયો કે દીકરી સલામત મળી આવી

# રાયખડમાં પિતા પાસે નિદ્રાધીન ૪ વર્ષની બાળકીનું અપહરણ કરનાર ઝડપાયો

**વિકૃત અપહરણકર્તાને સલામત જગ્યા નહીં મળતાં બાળકી પીંખાતી બચી, બીજા દિવસે રેલવે સ્ટેશનથી મળી આવી**

| (એજન્સી) અમદાવાદ, તા.૭ |

રાયખડ ચાર રસ્તા પાસે પિતાના પડખે નિશ્ચિંત પોઢી રહેલી ૪ વર્ષની બાળકીને નરાધમ દુષ્કર્મના ઈરાદે ઉપાડી ગયો હતો. બાળકીને લઈને ૨૪ કલાક સુધી શહેરના જુદા જુદા વિસ્તારોમાં ફર્યો, પરંતુ કોઇ સલામત જગ્યા નહિ મળતાં બાળકી પીંખાતી બચી ગઈ. બાળકી સતત રડ્યા કરતાં તેણે બાળકીને રેલવે સ્ટેશન નજીક છોડી દીધી હતી. બાળકી તો ચોવીસ કલાકમાં મળી ગઇ, પરંતુ આ અપરાધી મળતો નહોતો. ક્રાઈમ બ્રાંચના શરદ સિંગલ અને અજીત રાજિયાને આ ઘટનાને ગંભીરતાથી લઈ પોતાની ટીમોને ગમે તે રીતે આ શખ્સને શોધવાની સૂચના આપતા એસીપી ભરત પટેલ ઈન્સ્પેક્ટર કતારીને કામ સોંપ્યું અને તેમની ટીમે ૨૪ કલાકમાં એક હજાર સીસીટીવી



ફૂટેજ તપાસ્યા હતા. બાળકીના અપહરણનો વાયરલ વીડિયોથી આરોપીની ઓળખ થઇ અને સંખ્યાબંધ ભિક્ષુકોની પૂછપરછ કરાઇ અને આખરે નરાધમ બગદારામ વાસણા એપીએમસી નજીકથી ઝડપાઇ ગયો. તેણે પોલીસ સમક્ષ કબૂલાત કરી હતી કે બાળકીનું અપહરણ દુષ્કર્મ માટે જ કર્યું હતું, પરંતુ જગ્યા નહિ મળતાં તેને બીજા દિવસે છોડી દીધી હતી. સબ સલામતના દાવા વચ્ચે અસલામત અમદાવાદનો અહેસાસ કરાવતી ઘટનાની જાણવા મળતી વિગતો એવી છે કે, બીજી જૂનના રોજ સવારે રાયખડ ચાર રસ્તા પાસે ફૂટપાથ પર એક પિતા પાસે સૂઈ રહેલી ચાર વર્ષની દીકરીનું એક નરાધમ અપહરણ કરી જાય છે. જેના સીસીટીવી ફૂટેજ વાયરલ થયા હતા. ગરીબ પરિવારે દીકરીને શોધી, પરંતુ મળી નહિ એટલે ગાયકવાડ હવેલી પોલીસે તપાસ શરૂ કરી. પોલીસને કંઇ મળ્યું નહીં ત્યારે ૨૪ કલાક બાદ બીજા દિવસે સવારે દીકરી કાલુપુર રેલવે સ્ટેશન નજીકથી મળી આવી હતી. પોલીસને અને પરિવારને હાશકારો થયો કે દીકરી સલામત મળી આવી, પરંતુ સીસીટીવી ફૂટેજમાં બાળકીનો અપહરણ કરનાર ઈરાદા સ્પષ્ટ દેખાતા હતા. તેથી ક્રાઈમ બ્રાંચના અધિકારીએ આ નરાધમને શોધવાનો નિર્ધાર કર્યો હતો.

# ફટકાના મારથી સગીરને બ્રેઈન હેમરેજ થઇ ગયું

| (એજન્સી) અમદાવાદ, તા.૭ |

રામોલમાં જૂના ઝઘડાની અદાવતમાં મિત્રની બર્થ-ડે પાર્ટીમાં જઈ રહેલા સગીરને આઠ શખ્સોએ બેઝબોલ સ્ટીક અને ક્રિકેટના બેટ ફટકારી જીવલેણ હુમલો કર્યો હતો. બૂમાબૂમ થતા લોકો દોડી આવતા બે કાર લઈને આવેલા હુમલાખોરો નાસી ગયા હતા. સગીરને હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. રામોલ પોલીસે કુલ આઠ લોકો વિરુદ્ધ ફરિયાદ નોંધી પાંચ આરોપીની ધરપકડ કરી ફરાર આરોપીને શોધવા કવાયત હાથ ધરી છે. હુમલામાં સગીરને બ્રેઈન હેમરેજ થયું છે. મોઢાના ભાગે અને બંને હાથ અને પગમાં ફ્રેકચર થયું છે. વસ્ત્રાલમાં રહેતો સત્યમસિંગ રાજપૂત (ઉ.વ.૧૭) અભ્યાસ કરે છે. બે મહિના અગાઉ વસ્ત્રાલ વેદ આર્કેડ મોલમાં જીમમાં સગીરની કેટલાક લોકો સાથે માથાકૂટ થઈ હતી. ગઈકાલે સગીર તેની મિત્રની જન્મદિવસની ઉજવણીમાં ભાગ લેવા નીકળ્યો હતો. વસ્ત્રાલ વેદ આર્કેડ મોલ નજીક બીજા મિત્રોની જોઈને તે ઊભો હતો ત્યારે બે કારમાં આઠ શખ્સો આવ્યા અને સગીરને ઊભેલો જોઈને આઠેયે તેને બેઝબોલ સ્ટીક અને ક્રિકેટના બેટ વડે માર માર્યો હતો. સગીરને માથામાં, મોઢાના ભાગે ગંભીર ઈજા થઈ હતી. આજે તો તને પૂરો જ કરી નાખવાનો છે તેવું હિન્દી ભાષામાં સગીરને મારવા આવેલા શખ્સો બોલતા હતા. કોમ્પ્લેક્સના અન્ય લોકો, રાહદારીઓએ તેને વધુ મારથી બચાવી લીધો હતો. આ દરમિયાન બે કારમાં આઠ શખ્સો નાસી ગયા હતા.

# જમીન પચાવી પાડવા બિલ્ડર સહિત ૭ લોકોએ બનાવટી ડોક્યુમેન્ટ ઊભા કર્યા

**ઓઢવમાં વેપારીની જમીન પચાવી પાડવા બિલ્ડરો સહિત સાત લોકોએ ખોટા ડોક્યુમેન્ટ બનાવી તેનો સાચા તરીકે ઉપયોગ કર્યો હતો**

| (એજન્સી) અમદાવાદ, તા.૭ |

ઓઢવમાં વેપારીની જમીન પચાવી પાડવા બિલ્ડરો સહિત સાત લોકોએ ખોટા ડોક્યુમેન્ટ બનાવી તેનો સાચા તરીકે ઉપયોગ કર્યો હતો. તેમજ કોર્ટમાં દાવો ચાલતો હોવા છતાં કોઈ દાવો ચાલતો નથી તેવું ઘોષણાપત્ર જાહેર કર્યુ હતું. આ અંગે વેપારીએ બે મહિલા, તથા બિલ્ડર વિરુદ્ધ ઓઢવ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે છેતરપિંડીની કલમ હેઠળ કુલ સાત લોકો સામે ગુનો નોંધ્યો છે. કઠવાડામાં રહેતા મનિષભાઈ પટેલ ઈલેક્ટ્રોનિક સાધનો બનાવવાનો ધંધો કરે છે. તેમના પિતા વલ્લભભાઈ ખેતીકામ કરે છે. તેમના દાદા અને બે કાકાએ વર્ષો પહેલા ઓઢવમાં જમીન ખરીદી હતી. જે બાદ તેમના પિતા અને કાકા પાસે બિલ્ડર ઘનશ્યામભાઈ પટેલ, શરદ પટેલ, રાજેશ પટેલ જમીન વેચાણ લેવા અવારનવાર આવતા હતા. આ દરમ્યાન મનીષભાઈએ પિતાના હિસ્સાની જમીનમાં વાંધો લીધો હતો કે વારસદાર તરીકે મનિષભાઈ અને તેમની બે બહેનોના નામ દાખલ નહીં થાય ત્યાં સુધી જમીન વેચાણ આપી શકાશે નહીં. આ પ્રકારની નોટિસ બિલ્ડરોને મોકલી આપી હતી. તેમ છતાં બિલ્ડરોએ તેમની જાણ બહાર જમીનનો વેચાણ દસ્તાવેજ કરી લીધો હતો. આ બાબતની જાણ મનિષભાઈને થતા તેમણે કોર્ટમાં દાવો કર્યો હતો. પરંતુ બિલ્ડરોએ જમીન બાબતે કોર્ટમાં કોઈ દાવો નોંધાયો નથી તેવું ખોટું ઘોષણાપત્ર કોર્ટ તથા કલેક્ટર સમક્ષ રજૂ કરીને જમીને એન.એ કરાવી લીધી હતી. તેમજ બિલ્ડરોએ જમીનના અન્ય બનાવટી દસ્તાવેજ બનાવી તેનો સાચા તરીકે ઉપયોગ કરીને જમીન પચાવી પાડવાનું કાવતરું ઘડી કાઢ્યું હતું. આ અંગે મનિષભાઈએ ઓઢવ પોલીસ સ્ટેશનમાં ઘનશ્યામ પટેલ, શરદ પટેલ, રાજેશ પટેલ, વિજય પટેલ, વનિતાબેન પટેલ તથા જયશ્રીબેન પટેલ અને મનિષ પટેલ એમ કુલ સાત લોકો વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે છેતરપિંડી સહિતની કલમ હેઠળ ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે.

વિસનગરના ધારૂસણાના યુવકનાં અસલ ડોક્યુમેન્ટ પણ પાછાં ન આપ્યાં

# પોલીસમાં નોકરીની લાલચ આપી યુવક પાસેથી રૂ. ૭ લાખની છેતરપિંડી થઇ

| (એજન્સી) મહેસાણા,તા.૭ |

વિસનગરના ધારૂસણાના યુવકને પોલીસની નોકરીની લાલચ આપી રૂ.૭ લાખ તેમજ અસલ ડોક્યુમેન્ટ પડાવી લેનારા ગાંધીનગરના એક સહિત ચાર જણા સામે મહેસાણા એ ડિવિઝન પોલીસ મથકે ગુનો નોંધાયો છે. ધારૂસણાનો અમિત શાહરભાઈ દેસાઈ ૨૦૨૧માં પોલીસ ભરતીના ફિઝીકલ ટેસ્ટમાં દોડમાં પાસ થયો હતો. તે મહેસાણા જિલ્લા લાયબ્રેરીમાં સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરવા આવતો હતો.

લાયબ્રેરી બહાર તેને મળેલા અનિલભાઈ પરમારે પોલીસમાં સેટિંગ કરીને પાસ થવાય કહીંને તેને ગાંધીનગર પોલીસ ભવનમાં એક સચિવ સાહેબનું સેટિંગ છે, જેમનું ગૃહ વિભાગમાં બધુ સેટિંગ છે કહીંને અમિતને તેમ કરવા મનાવ્યો હતો. ચારેક દિવસ બાદ અનિલભાઈ, રમેશભાઈ તથા ભારતીબેન જૂના કોર્ટ કમ્પાઉન્ડમાં અમિતને મળ્યા હતા અને પોલીસની નોકરી લગાવી આપવા પેટે રૂ.૧૪ લાખ આપવા પડશે તેવું નક્કી થયું હતું.

બીજા દિવસે તા.૧૭-૦૫-૨૨ના રોજ અમિતને ગાંધીનગર પોલીસ ભવન નજીક એક કારમાં મોટા સાહેબ તરીકે એક વ્યક્તિની મુલાકાત કરાવી હતી. જેણે નોકરીનું સેટિંગ કરી આપવાનું કહ્યું હતું. બીજા દિવસે અમિત અને તેમના પિતાએ મહેસાણા બિલાડી બાગમાં રમેશભાઈ અને ભારતીબેનને રૂ.૪ લાખ રોકડા આપ્યા હતા. અમિતે તેનો વિડીયો પણ ઉતારી લીધો હતો.એકાદ મહિના બાદ બીજા રૂ.૫૦ હજાર આપ્યા હતા. થોડા દિવસ બાદ તમે ભરતીમાં લાગી ગયા છો કહીંને તેનાં અસલ ડોક્યુમેન્ટ લીધાં હતાં.

ઉનાળામાં વારંવાર વીજ કાપનો સામનો કરવો પડ્યો

# બોપલ, ઘુમા, શેલા અને શીલજમાં ઉનાળામાં UGVCLના ધાંધિયા

**જમીનની અંદર નાખેલા વીજળીના કેબલ ક્ષતિગ્રસ્ત થઈ ગયા હતા અને લોડને ખસેડવાની જરૂર પડી**

| (એજન્સી) અમદાવાદ, તા.૭ |

અમદાવાદમાં બોપલ, ઘુમા, શેલા અને શીલજના રહેવાસીઓએ આ ઉનાળામાં વારંવાર વીજ કાપનો સામનો કરવો પડ્યો હતો, કારણ કે જમીનની અંદર નાખેલા વીજળીના કેબલ ક્ષતિગ્રસ્ત થઈ ગયા હતા અને લોડને ખસેડવાની જરૂર પડી હતી, જેના પરિણામે અપૂરતી કેબલ ક્ષમતાને કારણે વારંવાર ટ્રીપિંગ અને લોડ શેડિંગ જોવા મળ્યો હતો. ગેટકોના સૂત્રોએ જણાવ્યું હતું કે AMC કોન્ટ્રાક્ટર દ્વારા ખોદકામના કામ દરમિયાન સનાથલના કેબલને નુકસાન થયું હતું, જેને પાછળથી ગેટકો દ્વારા દંડ કરવામાં આવ્યો હતો. આ કોઈ એકલ ઘટના ન હતી, મે મહિનાના બીજા સપ્તાહથી, જ્યારે બોપલ વડાવી કેબલને નુકસાન થયું હતું ત્યારથી પાવર કટ છે. બોપલ સબસ્ટેશનમાં પાછળથી લાગેલી આગથી વીજ પુરવઠાને પણ અસર થઈ હતી.વારંવાર ટ્રીપિંગનો અર્થ એ છે કે છેલ્લા કેટલાક દિવસોથી આ વિસ્તારોના રહેવાસીઓ માટે વારંવાર પાવર કટ થાય છે, જેના કારણે તેઓને આ આકરા ઉનાળામાં એસી તો ઠીક પંખા વગર રહેવાનો વારો આપ્યો હતો. સમસ્યાનો યોગ્ય ઉકેલ લાવવા વિસ્તારના રહીશો માંગ કરી રહ્યા છે. બોપલના રહેવાસી કિરણ શાહે જણાવ્યું હતું કે, "છેલ્લા એકાદ અઠવાડિયાથી અવારનવાર વીજળી જતી રહે છે. જ્યારે પણ અમે યુજીવીસીએલને ફરિયાદ કરવાનો પ્રયાસ કરીએ છીએ ત્યારે ફોન નંબર રોકાયેલ હોય છે. મોબાઈલ નંબર પણ સામાન્ય રીતે રોકાયેલ હોય છે અને તેથી અમને પાવર કટ વિશે માહિતી મળતી નથી. સાઉથ બોપલના રહેવાસી મીતેશ પટેલે બુધવારે જણાવ્યું હતું કે, "અમારે લગભગ દરરોજ અડધો કલાક વીજ કાપનો સામનો કરવો પડે છે. અમને ખબર પડી કે આજે વહેલી સવારે કેબલમાં થોડું નુકસાન થયું હતું, પરંતુ અમને કાયમી ઉકેલની જરૂર છે. બોપલ, ઘુમા અને શેલાએ ૩૧ મેચ અને પાંચ જુનના રોજ વીજ કાપ અનુભવ્યો હતો."૩૧ મેના રોજ, સાંજે ૪.૩૦ વાગ્યે, AMC કોન્ટ્રાક્ટર મેસર્સ જીપ્સમ સ્ટ્રક્ચરલ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ દ્વારા સનાથલ ટોલ પ્લાઝા પાસે ડ્રેનેજ પાઈપલાઈન નાખતી વખતે ૬૬ાફ શેલા-સનાથલ કેબલને નુકસાન થયું હતું. જેના કારણે ૬૬ાફ બોપલ, શેલા અને ઘુમા સબસ્ટેશનને પુરવઠો પ્રભાવિત થયો હતો. UGVCL ફીડર ૬૨ના લગભગ ૧.૨૫ લાખ ગ્રાહકોએ વીજ પુરવઠો ખોરવ્યો હતો. ત્યારબાદ ૬૬ાફ શેલા સબસ્ટેશનને બોપલ લાઈન દ્વારા સપ્લાય કરવામાં આવ્યો હતો. તેના પરિણામે GETCO દ્વારા ૧૭ ફીડર પર સરેરાશ અડધા કલાક માટે ઓવરલોડિંગ અને લોડ શેડિંગ લાદવામાં આવ્યું હતું," UGVCL અધિકારીએ જણાવ્યું હતું. "UGVCLએ AMCને આવી સમસ્યાઓ ટાળવા માટે UGVCL અને GETCO સુપરવાઈઝર સાથે સંકલન કરીને પાઈપલાઈન નાખવાનું કામ કરવા જણાવ્યું છે. UGVCL એ અસરગ્રસ્ત ગ્રાહકોને જીવંત ઈલેક્ટ્રિક ફીડરમાં ટ્રાન્સફર કરવાનો પ્રયાસ કર્યો છે," એમ અધિકારીએ જણાવ્યું હતું. બુધવારે સવારે ૫.૧૫ થી ૫.૫૫ વાગ્યાની વચ્ચે, એક ખાનગી એજન્સી દ્વારા કોમ્યુનિકેશન કેબલ નાખતી વખતે ૬૬ાફ શેલા-બોપલ કેબલને નુકસાન થવાને કારણે શેલા સબસ્ટેશન પર પાવર ખોટકાયો હતો.

# ૫૫૯ બકરાં ભરી કતલખાને લઈ જતી બે ટ્રક ઝડપાઈ

| (એજન્સી) પાલનપુર, તા.૭ |

રાજસ્થાનથી બકરાં ભરી બે ટ્રકો કતલખાને જતી હોવાની બાતમી જીવદયાપ્રેમીઓને મળી હતી જેના આધારે પાલનપુરની હનુમાન ટેકરી નજીકથી આ ટ્રકોને રોકાવી તપાસ કરતાં તેમાં ખીચખીચ બકરાં ભરેલા હતા. આ ટ્રકો ઝડપી લઇ પાલનપુર બી ડિવિઝન પોલીસ મથકે લઈ જવાઈ હતી જ્યાં ચાર જણા સામે ફરિયાદ નોંધાવતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. આ અંગેની વિગત એવી છે કે, પાલનપુર તાલુકાના ગોઢ (હાથીદરા) ગામે રહેતા વખતસિંહ દિલીપસિંહ ડાભી તથા તેમની સાથે મિત્રો અરવિંદભાઈ, દિનેશભાઈ, આશિકભાઈને બાતમી મળી હતી કે, રાજસ્થાન તરફથી ગેરકાયદે બકરાં ભરી બે ટ્રક કતલખાને લઈ જવા નીકળી છે. જેથી પાલનપુરની હનુમાન ટેકરી પાસે રાત્રિના આશરે આઠ વાગ્યા દરમિયાન આવી વોચ ગોઠવી હતી. તે સમયે બે ટ્રક આવતાં જેને હનુમાન ટેકરી ચાર રસ્તા ટ્રાફીક ચોકી નજીક ઉભી રખાવી બંને ટ્રકના ડ્રાઈવરોને નીચે ઉતાર્યા હતા જયારે સાથે રહેલા બે ખલાસી નાસી ગયા હતા. આ બંને ટ્રકના નં. GJ-24-V-8648 અને GJ-24-V-8396ની પાછળની ભાગે લાકડાંના પાટિયા લગાવેલા હતા.

વિશેષ

દહેગામ શહેરી વિસ્તારના કુલ ૨૨૭૫૯ ઘરોની કુલ ૧૦૪૬૬૬ વસ્તીનો સર્વે પૂર્ણ કરવામાં આવ્યો

# ૮ કોલેરા પોઝિટીવ કેસમાં ૭ કોલેરાના દર્દીઓને રજા આપવામાં આવી

| ગાંધીનગર |

દહેગામ શહેરી વિસ્તારના કુલ ૨૨૭૫૯ ઘરોની કુલ ૧૦૪૬૬૬ વસ્તીનો સર્વે પૂર્ણ કરવામાં આવેલ છે. જેમાં આજ દિન સુધી ઝાડાના રીપોર્ટ થયેલ ૧૦૬ કેસ પૈકી શંકાસ્પદ કોલેરાના મોકલવામાં આવેલ ૨૫ ઝાડાના નમૂનાઓ પૈકી ૮ કેસ કોલેરા પોઝિટીવ હોવાનું માલૂમ પડ્યું છે. જે પૈકી આજ દિન સુધીમાં ૭ દર્દીઓને રજા આપવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લા કલેકટરશ્રી દ્વારા દહેગામ તાલુકાના એસ.ટી.ડેપો પાછળના ખાડા વિસ્તાર અને તેની આસપાસના બે કિલોમીટરના વિસ્તારને કોલેરાગ્રસ્ત જાહેર કરવામાં આવ્યા હતા. જિલ્લા કલેકટર શ્રી મેહુલ દવેની સૂચના અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી સંજય મોદીના માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય ટીમ અને સ્થાનિક તંત્ર દ્વારા તાત્કાલિક રોગચાળા અટકાયતની કામગીરી શરૂ કરવામાં આવી હતી.

રોગચાળાને અટકાવવા માટે આરોગ્ય વિભાગ દ્વારા દહેગામના એસ.ટી. ડેપો પાછળનો ખાડા વિસ્તારમાં સર્વેલન્સ કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં ફીલ્ડ સર્વેલન્સમાં આરોગ્યની ટીમો દ્વારા તેમજ સા.આ.કે. ખાતે તેમજ અર્બન હેલ્થ કેન્દ્ર ખાતે રીપોર્ટ થતાં કેસોની પણ છણાવટ કરી અસરગ્રસ્ત વિસ્તારમાંથી રીપોર્ટ થતાં કેસોનું એનાલીસીસ કરી તે મુજબ આગળની કામગીરી હાથ ધરવામાં આવી હતી. તા.૧.૬.૨૪ થી આજ દિન સુધી તાલુકા કક્ષાએ દૈનિક ૪૦ થી ૮૦ જેટલી ટીમો દ્વારા કોલેરાગ્રસ્ત વિસ્તારમાં એકટીવ કેસ સર્ચ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જેમાં માણસા તાલુકા ખાતેથી પણ ૨૦ ટીમો દહેગામ ખાતે પ્રતિનિયુક્ત કરવામાં આવી છે.સર્વે દરમ્યાન મળેલ તમામ ઝાડા તથા શંકાસ્પદ દર્દીઓને જરૂરીયાત પ્રમાણે સ્થળ ઉપર જ પ્રાથમિક સારવાર સહિત ઓ. આર.એસ. પેકેટ વિતરણ કરવામાં આવે છે તેમજ જરૂર જણાય તો અર્બન હેલ્થ કેન્દ્ર તેમજ સા.આ.કે. ખાતે રીફર પણ કરવામાં આવે છે. સા.આ.કે. તેમજ અર્બન હેલ્થ કેન્દ્ર ખાતે જરૂરીયાત પ્રમાણે ઓ.પી.ડી. સારવાર તેમજ જરૂર જણાય તો દાખલ કરી સારવાર આપવામાં આવે છે. જે માટે સા.આ. કે. દહેગામ ખાતે પીડીયાટ્રીશીયન તેમજ ફીઝીશીયન પણ પ્રતિનિયુક્ત કરવામાં



આવ્યા છે. જેઓને વધુ જરૂર જણાયે શંકાસ્પદ કોલેરા દર્દીઓના ઝાડાના નમૂના GMERS ગાંધીનગર ખાતે તપાસ અર્થે મોકલી આપવામાં આવે છે.

સામુદાયિક સ્તરે રોગચાળો અટકાવવા અંગેની સમજણ આપી સ્વચ્છ પીવાના પાણી ઉપયોગ માટે સમજણ આપવમાં આવી રહી છે. કલોરીન ગોળી વિતરણ કરી તેનો યોગ્ય ઉપયોગ કરવા માટે સૂચન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત કોમ્યુનીટી સર્વેની સાથે સાથે અસરગ્રસ્ત વિસ્તારમાં પ્રાથમિક સારવાર માટે મેડીકલ ઓફીસર સહિતની ૨ ટીમ રાઉન્ડ ધ કલોક મૂકવામાં આવી છે. અર્બન સેન્ટર દહેગામ ખાતે પણ રાઉન્ડ ધ ક્લોક મેડીકલ ઓફીસર મૂકવામાં આવ્યા છે. દહેગામ નગરપાલિકા દ્વારા પણ સમગ્ર દહેગામ શહેરી વિસ્તારમાં સ્વચ્છતા માટેની ઝુંબેશ હાથ ધરી સ્વચ્છતાની કામગીરી કરવામાં આવી છે. કોલેરા અસરગ્રસ્ત જાહેર થયેલ વિસ્તારમાં પાણી સપ્લાય રોકી ટેન્કર મારફતે પીવાનું પાણી પુરૂ પાડવામાં આવે છે. એસ.ટી. પાછળના ખાડા વિસ્તારમાં પીવાના પાણીની નવી પાઈપલાઈન નાખવાની કામગીરી હાલમાં ચાલુ છે. કોલેરા અસરગ્રસ્ત જાહેર થયેલ વિસ્તારમાં બરફની ફેકટરી ઉપરાંત તમામ ખાણી પીણીની લારી, ગલ્લાં અને દુકાનો વિગેરે બંધ કરાવવામાં આવી છે. હાલ એક દર્દી મેડીકલ કોલેજ GMERS ગાંધીનગર ખાતે સારવાર હેઠળ છે. આજ દિન સુધીના ૩૨ જેટલા પાણીના નમૂના બેકટેરીયોલોજીકલ પરીક્ષણ માટે મોકલી આપવામાં આવ્યા હતા. જેમાંથી ૨૮ ના પરીણામ મળી ગયેલ છે. દહેગામ વિસ્તારમાં બિનપીવાલાયક પાણી બાબતે તપાસ હાથ ધરી આગળની કાર્યવાહી કરવા ચીફ ઓફીસર નગર પાલિકાને સૂચના આપવામાં આવી છે.જિલ્લા કક્ષાએથી તેમજ મેડીકલ કોલેજ GMERS ગાંધીનગર ખાતેથી આર.આર. ટી. ટીમનું ગઠન કરવામાં આવ્યું છે. જેમના દ્વારા મુલાકાત કરી કામગીરી કરવામાં આવી છે. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, એપેડેમીક મેડીકલ ઓફીસરશ્રી તેમજ તાલુકા આરોગ્ય ટીમ દ્વારા રોગચાળા અટકાયત માટેના તમામ પ્રયત્નો તમામ સ્તરે સઘન રીતે હાથ ધરવામાં આવ્યા છે. દહેગામ નગર પાલિકા વિસ્તારમાં જે તે વિસ્તરમાં કુલ ૧૦ જેટલા પાણીના લીકેજ શોધી રીપેર કરવામાં આવ્યા છે. અને જે તે વિસ્તારમાં પાણી અને ગટરની ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો છે. દહેગામ નગરપાલિકાના તમામ વિસ્તારમાં સુપર કલોરીનેશન પાણી પૂરું પાડવામાં આવી રહ્યું છે. જે તે વિસ્તારમાં ૮ ટેન્કરો મારફતે ક્લોરીનેશન કરેલું પીવાનું પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે. GUDC દ્વારા અસરગ્રસ્ત વિસ્તારમાં પાણીની લાઈનો બદલવાની કામગીરી શરુ કરવામાં આવી છે તેમજ બે ત્રણ દિવસમાં કામગીરી પૂર્ણ કરવામાં આવશે. નગરપાલિકાના તમામ વિસ્તારો અને ગટરની સાફ સફાઈ સારું પ્રાદેશિક કમિશ્નર, નગરપાલિકાઓ, ગાંધીનગર ઝોનની કચેરી દ્વારા અન્ય નગર પાલિકાઓ જેવી કે મહેસાણા, હિંમતનગર, માણસા નગરપાલિકાઓના અંદાજીત ૫૦ સફાઈ કામદારો અને સાધનો સાથે સફાઈ કામગીરી ઝુંબેશ પૂર્વક રોજે રોજ કરવામાં આવી રહી છે. તથા કામગીરીની સઘન મોનીટરીંગ માટે ત્રણ સેનેટરી ઈન્સપેકટર અને વોટર સ્પેશીયાલીસ્ટ અને પ્રાદેશિકની ટીમો દ્વારા દહેગામ નગરપાલિકામાં સખ્ત અટકાયતી પગલા લઈ કામગરી કરવામાં આવી રહી છે.

# છત્તીસગઢના નારાયણપુરમાં સુરક્ષા દળોના કેમ્પ ઉપર નક્સલી હુમલો

## શુક્રવારે છત્તીસગઢના નારાયણપુરમાં નક્સલીઓ દ્વારા કરાયેલા હુમલામાં સુરક્ષા દળોને કોઈ પ્રકારનું નુકસાન થયું નથી : તમામ સૈનિકો સુરક્ષિત છે

। (એજન્સી) નારાયણપુર, તા.૭ ।

છત્તીસગઢના નારાયણપુરમાં આજે શુક્રવારે નક્સલીઓએ સુરક્ષા દળોના કેમ્પને નિશાન બનાવીને હુમલો કર્યો હતો. નક્સલીઓએ નારાયણપુરના ઈરકભટ્ટી કેમ્પ પર દેશી બનાવટના બૉંબ અને રોકેટ લોન્ચરથી હુમલો કર્યો હતો. પરંતુ સુરક્ષા દળો ખૂબ જ સતર્ક રહ્યા હતા અને નક્સલવાદીઓને જડબાતોડ જવાબ આપ્યો હતો. નક્સલી હુમલામાં સુરક્ષા દળોને કોઈ પ્રકારનું નુકસાન થયું નથી. તમામ સૈનિકો સુરક્ષિત છે. પરંતુ સતર્ક જવાનોએ નક્સલવાદીઓની યોજનાને નિષ્ફળ બનાવી દીધી હતી. મળતી માહિતી મુજબ, આ ઘટના કોહકામેટા પોલીસ સ્ટેશન વિસ્તારમાં બની હતી. હકીકતમાં, સુરક્ષા દળોના જવાનોએ અહીં એક કેમ્પ બનાવ્યો હતો. આ દરમિયાન નક્સલવાદીઓએ તેમના કેમ્પ પર હુમલો કર્યો હતો. જે બાદ જવાનોએ પણ હિંમત દાખવીને જવાબી કાર્યવાહી કરી હતી. જવાનોને ભારે પડતાં જોઈને નક્સલવાદીઓ ત્યાંથી ભાગી ગયા હતા. જે બાદ તમામ પોલીસ સ્ટેશન કેમ્પને એલર્ટ કરી દેવામાં આવ્યા હતા. નારાયણપુરના SP પ્રભાત કુમારે હુમલાની પુષ્ટિ કરી છે. ઉલ્લેખનીય છે કે, છત્તીસગઢમાં સુરક્ષાદળોએ નક્સલવાદીઓ વિરુદ્ધ જોરદાર અભિયાન ચલાવ્યું છે. બે દિવસ પહેલા સુરક્ષા દળોએ નક્સલ પ્રભાવિત બીજાપુર જિલ્લામાં નવ



નક્સલવાદીઓની ધરપકડ કરી હતી, જેમાંથી એક પર ૫ લાખ રૂપિયાનું ઈનામ હતું. ઝડપાયેલા નક્સલવાદીઓ પાસેથી વિસ્ફોટકો, દારૂગોળો અને અન્ય વસ્તુઓ મળી આવી હતી. પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે, અન્ય એક ઘટનામાં, સુરક્ષા દળોએ ફરસેગઢ પોલીસ સ્ટેશન વિસ્તારના કુપરેલ અને મંડેમ ગામો નજીકથી પાંચ નક્સલીઓની ધરપકડ કરી હતી, જેઓ ૧૫ મેના રોજ ફરસેગઢ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જના વાહનને લેન્ડમાઈન વડે બ્લાસ્ટ કરવાની ઘટનામાં સામેલ હતા. વિસ્ફોટમાં વાહનને નુકસાન થયું હતું અને સ્ટેશન ઈન્ચાર્જનો આબાદ બચાવ થયો હતો. તેમણે વધુમાં કહ્યું હતું કે, પકડાયેલા માઓવાદીઓ વિસ્તારમાં લેન્ડમાઈન લગાવતા, વસૂલાત કરતા, રસ્તાઓ કાપતા અને બેનરો લગાવતા હતા. અધિકારીઓએ જણાવ્યું કે, આ વિસ્તારમાં નક્સલવાદીઓ વિરુદ્ધ ઓપરેશન ચાલી રહ્યું છે. આ પહેલા ૨ જૂને ૮ નક્સલવાદીઓએ સુરક્ષા દળો સમક્ષ આત્મસમર્પણ કર્યું હતું. જેમાંથી ચારના માથા પર કુલ ૫ લાખ રૂપિયાનું ઈનામ હતું. આત્મસમર્પણ કરનારા આઠ નક્સલવાદીઓમાં ત્રણ મહિલાઓનો સમાવેશ થાય છે જેમને કથિત રીતે રસ્તાઓ કાપવાનું, માઓવાદી પત્રિકાઓ અને પોસ્ટરો લગાવવાનું, સુરક્ષા કર્મચારીઓ વિશે માહિતી મેળવવાનું અને માઓવાદીઓ માટે ગેરકાયદે ખંડણી કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું. આત્મસમર્પણ કરનારાઓમાં મહિલા નક્સલવાદી ૪૨ વર્ષીય વેટ્ટી માસે પર ૨ લાખ રૂપિયાનું ઈનામ હતું. અન્ય ત્રણ નક્સલવાદીઓ સાગર ઉર્ફે દેવા મડકામ, પોડિયામ નંદે અને સોઢી તુલસી પર ૧-૧ લાખ રૂપિયાનું ઈનામ હતું.

**ન્યૂઝ બ્રિફ**

### અન્નુ કપૂરની ફિલ્મ ‘હમારે બારહ’ને રીલીઝની મંજૂરી મળી




। (એજન્સી) મુંબઈ, તા.૭ ।

અન્નુ કપૂરની ફિલ્મ ‘હમારે બારહ’ છેલ્લા ઘણા સમયથી ચર્ચામાં છે. આ ફિલ્મ રીલીઝ પહેલા જ અનેક વિવાદોમાં ફસાઈ હતી. વિવાદોના કારણે મામલો કોર્ટમાં પહોંચ્યો હતો. જેના કારણે કોર્ટે તેની રીલીઝ પર પ્રતિબંધ મુકી દીધો હતો. હવે મેકર્સ અને કલાકારો માટે સારા સમાચાર છે, કારણ કે બોમ્બે હાઈકોર્ટે ફિલ્મને રીલીઝ કરવાની મંજૂરી આપી દીધી છે. અન્નુ કપૂર સ્ટારર ફિલ્મ ‘હમારે બારહ’ને લઈને કોર્ટમાં એક અરજી દાખલ કરવામાં આવી હતી. અગાઉ આ ફિલ્મ ૭ જૂને રીલીઝ થવાની હતી, જેના પર બોમ્બે હાઈકોર્ટે પ્રતિબંધ મૂક્યો હતો અને રીલીઝ ડેટ મોકૂફ રાખવામાં આવી હતી, પરંતુ હવે શુક્રવારે ચુકાદો આપતાં હાઈકોર્ટે કેટલાક ફેરફારો સાથે ફિલ્મને રીલીઝ કરવાની મંજૂરી આપી છે. આ અરજી પર શુક્રવારે સુનાવણી થઈ હતી જેમાં અરજદારે ફિલ્મમાંથી બે ડાયલોગ હટાવવાની માંગ કરી હતી. નિર્માતાઓએ આ માંગ સ્વીકારી લીધી છે. ત્યારબાદ કોર્ટે સેન્સર બોર્ડને ફિલ્મને રીલીઝ કરવાની મંજૂરી આપી અને તેને નવું સર્ટિફિકેટ આપવાનો આદેશ આપ્યો હતો. હવે આ ફિલ્મ નક્કી કરેલી તારીખે જ રીલીઝ થશે. ફિલ્મ ‘હમારે બારહ’માં અન્નુ કપૂર, મનોજ જોશી અને પરિતોષ ત્રિપાઠી મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. આ ફિલ્મની વાર્તા વસ્તી વધારાના ગંભીર મુદ્દા અને તેની અસરો પર આધારિત છે.

### સંસદ સુરક્ષા ભંગ કેસમાં દિલ્હી પોલીસે દાખલ કરી ચાર્જશીટ



। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

સંસદની સુરક્ષામાં ક્ષતિના મુદ્દે દિલ્હી પોલીસે પટિયાલા હાઉસ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી છે. આ સાથે જ એડિશનલ સેશન્સ જજ હરદીપ કૌરની કોર્ટમાં પણ UAPA અને IPCની કલમો હેઠળ ચાર્જશીટ દાખલ કરી હતી. કેસની આગામી સુનાવણી ૧૫ જુલાઈએ થશે. દિલ્હી પોલીસે જેમની સામે ચાર્જશીટ દાખલ કરી છે તેમાં મનોરંજન ડી, લલિત ઝા, અમોલ શિંદે, મહેશ કુમાવત, સાગર શર્મા અને નીલમ આઝાદનો સમાવેશ થાય છે. તમને જણાવી દઈએ કે, પોલીસે લગભગ એક હજાર પાનાની ચાર્જશીટ દાખલ કરી છે. આજે સુનાવણી દરમિયાન પોલીસ તરફથી હાજર રહેલા એડવોકેટ અખંડ પ્રતાપ સિંહે આ મુદ્દે જણાવતા કહ્યું કે, ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૬ અને UAPAની કલમ ૧૩ હેઠળ કાર્યવાહી માટે પરવાનગીની રાહ જોવાઈ રહી છે. તેમણે કોર્ટને જણાવતા કહ્યું કે, આ કેસ બદલ પૂરક ચાર્જશીટ બે અઠવાડિયામાં દાખલ કરવામાં આવશે.



નવી દિલ્હીમાં નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ પાર્લામેન્ટરી પાર્ટીની મીટિંગમાં સેન્ટ્રલ હોલ ખાતે NDA નેતાઓ દ્વારા નરેન્દ્ર મોદીનું સ્વાગત કરીને સ્મૃતિચિહ્ન અર્પણ કરવામાં આવ્યું.

#### ઉત્તપ્રદેશમાં ગંભીર હિટવેવનું એલર્ટ જાહેર

## અનેક રાજ્યોમાં ભારે વરસાદની હવામાન વિભાગે આગાહી કરી

### આગામી ૨-૩ દિવસમાં છત્તીસગઢ-ઓડિશા રાજ્યોમાં ચોમાસું આગળ વધવાની ધારણા : હવામાન વિભાગ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

IMDએ મધ્યપ્રદેશ, ઝારખંડ, પંજાબ, હરિયાણા, બિહાર અને ઓડિશામાં ૧૦ જૂન સુધી હીટવેવની સ્થિતિ રહેશે. એજન્સીએ ઉત્તર પ્રદેશમાં ૮-૧૦ જૂન સુધી ગંભીર હીટવેવની સ્થિતિની ચેતવણી પણ જારી કરી છે. આગામી ૨-૩ દિવસમાં ચોમાસું છત્તીસગઢ અને ઓડિશામાં આગળ વધવાની ધારણા છે. ભારતીય હવામાન વિભાગ એ ૧૦ જૂન સુધી ગોવા, કર્ણાટક, મહારાષ્ટ્ર, આસામ, મેઘાલય, પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં ભારે વરસાદની આગાહી કરી છે. આગાહી મુજબ, કેરળમાં ૯ જૂન સુધી ભારે વરસાદની અપેક્ષા છે; તામિલનાડુ, પુડુચેરીમાં ૭ જૂને ભારે વરસાદ જોવા મળશે; આંધ્ર પ્રદેશમાં ૯ અને ૧૦ જૂને અને તેલંગાણામાં ૧૦ જૂને. “૦૬-૧૦મી દરમિયાન આસામ અને મેઘાલય, પેટા-હિમાલયન પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં છૂટાછવાયા ભારે વરસાદની સંભાવના છે; ૦૮-૧૦ દરમિયાન અરુણાચલ પ્રદેશ; ૧૦મી



જૂન, ૨૦૨૪ ના રોજ નાગાલેન્ડ,’’ IMD એ તેના બુલેટિનમાં જણાવ્યું હતું. IMD એ ૭ જૂને રાજસ્થાનમાં ૫૦ થી ૬૦ કિમી પ્રતિ કલાકની ઝડપે કરા અને તોફાની પવન ફૂંકાવાની પણ આગાહી કરી છે. આગાહી મુજબ, ૭ જૂને ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ અને ઝારખંડમાં હીટવેવની સ્થિતિ યથાવત રહેવાની શક્યતા છે. મધ્યપ્રદેશ, ઝારખંડ, પંજાબ, હરિયાણા, બિહાર અને ઓડિશામાં ૧૦ જૂન સુધી હીટવેવની સ્થિતિ રહેશે.એજન્સીએ ૮ થી ૧૦ જૂન સુધી ઉત્તર પ્રદેશમાં ગંભીર હીટવેવની સ્થિતિની ચેતવણી પણ જારી કરી છે.દરમિયાન, ૭ જૂને ઓડિશા અને બિહારના અલગ-અલગ ભાગોમાં અને પશ્ચિમ બંગાળમાં ૧૦ જૂન સુધી ગરમ અને ભેજવાળું હવામાન રહેવાની શક્યતા.

#### પરીક્ષાનો મામલો હવે સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો

## NEET-UG 2024 પરીક્ષાનો મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો

### ઘણા ઉમેદવારોએ NEET-UG 2024 ની પરીક્ષા નવેસરથી આયોજિત કરે તેવી સરકાર પાસે માગણી કરવામાં આવી

। (એજન્સી) નવી દિલ્હી,તા.૭ ।

NEET UG ૨૦૨૪ પરીક્ષાનો મામલો હવે સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો છે. ઘણા ઉમેદવારોએ NEET-UG, ૨૦૨૪ની પરીક્ષા નવેસરથી આયોજિત કરવાની માગણી સાથે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી છે. આ પરીક્ષા ૫મી મેના રોજ લેવામાં આવી હતી. અરજીમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે, ૫ મેના રોજ લેવાયેલી NEET-UG પરીક્ષામાં ગેરરીતિ આચરવામાં આવી હતી. નેશનલ ટેસ્ટિંગ એજન્સીએ આ તમામ આરોપો પર પોતાની સ્પષ્ટતા રજૂ કરી છે અને પોતાને સુઘડ અને સ્વચ્છ ગણાવી છે. પેપર લીકના ઘણા કિસ્સા અરજદારોના ધ્યાન પર આવ્યા હતા. ઉમેદવારો એવી દલીલ કરી છે કે, કથિત NEET પેપર લીક બંધારણના અનુચ્છેદ ૧૪માં સમાવિષ્ટ સમાનતાના અધિકારનું ઉલ્લંઘન કરે છે, કારણ કે તે કેટલાક ઉમેદવારોને અન્યો કરતાં અન્યાયી લાભ આપે છે જેમણે પરીક્ષાને યોગ્ય રીતે લેવાનું પસંદ કર્યું હતું. માત્ર પેપર લીક જ




નહીં, પરીક્ષાને લઈને ઉમેદવારોએ અન્ય ઘણા આક્ષેપો કર્યા છે. NEET પરીક્ષામાં હાજર રહેલા વિદ્યાર્થીઓને આપવામાં આવેલા ઉચ્ચ કટઓફ અને વળતરના ગુણ અંગે સ્પષ્ટતા આપતાં, NTAએ કહ્યું કે, આ માટે હાઈકોર્ટમાં અનેક રિટ અરજીઓ દાખલ કરવામાં આવી હતી. જેમાં પંજાબ અને હરિયાણા, દિલ્હી અને છત્તીસગઢની અદાલતોએ પરીક્ષામાં લોસ ઓફ ટાઈમ પર ચિંતા વ્યક્ત કરી હતી. જેમાં, ૫ મેના રોજ NEET UGના આયોજન દરમિયાન, કેટલાક પરીક્ષા કેન્દ્રો પર વિદ્યાર્થીઓને મોડું થયું હતું. દ્વછને સબમિટ કરવામાં આવેલી આ ફરિયાદોનું નિરાકરણ કરવાનો નિર્ણય કાળજીપૂર્વક વિચારણા કર્યા પછી લેવામાં આવ્યો હતો.

#### રવીના ટંડને છેવટે મૌન તોડ્યું

## સમર્થન આપનાર પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી

### રવીના ટંડને તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ ઉપર એક પોસ્ટ મૂકીને પોતાના મનના ભાવ વ્યક્ત કર્યા હતા

। (એજન્સી) મુંબઈ, તા.૭ ।

રવીના ટંડને પોતાની સાથે ગયા અઠવાડિયે અમુક લોકોએ કરેલી મારપીટ અને ગાળાગાળી અંગે છેવટે મૌન તોડ્યું છે. રવીનાએ તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ ઉપર એક પોસ્ટ મૂકીને પોતાના મનના ભાવ વ્યક્ત કર્યા છે. રવીના ટંડને તેના ઈન્સ્ટાગ્રામ સ્ટેટસ દ્વારા પહેલી જૂનની ઘટના અંગે તેને સમર્થન આપનાર તમામ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરતાં લખ્યું છે કે, અભૂતપૂર્વ પ્રેમ, વિશ્વાસ અને સમર્થન બદલ આભાર. પહેલી જૂનને શનિવારે રાત્રે રવીના કોઈ કાર્યક્રમમાંથી તેના ઘરે પરત આવી ત્યારે ત્યાં રાત્રે ફરવા નીકળેલા લોકોની ભીડ હોવાથી ડ્રાઈવરને કાર ચલાવવામાં મુશ્કેલી પડી રહી હતી. એ દરમિયાન કાર કેટલીક મુસ્લિમ મહિલાઓની નજીક પહોંચી જતાં



એ મહિલાઓએ બૂમાબૂમ કરી દીધી હતી. ડ્રાઈવરે કાર તરત રોકી દીધી હતી અને રવીના શું થયું એ જોવા કારમાંથી બહાર આવી ત્યારે એ મહિલાઓએ તેની સાથે ઝપાઝપી કરી હતી. તે સમયે વાયરલ થયેલા વીડિયોમાં રવીના એ ટોળાને એવી વિનંતી કરતી સાંભળવા મળી હતી કે, મને મારશો નહીં.આમ છતાં ટોળાએ રવીના અને તેના ડ્રાઈવરને કસુરવાર ગણીને પોલીસમાં ફરિયાદ નોંધાવવા પહોંચી ગયા હતા.

**રવીનાના ડ્રાઈવરે અકસ્માત કરી દીધો હતો અને રવીના પોતે શરાબના નશામાં હતી**

**આ અંગે મુંબઈ ઝોન-૯ના ડીસીપી રાજ તિલક રોશને જણાવ્યું હતું કે, રવીના તેના ઘરે આવી રહી હતી. તેની ગાડી રિવર્સ લેવી પડે એવી સ્થિતિ ઊભી થઈ હતી. એ દરમિયાન પાછળ રહેલી મહિલાઓએ બૂમાબૂમ કરી દીધી હતી. તેમણે ડ્રાઈવરને બેફામ બોલવાનું શરૂ કરી દીધું હતું કે, જોઈને ચલાવી નથી શકતો? ગાડી કોઈ મહિલાને અડી પણ નહોતી છતાં એ મહિલાઓ ગુસ્સે થઈ જતાં રવીના ગાડીની બહાર આવી હતી અને ત્યારે એ મહિલાઓએ અભિનેત્રી પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, થોડી ઝપાઝપી અને બોલાચાલી બાદ મામલો શાંત પડી ગયો હતો અને કોઈ ફરિયાદ દાખલ કરવામાં આવી નહોતી. કોઈને કશી ઈજા પણ થઈ નહોતી, કેમ કે ગાડી કોઈને અડી જ નહોતી. જોકે, કેટલાક લોકોએ આ ઘટનાનો વીડિયો વાયરલ કરીને એવું દર્શાવવાનો પ્રયાસ કર્યો હતો કે, રવીનાના ડ્રાઈવરે અકસ્માત કરી દીધો હતો અને રવીના પોતે શરાબના નશામાં હતી વગેરે. છેવટે ઘટનાના એક અઠવાડિયા પછી ગઈકાલે ગુરુવારે મોડી સાંજે રવીનાએ તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી દ્વારા તેના સમર્થકોનો આભાર માન્યો હતો અને એ દિવસના સીસીટીવી ફૂટેજની તપાસ થવી જોઇએ તેવી માગણી કરી હતી.**

**એકની પાછળ બધા તણાયા હતા**

### ચાર ભારતીય મેડિકલ સ્ટુડન્ટના રશિયામાં ડૂબવાથી મોત નિપજ્યા



। (એજન્સી) મોસ્કો, તા.૭ ।

વિદેશમાં વસતા ભારતીય સ્ટુડન્ટ્સ સાથે ઘણી વખત દુખદ ઘટનાઓ બનતી હોય છે જેમાં તાજેતરમાં રશિયામાં આવી ઘટના બની છે. રશિયાના સેન્ટ પીટર્સબર્ગ નજીક એક નદીમાં ચાર ભારતીય સ્ટુડન્ટ ડુબી જવાથી મૃત્યુ પામ્યા છે. ભારતીય વિદ્યાર્થીઓ એક મેડિકલ કોલેજમાં અભ્યાસ કરતા હતા અને નદી કિનારે ફરવા ગયા હતા. તેમાં નહાતી વખતે એક મિત્ર તણાવા લાગતા બીજા પણ તેને બચાવવા નદીમાં કૂદી પડ્યા હતા, પરંતુ તરતા આવડતું ન હોવાથી તેઓ ડુબી ગયા છે. તમામ મૃતકોની ઉંમર ૧૮થી ૨૦ વર્ષ વચ્ચે હોવાનું જણાવાય છે. મરનારામાંથી ત્રણ સ્ટુડન્ટ મહારાષ્ટ્રના હતા. સ્થાનિક અખબારો લખે છે કે ઈવનિંગ વોક દરમિયાન એક વિદ્યાર્થીની નદીમાં પડી હતી અને ડૂબવા લાગી હતી. તેને બચાવવા જતા બીજા પણ તણાયા છે. કુલ ચાર ભારતીય મેડિકલ સ્ટુડન્ટે આ ઘટનામાં જીવ ગુમાવ્યો છે. ફાયર બ્રિગેડે એક ભારતીય સ્ટુડન્ટનો મૃતદેહ બહાર કાઢ્યો છે જ્યારે બીજા ત્રણના બોડી હજુ નથી મળ્યા. આ ઘટનામાં એક છોકરી પણ તણાઈ હતી જેને બચાવી લેવાઈ હતી અને તેની સારવાર ચાલે છે. જે ચાર ભારતીય વિદ્યાર્થીઓ ડુબી જવાથી મૃત્યુ પામ્યા છે તેના નામ હર્ષલ દેસાળે, જિશન પિંજરી, જિયા ફિરોઝ પિંજરી અને મલિક યાકૂબ હોવાનું જાણવા મળે છે. તેઓ યેરોસ્લાવ નોવરોગોડ સ્ટેટ યુનિવર્સિટીમાં ભણતા હતા અને મેડિકલનો અભ્યાસ કરતા હતા. વેલિકી પાસે તેઓ વોલ્ખોવ નદી પાસે ટહેલવા ગયા હતા અને તેમાંથી એક જણે નદીમાં કૂદવાનું દુ:સાહસ કર્યું હતું જેમાં ચારેય તણાઈ ગયા છે. બીજી એક મહિલા સ્ટુડન્ટ નિશા ભુપેશ સોનવાણે પણ નદીમાં પડી ગઈ હતી પરંતુ તેને બચાવી લેવામાં આવી હતી.

**આત્મહત્યા માટે ઉશ્કેરવા સંબંધિત એક અલગ કેસમાં આરોપો દાખલ કર્યા**

### પુણે પોર્શ કેસ મામલે કિશોરના પિતા દાદા સામે અન્ય ત્રણ સામે ફરિયાદ



। (એજન્સી) પુણે, તા.૭ ।


પૂણે પોલીસે ચંદનનગર પોલીસ સ્ટેશનમાં સ્થાનિક વેપારીના પુત્રને આત્મહત્યા માટે ઉશ્કેરવા બદલ પૂણે કાર અકસ્માત કેસમાં કિશોર આરોપીના પિતા અને દાદાની સાથે અન્ય ત્રણ સામે ગુનો નોંધ્યો હતો. પુણે પોલીસે ૧૯ મેના પોર્શ કાર અકસ્માતમાં સંડોવાયેલા કિશોરના પિતા અને દાદા અને અન્ય ત્રણ સામે શહેરમાં એક વેપારીના પુત્રને આત્મહત્યા માટે ઉશ્કેરવા સંબંધિત એક અલગ કેસમાં આરોપો દાખલ કર્યા છે. મળતા અહેવાલ અનુસાર પૂણેના વડગાંવ શેરી નજીકના બાંધકામ વ્યવસાયના માલિક ડીએસ કાતુરે વિનય કાલે વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. કાતુરેના પુત્ર શશિકાંત કાતુરે બાંધકામ માટે કાલે પાસેથી પૈસા ઉછીના લીધા હતા. “તેઓ સમયસર લોન ચૂકવી શક્યા ન હતા તે પછી, કાલે કથિત રીતે મૂળ રકમમાં ચક્રવૃદ્ધિ વ્યાજ ઉમેરવાનું અને શશિકાંત કાતુરેને હેરાન કરવાનું શરૂ કર્યું. સતત ઉત્પીડનથી કંટાળીને શશિકાંત કાતુરે આ વર્ષે જાન્યુઆરીમાં આત્મહત્યા કરી લીધી હતી,’’ તેઓએ કહ્યું. શહેરના ચંદનનગર પોલીસ સ્ટેશનમાં વિરુદ્ધ IPC કલમ ૩૦૬ (આત્મહત્યા માટે ઉશ્કેરણી) અને ૫૦૬ (ગુનાહિત ધમકી) હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો.

# તંત્રી લેખ...

## શાસ્ત્રોમાં મનુષ્ય જીવનનું સર્વોપરી લક્ષ્ય તરીકે માનવામાં આવ્યું છે

મનુષ્ય બે પગ વડે ચાલતું, હાથ વડે કાર્ય કરી શકતું, કુટુંબમાં રહેતું, આંચળ ધરાવતું, વિચારશીલ, તર્કશીલ તેમ જ બુદ્ધિમાન સામાજીક પ્રાણી છે. આ બ્રહ્માંડમાં પૃથ્વી સિવાય કોઈપણ ગ્રહ પર મનુષ્ય હોવાના પુરાવા હજુ સુધી મળ્યા નથી. મનુષ્યે આ પૃથ્વી પર રહેલા સજીવોમાં પોતાની સર્વોપરીતા સાબિત કરેલ છે. સાધનાના માર્ગ પર ચાલીને જ્ઞાનોદયના લક્ષ્યને પ્રાપ્ત કરવું તથા પોતાના અસ્તિત્વની અનુભૂતિ કરવી મોટાભાગે તમામ શાસ્ત્રોમાં મનુષ્ય જીવનનું સર્વોપરિ લક્ષ્ય માનવામાં આવ્યું છે. બુદ્ધ શબ્દનો અર્થ છે આંતરિક રૂપે જાગૃત વ્યક્તિ. સંયમિત જીવનચર્યા, સાધના, યમ-નિયમના અનુષ્ઠાનથી મહાત્મા બુદ્ધે આ જ આંતરિક બોધ પ્રાપ્ત કર્યો હતો. સાંસારિક સમસ્યાઓ તથા ભૌતિક પ્રકૃતિના પાશોમાં ગૂંચવાઈને મનુષ્ય આંતરિક આનંદના માર્ગ પર ચાલવામાં હંમેશાં અસમર્થ રહેતો હોય છે. માનસિક જગતની સંપૂર્ણ સમસ્યાઓનું સમાધાન આ જ ભીતરની જાગૃતિ તથા આત્મબોધમાં સમાયેલું છે. સાંસારિક લોભ, પ્રલોભનો અને તૃષ્ણાના ચક્રવ્યૂહથી પ્રતિપળ સચેત રહેને જ બુદ્ઘત્વને પ્રાપ્ત કરી શકાય છે, પરંતુ સાંસારિક ભૌતિક પદાર્થોમાં આપણી તીવ્ર અનુરક્તિ, હું અને મારું નોં ભાવ મનુષ્યને ભીતરના આનંદથી હંમેશાં દૂર રાખે છે. મનસા વાચા કર્મણા પવિત્રતાને આત્મસાત કરતાં ભીતરના આનંદ તરફ આગળ વધી શકાય છે. બુદ્ઘ કરુણા, દયા, પ્રેમ, વૈરાગ્ય તથા એકાગ્રતાના પ્રતીક છે. પોતાના જીવનમાં આ દિવ્ય માનવીય સંવેદનઓનું સંચય કરવું જ બુદ્ઘનો સંદેશ છે. આધ્યાત્મિક, દૈવી અને ભૌતિકના દુ:ખોથી નિવૃત્તિ આંતરિક જાગૃતિથી જ સંભવ થઈ શકે છે. બુદ્ઘ આપણને ખુદના અસ્તિત્વ સાથે જોડાવાનું શીખવે છે. ખુદને જાણ્યા વિના બહારની તમામ ભાગદોડ વ્યર્થ છે. બુદ્ઘત્વ આત્મિક અને માનસિક ઉન્નતિનો માર્ગ છે. જીવનના પ્રત્યેક કર્મને આપણે સજાગતા સાથે વિવેકવાન બનીને તથા આંતરિક રૂપે જાગૃત થઈને કરીએ. બુદ્ઘ જેવી સાધના નિષ્ઠ વિભૂતિઓ મનુષ્યને આધ્યાત્મિક આનંદ તરફ આગળ વધવાની પ્રેરણા આપે છે. બુદ્ઘત્વના અનુસરણથી જ સંપૂર્ણતાનો માર્ગ પ્રશસ્ત થાય છે. આ જ આંતરિક સંપૂર્ણતાથી મનુષ્યનું જીવન આધ્યાત્મિક ઉલ્લાસ અને આનંદથી પરિપૂર્ણ થાય છે. માણસ સુખ-દુ:ખનો અનુભવ કરી શકે છે.

## તેમનો પ્રભાવ નજરે જોવાથી-સાંભળવાથી ત્રૈલોક્યના સ્વામી પણાનું અભિમાન ટળી જાય



એકવાર ઈન્દ્રને અભિમાન થઈ ગયું કે તેઓ ત્રણેય લોકના સ્વામી છે. બ્રાહ્મણ મને યજ્ઞમાં આહુતિ આપે છે, દેવતા ઉપાસના કરે છે. છતાં આપણે સામાન્ય બ્રાહ્મણ બૃહસ્પતિથી આટલા કેમ ડરવું? ગુરુ બૃહસ્પતિ સભામાં આવ્યા તો ઈન્દ્ર અને અન્ય દેવતા પોતાના સ્થાનેથી ઊભા ન થયા. બૃહસ્પતિ ઈન્દ્રનો ભાવ સમજી ગયા અને એ જ સમયે પાછા ફરી ગયા. આ વાત અસુરોને ખબર પડી. તેમણે પોતાના ગુરુ શુક્રાચાર્યની અનુમતિથી સ્વર્ગ પર હુમલો કરીને અધિકાર કરી લીધો. ઈન્દ્ર દોડતા બ્રહ્મા પાસે પહોંચ્યા. તેમણે કહ્યું, 'ત્વષ્ટાના પુત્ર વિશ્વરૂપને પોતાના પુરોહિત બનાવીને કામ ચલાવો.' પરંતુ વિશ્વરૂપ પોતાનો હિસ્સો અસુરોને પણ આપતા હતા, તેનાથી અસુરોની તાકાત ઓર વધી ગઈ. ઈન્દ્રને આ વાત ખબર પડી તો તેમણે પાછળથી વિશ્વરૂપનું માથું કાપી લીધું. તેનાથી ઈન્દ્રને બ્રહ્મહત્યાનું પાપ લાગ્યું. આ વાત ત્વષ્ટા ઋષિને ખબર પડી તો તેમણે ઈન્દ્રને મારવા માટે વૃત્રાસુરને ઉત્પન્ન કર્યો. બ્રહ્મો ઈન્દ્રને કહ્યું કે નૈમિષારણ્યમાં મહર્ષિ દધીચિ તપસ્યા કરી રહ્યા છે, તેમનાં હાડકાંથી તમે તમારું વજ્ર બનાવી લો તો જ વૃત્રાસુર મરશે. ઈન્દ્રએ મહર્ષિ દધીચિને પ્રાર્થના કરી, તો તેમણે ઈન્દ્રને કહ્યું કે દેહ છોડતાં પહેલાં હું બધાં તીર્થ કરવા માગું છું. ઈન્દ્રએ તમામ તીર્થ નૈમિષારણ્યમાં જ બોલાવી લીધાં. ત્યારબાદ ઈન્દ્રએ તેમનાં હાડકાંમાંથી વજ્ર બનાવીને વૃત્રાસુરનો વધ કર્યો. ભગવાને ગોવર્ધન પર્વતનું ધારણ કરતાં ઈંદ્ર ભયને લીધે સ્વર્ગમાંથી ભગવાનની પાસે આવ્યો, અને ભગવાને વરસાદથી વ્રજની રક્ષા કરતાં કામધેનુ હર્ષને લીધે ગોલોકમાંથી ભગવાનની પાસે આવી. અપરાધથી લજ્જા પામેલા ઈંદ્રે એકાંતમાં મળીને પોતાના તેજસ્વી મુગટથી ભગવાનના ચરણનો સ્પર્શ કર્યો. અપાર તેજવાળા શ્રીકૃષ્ણનો પ્રભાવ નજરે જોવાથી અને સાંભળવાથી જેને ત્રૈલોક્યના સ્વામી પણાનું અભિમાન ટળી ગયું, એવો ઈંદ્ર હાથ જોડીને સ્તુતિ કરી. ઈંદ્ર સ્તુતિ કરે છે- હે કૃષ્ણ ! તમારૂં ધામ સત્વ, રજ, અને તમ આ ત્રણ માયાના ગુણોથી પરાભવ પામેલું નથી. માટે વિશુદ્ધ સત્વમય કહેલું છે. એટલા જ માટે રાગ દ્વેષાદિ દોષોથી રહિત છે, અને એ ધામ તમારી ઉપાસનારૂપી તપ થી પામવા યોગ્ય છે. અને વળી તમારો જે આ માયામય સંસાર તથા સંસારનું મૂળકારણ કર્માનુબન્ધ જે તમારા ધામમાં નથી. તો પછી શરીરગ્રહણના સંબન્ધેપ્રાપ્ત થતા અને ફરીવાર શરીરસંબન્ધને આપનારા, તથા અજ્ઞાનપણાને સૂચવનારા લોભાદિક દોષો તમારા સ્વરૂપમાં હોય જ ક્યાંથી ? ન જ હોય. તોપણ તમે ધર્મના રક્ષણને માટે અને ખળપુરૂષોના નિગ્રહને માટે દંડનું ધારણ કરો છો. જગતના પિતા, ગુરૂ, ઈશ્વર અને પ્રબળકાળરૂપ આપ જગતના ઈશ્વરપણાનું અભિમાન ધરાવનારા અમારા જેવાના માનનો ભંગ કરી, હિત કરવાને માટે દંડનું ગ્રહણ કરી, પોતાની ઈચ્છા પ્રમાણે ધરેલા અવતારોથી લીલા કરો છો. જગતના ઈશ્વરપણાનું અભિમાન ધરાવનારા મારા જેવા મૂર્ખ લોકો ભયના સમયમાં પણ નિર્ભય એવા આપને જોઈ, તરત જ તે અભિમાનને છોડી દેતાં ગર્વ રહિત થઈને ઉત્તમ માર્ગ પકડે છે, માટે આપની જે લીલા છે તે જ ખળ પુરૂષોને દંડરૂપ છે. હે પ્રભુ ! એટલા જ માટે હું ઐશ્વર્યના મદથી ઘેરાએલો તમારો અપરાધી, તમારા પ્રભાવને નહીં જાણનાર અને મૂઢ બુદ્ધિવાળો છું, તેથી મારા ઉપર આપે ક્ષમા કરવી જોઈએ, અને માગું છું કે ફરીવાર મારી આવી દુષ્ટબુદ્ધિ ન થાય.

---

**હનુમાનજી જ્યારે કાશી શિવલિંગ લેવા માટે આવ્યાં, ત્યારે ભગવાન મહાદેવ અને કુંભજ ઋષિ સત્સંગ કરી રહ્યા હતાં**

# તુલસીદાસજી ધર્મની વ્યાખ્યા કરતા કહે છે, જે જોડે છે એ જ ધર્મ છે! અને જે તોડે છે એ અધર્મ!



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**નીલકંઠ એટલે કે વિષધર છો, છતાં આપ કોઈને પણ દંશ દેતા નથી, કોઈને મારતા નથી, આપ વિશ્વનું કલ્યાણ કરનારા છો, મુનિઓના ધ્યાનમાં આપ મહા મહેનતે આવો છો, આપ સમગ્ર ભૂત મહાયોની છો, ત્યાંથી જ સમગ્ર બ્રહ્માંડ પ્રગટ થાય છે, આપ ન હોત તો આ સૃષ્ટિ ન હોત, એવા ભગવાન શિવનું સ્મરણ કરતા કરતા વિરામ તરફ જઈ રહેલી કથા ને આગળ વધારી.**



કૈવલ્ય ઉપનિષદના શ્લોકથી નવમા દિવસની કથાની શરૂઆત કરી, અને શિવ શું છે એ કહ્યું. શિવ અરૂપ છે, એટલે કે નિરાકાર છે, એ લિંગ સ્વરૂપે છે, પરમસુન્ય છે, અને પરમ શૂન્યમાં સમસ્ત બ્રહ્માંડ પેદા કરે છે. શિવ અદભુત છે, અવધૂત છે, અને અનુભૂત, પણ છે ઉમાશંકર ગૌરીશંકર ભવાની શંકર, પાર્વતી પરમેશ્વર, એ પણ એક સેતુ છે. ઉપનિષદ કહે છે આપ આદિ, મધ્ય, અને અવસાનથી મુક્ત છો, આપનો અંશ માત્ર બ્રહ્મવૈવર્ત છે,આપ વિભુ છો, પ્રભુ છો, સર્વ સમર્થ છો, આપ કંઈ પણ કરી શકો છો, ત્રિલોચન છો, આપના ત્રણ નેત્ર છે. નીલકંઠ એટલે કે વિષધર છો, છતાં આપ કોઈને પણ દંશ દેતા નથી, કોઈને મારતા નથી, આપ વિશ્વનું કલ્યાણ કરનારા છો. મુનિઓના ધ્યાનમાં આપ મહા મહેનતે આવો છો. આપ સમગ્ર ભૂત મહાયોની છો, ત્યાંથી જ સમગ્ર બ્રહ્માંડ પ્રગટ થાય છે. આપ ન હોત તો આ સૃષ્ટિ ન હોત, એવા ભગવાન શિવનું સ્મરણ કરતા કરતા વિરામ તરફ જઈ રહેલી કથા ને આગળ વધારી. પૂજ્ય બાપુએ કહ્યું કે રામેશ્વરની સ્થાપના માટે જુદી જુદી કથાઓ મળે છે, અને એમાં એક કથા એવી છે કે જેમાં હનુમાનજીને કહેવામાં આવ્યું, કે આપ કાશી જઈને શિવલિંગ લઈ આવો. હનુમાનજી જ્યારે કાશી શિવલિંગ લેવા માટે આવ્યાં, ત્યારે ભગવાન મહાદેવ અને કુંભજ ઋષિ સત્સંગ કરી રહ્યા હતાં, અને રાહ જોવામાં હનુમાનજીને મોડું થયું. શિવ અને કુંભજ એક બહુ મોટો સેતુ છે, શિવને કથા સાંભળવાની ઈચ્છા થાય છે, તો તેઓ ખૂબ જ પાસે જાય છે, અને કુંભજ ને શીવના દર્શન કરવાની ઈચ્છા થાય છે, તો એ કાશી જાય છે, બંને ભક્તિનો સત્સંગ કરે છે. ગુરુકૃપાથી થોડું રહસ્ય ઉકેલીએ, તો શિવ કુંભજના પૂજ્ય છે, પૂજે ઋષિ અખીલેશ્વર જાની. માનસના આધારે જોઈએ તો શિવજી કુંભજ માટે પૂજ્ય છે, અને રામેશ્વર સાથે જોડાયેલી જે કથા છે, એ રામ માટે શિવ ખૂબ જ પ્રિય છે, એટલે પ્રિયતા અને પૂજ્યતાનો સેતુ બન્યો છે. આપણે ઘણા લોકોને પૂજ્ય સમજીએ છીએ, પરંતુ પ્રિય નથી સમજતાં, જેમ કે એક મિત્ર આપણને પ્રિય હોય છે, પણ એ જ રીતે આપણા નગરમાં કે શહેરમાં કોઈ મહાપુરુષ આવ્યા હોય, ધર્માચાર્ય આવ્યા હોય તો એ આપણી માટે પૂજનીય છે, પણ પ્રિય હોય એવું બિલકુલ જરૂરી નથી. આપણે એને આદર આપીએ છીએ, પૂજિયે છીએ, એમના ચરણસ્પર્શ કરીએ છીએ, પણ પ્રેમ કરતા નથી. પરંતુ શિવ અને કુંભજ વચ્ચેનો સેતુ એવો છે, જ્યાં કુંભજ માટે શિવ પૂજ્ય છે, અને એ જ રીતે શિવ માટે કુભંજ ખૂબ જ પ્રિય છે. આ જ વાત રામેશ્વરની પણ છે, લિંગ થાપી વિધિવત કરી પૂજા, ભગવાન રામે લિંગની સ્થાપના કરી, અને વિધિવત પૂજા કરી, પછીને અર્ધાલીમાં કહ્યું, શિવ સમાન પ્રિય મોહિ ન દુજા, તો આ પ્રિયતાને પૂજ્યતાની વચ્ચેનો સેતુ છે. પૂજામાં વિધિ હોય છે કોઈ વસ્તુ પદાર્થ જોઈએ, જ્યારે પ્રિયતામાં એટલે કોઈ જ વસ્તુ ચીજ જોઈતી નથી. એકમાં ચરણને સ્પર્શ થાય છે, જ્યારે બીજામાં હાથને સ્પર્શ કરવામાં આવે છે. આપણે વ્યવહારમાં જેટલા સેતુ પ્રસ્થાપિત કરી શકે એટલા કરીએ! પણ માનસ સંદેશ આપ્યો છે કે પૂજ્યતા અને પ્રિયતા વચ્ચે સેતુ રચવાનો. આપણા બુદ્ધ પુરુષ કે સદગુરુ ના ડાયરામાંથી બહાર જવું નહીં, એ ગમે ત્યારે બારણું ખોલી શકે એની ગલીની બહાર ગયાં, તો પછી ક્યાંય ના નહીં! એ આપણી સામે જુએ કે ના જુએ, બોલાવે કે ન બોલાવે, પણ એનો મતલબ એવો નથી કે નજીકમાંથી તમે નીકળી ગયાં. બુધ પુરુષ એકવાર કોઈનો ચહેરો જોઈ લે એનો એક્સરે લઈ લે છે પછી એ ભૂલતા નથી. કુભંજ ઋષિ અને ભગવાન શિવનો સત્સંગ ચાલી રહ્યો છે, હનુમાનજી શિવલિંગ લેવા આવ્યા છે. એ બહાર ઊભા રહી ગયાં, કારણકે કોઈ બે વ્યક્તિ વાત કરતી હોય તો એમ જ અંદર જવું એ શિષ્ટાચાર વિરુદ્ધ છે, અને ત્યાં જઈને વિક્ષેપ કરવો એ યોગ્ય ન લાગતા થોડીવાર ઊભા રહેવું એમ સમજી હનુમાનજી ઉભા રહ્યાં, પરંતુ ભગવાન શિવ અને કુંભજ ને બહુ વાર લાગી. આ બાજુ મૂરત વિતવા લાગ્યું, મુનિઓ બોલ્યા કે રામ જ્યારે શિવલિંગને સ્પર્શ કરે, ત્યારે એ શુભ મુહૂર્ત જ છે! કંબ રામાયણ પ્રમાણે સીતાજીએ રેતીનું શિવલિંગ બનાવાયું હતું. એટલે સ્ત્રી શિવલિંગની પૂજા કરી જ શકે! એક પ્રશ્ન આવ્યો છે કે બાપુ ઘરમાં નવજાત શિશુનો જન્મ થયો હોય, તો ઘરના મંદિરમાં બાલકૃષ્ણ કે શિવલિંગની પૂજા થાય?? બાપુ એ કહ્યું થાય ને થાય જ! મને પૂછવામાં આવ્યું છે, એટલે હું કહીશ કે જો પૂજા ન થાય તો એ આપણા ઘરમા જન્મ લઈને આવેલી ચેતનાનું અપમાન છે! નયા હે જમાના, નહી રોશની હે, હિંમતપૂર્વક કેટલાક પરિવર્તનો કરવા પડશે, મૂળને પકડીને થોડા નવા ફૂલ ખીલવવા પડશે. તો અહીં ભગવાન રામે શિવલિંગ બનાવી પૂજા કરી લીધી અને અચાનક મહાદેવની દ્રષ્ટિ મારુતિ પર ગઈ હનુમાનજી આપ?; એમણે કહ્યું મહારાજ ક્યારનો આવ્યો છું પરંતુ આપ સત્સંગમાં હતા મારા ઠાકોર રામેશ્વર ભગવાનની સ્થાપના કરી રહ્યા છે અને એની માટે શિવલિંગ લેવા મને અહીં મોકલ્યો છે પ રંતુ હવે તો ઘણું મોડું થઈ ગયું અને મુરત પણ જતું રહ્યું શું થશે? ભગવાન મહાદેવ તરત જ શિવલિંગના રૂપમાં તૈયાર થયા હનુમાનજીએ લઈ આવ્યા પરંતુ અહીં પૂજા પૂરી થઈ ગઈ હતી એટલે એની બાજુમાં એની સ્થાપના કરી. રામેશ્વર સ્થાપનાની બીજી એક કથા છે, કે હનુમાનજી શિવલિંગ લેવા કાશી ગયાં, અને શિવલિંગ લઈને પાછાં ફરતાં હતાં તો વચ્ચે ભૈરવ ઉભો રહી ગયો, એણે કહ્યું કે શિવજી તો અમારા છે! એને તું ક્યાં લઈ જાય છે? ભૈરવ કહે મહાદેવ અમારા કાશીના છે, હનુમાનજીએ કહ્યું તું મને રોકનાર કોણ? શિવલિંગ શિવલિંગની જગ્યાએ, અને કાશીમાં બહુ મોટું યુદ્ધ થઈ ગયું. ભગવાન મહાદેવ એ વિશ્વનાથના મંદિરમાં સાંભળ્યું કે આવા જ કેમ થઈ રહ્યો છે આ કોણ આવ્યું છે તપાસ કરી તો, તો શિવ ના દૂતોએ કહ્યું મહારાજ ભગવાન રામેશ્વર ની સ્થાપના કરી રહ્યા છે એટલે શિવલિંગ લેવા આવ્યા અને ભૈરવ કહે હું કેમ લઈ જવા દઉં શિવ અમારા કાશીના છે શિવજીએ વિચાર્યું કે હનુમાનજી પણ મારા ભૈરવ પણ મારો કાશી પણ મારી હવે શું કરું! શિવજી વચ્ચે પડ્યા અને કહ્યું લડવાનું બંધ કરો એક રૂપથી હું કાશીમાં રહું અને એક રૂપથી હું રામેશ્વરમાં રહું આવી રીતે ભગવાન કાશી વિશ્વનાથ એ સેતુ રચ્યો! ધર્મની વ્યાખ્યા શું કરવી? એ પ્રશ્નના જવાબમાં કહ્યું કે ધર્મને દ્વાર કહ્યું છે, કોઈએ ધર્મને ખીડકી કહી છે, તત્વતઃ ધર્મ અનંત છે. પરંતુ ધર્મના ચાર ચરણ છે, સત્ય, દયા, દાન, તપ, એ મુજબ ધર્મ ન દૂસર સત્ય સમાન! બીજી પરમ ધર્મ શ્રુતિ વિવિધ અહિંસા! પરહિત સરસી ધર્મ નહીં ભાઈ! અને દયા સમાન કોઈ ધર્મ નથી. એટલે ધર્મની ઘણી બધી પરિભાષાઓ થઈ શકે, આપણને જે માફક આવે એ સ્વીકારી ને આપણે એ મુજબ જીવવું. પણ કૃષ્ણ અર્જુનને કહે છે કે, "સર્વ ધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ" બધા જ ધર્મ છોડી મારા શરણે આવી જા! પણ તુલસી આ રામેશ્વરની સ્થાપના કરી ધર્મની વ્યાખ્યા કરતા કહે છે જે જોડે છે એ જ ધર્મ છે, અને જે તોડે છે એ અધર્મ! પછી કથાના ક્રમમાં સેતુ બની ગયો, પ્રભુ એને જોઈ ખૂબ પ્રસન્ન થયા. પ્રભુ વાનર સેના સાથે લંકા પહોંચે છે, અને સુબેલ શિખર પર પ્રભુએ ડેરો નાખ્યો છે. રાવણ સાથે યુદ્ધ થયું તેની નાભિમાં એકત્રીસ બાણ મારી એને મુકતિ આપી. વિભીષણ ને લંકાની રાજગાદી સોંપી. સીતા ને લઈ પુષ્પક વિમાન દ્વારા પ્રભુ અયોધ્યા તરફ પ્રસ્થાન કરે છે. પહોંચવામાં વિલંબ થશે! તો ભરત એનાં પ્રાણ આપી દેશે! એટલે હનુમાનજીને પહેલાં અયોધ્યા તરફ જવા કહ્યું, અને હનુમાનજી ભારતનાં પ્રાણ બચાવે છે. બધાજ અયોધ્યા પાછા ફરે છે, અયોધ્યામાં પ્રભુ પાછાં ફર્યા એનો ઉત્સવ ઉજવાઈ રહ્યો છે. કુલગુરુ વશિષ્ઠ ની સલાહથી એ જ સમયે ભગવાનનો રાજ્યાભિષેક ઘોષિત થયો! ચૌદ વર્ષ પહેલાં જે પહેરવાનું હતું એ બધું જ પ્રભુ શ્રી રામ અને મા જાનકી પહેરે છે અને રાજ સિંહાસન પર બીરાજમાન થાય છે. પછી ટૂંકાણમાં ઉત્તર કાંડ એટલે કે ભૂષંડીજીની કથા કહી કથાની પૂર્ણાહુતિ કરે છે.

---


**જ્યારે વ્યક્તિ પોતાના દિમાગને કેદ કરી લે છે તો સચ્ચાઈ નું અનુ સંધાન આપોઆપ બંધ થઈ જાય છે**

# ત્રણ વાતે બંધન બંધે, રાગ, દ્વેષ અને અભિમાન! ત્રણ વાતે બંધન ખુલે શીલ, સમાધિ અને જ્ઞાન!!



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**ભારતીય સંસ્કૃતિમાં તો તેનું સિંચન નાનપણથી જ થાય છે કેટલાક સંપ્રદાયમાં મૂર્તિ આકાર કે અગ્નિવાયુ જળ તરીકે પણ પૂજાય છે, આજે કહેવાતા કેટલાક સુધારેલા પરિવારમાં માતા પિતા વૃદ્ધાશ્રમમાં કે અનાથાશ્રમમાં પોતાની બાકીની જિંદગી જીવી રહ્યા છે.**



ટીઆરપી ગેમઝોન રાજકોટના અગ્નિકાંડ બાદ મૃતકોની ઓળખ વિધિ માટે ડીએન ટેસ્ટ કરવાની જરૂરિયાત રહી લોહીનો સંબંધ છે એકમેક પ્રત્યે લાગણી તો રહેવાની જ બસ આજ ડી.એન. દ્વારા નાશ પામેલા શરીરના અવશેષમાં પણ લોહીના સંબંધ જાહેર થઈ શકે. પૃથ્વી લોક પર કુદરતી શક્તિ કોઈને કોઈ સ્વરૂપમાં ચોક્કસ કામ કરે છે.ભારતીય સંસ્કૃતિમાં તો તેનું સિંચન નાનપણથી જ થાય છે કેટલાક સંપ્રદાયમાં મૂર્તિ આકાર કે અગ્નિવાયુ જળ તરીકે પણ પૂજાય છે. આજે કહેવાતા કેટલાક સુધારેલા પરિવારમાં માતા પિતા વૃદ્ધાશ્રમમાં કે અનાથાશ્રમમાં પોતાની બાકીની જિંદગી જીવી રહ્યા છે.શું પુત્ર પ્રાપ્તિ અને તેનું પોષણ સંસ્કારમાં કંઈ ખામી રહી ગઈ હશે કે શિક્ષણનો અતિરેક શું સમજી શું..વૃદ્ધાશ્રમો અનાથશ્રમોની મુલાકાત લેશો તો ખ્યાલ આવશે કે આ સંતાનો.. કે જેમના માટે આ ડોશી કે ડોસાએ આખી જિંદગી રાતદિવસ જોયા વગર વેડફી નાખીને આજે અંતિમ દિવસો પરિવાર સાથે આનંદ કિલ્લોલમાં પસાર કરવાને બદલે કોઈના દાન પૂણ્યના આધારે એકલવાયી જિંદગી જીવવાની?? આ વૃદ્ધ મા બાપની આંતેડી હદય નો કકળાટ એ સુખી સંપન્ન થઈ ગયેલા પુત્ર-પરિવારને ક્યારે સાચી સુખ શાંતિ આપતાં નથી. આપણે આજે લેખની શરૂઆતમાં કેટલીક વ્યથા કથા રજુ કરી.. હવે સરકાર જાગૃત બની છે નવ શૈક્ષણિક વર્ષથી ધોરણ-૬ થી ૧૨માં ભગવદ્ ગીતા જ્ઞાન શાળાઓમાં બાળકોને અભ્યાસ આપશે જેનાથી સંસ્કારના બીજનું નવી પેઢીમાં સિંચન થાય વૃદ્ધાશ્રમની સંખ્યા ઘટે કે વૃદ્ધાશ્રમ મુક્ત રાષ્ટ્ર બને.આવો આપણે આગળની વાત કરીએ આપ ણા મા-બાપથી વારસામાં જેવી રીતે પોતાનો ચહેરો મહોરો અને બોલી-ભાષા મેળવી એ છીએ, તેવી જ રીતે વારસામાં ડી.એન. મળે છે.અંધ વિશ્વાસ અને અંધ માન્યતાઓ પણ મેળવીએ છીએ.અંધભક્તિ નો ભાવાવેશ મેળવીએ છીએ. સાંપ્રદાયિકતાનું આતંકભર્યું પ્રલોભન પણ મેળવીએ છીએ જે આપણી અંધમાન્યતાઓની જકડ ને મજબૂત બનાવે છે. પરંતુ સાથે સાથે માનવીય બૌદ્ધિક સંપદાના બી પણ પામીએ છીએ. આપણે આપણા મા-બાપથી પ્રાપ્ત ચહેરો-મહોરો નથી બદલી શકતાં,પરંતુ આ માન્યતાઓને પોતાની બુદ્ધિના પ્રયોગથી અને પોતાની અનુભૂતિ ઓનાં બળ પર અવશ્ય બદલી શકીએ છીએ. જેટલી કામની હોય તેટલી રાખી શકીએ છીએ, જે નકામી હોય તેને ઉખાડીને ફેંકી શકીએ છીએ.બુદ્ધિનો બિલ્કુલ ઉપયોગ ન કરીએ સ્વાનુભૂતિઓ નો જરાપણ અભ્યાસ ન કરીએ તો વિના સમજે એ અંધ માન્યતા ઓને પોતાના ચહેરા-મહોરાની જેમ એવી જ બનાવી રાખવાના દરેક સંભવિત પ્રયત્ન કરીએ છીએ જ્યાં સંપ્રદાયનું પોષણ થાય છે ત્યાં સાંપ્રદાયિક નેતા સત્યને સમીપ નથી આવવા દેતા.જે આપણે સૌએ જોયું અને હજુ જોવાનું છે.કળિયુગમાં સત્યની કદર ના થાય જુઠાણું જ વધુ ચાલે સચ્ચાઈ ને તર્કની કસોટી પર પણ કસવા નથી દેતા.અનુભૂતિઓ પર ઉતારવું તો બહુ દૂરની વાત છે. કહે છે ધર્મમાં અક્કલની દખલ નથી હોતી. કેવો ધર્મ છે આ જેમાં અક્કલને સ્થાન ન હોય?વિના અક્કલ, વિના બોધિનો ધર્મ, ધર્મ કેવી રીતે થયો? હા, એ ઠીક કે સંપ્રદાયમાં અક્કલની દખલ નથી હોતી, કેમ કે અકકલ આવતાં જ સંપ્રદાયના ટુકડા ટુકડા થઈ જાય છે.ત્યાં તો અંધવિશ્વાસ જ પોષાય છે,અનૃતની ધરાતલ પર અધર્મ જ પોષાય છે. ધર્મ ન પોષાઈ શકે. જ્યારે વ્યક્તિ પોતાના દિમાગને કેદ કરી લે છે તો સચ્ચાઈ નું અનુ સંધાન આપોઆપ બંધ થઈ જાય છે. ધર્મના જાણે પગ કપાઈ જાય છે. તેની આંખો ફૂટી જાય છે અને તે લંગડો અને અંધ બની સંપ્રદાય બની જાય છે. માણસે ત્યારે ત્યારે સત્યની શોધ કરવી મૂકી દીધી જયારે જ્યારે બાબા વચન પ્રમાણ વાળું ગુરુડ તેની સામે દિવાલ બની ને ઊભું રહી ગયું. હવે કેન્દ્રમાં સરકારની રચના થવાની ઘડીઓ ગણાઈ રહી છે ત્યારે કોઈપણ સંકુચિત બુદ્ધિ વાળા સાંપ્રદાયિક નેતાને એ જ ભય રહે છે કે મારા વાડાનું એક પણ ઘેટું વાડો તોડીને કોઈ બીજાના ભાડામાં ન જાય મારા સઘળા અનુભવનો ઘેટા બકરા અને ગાય ભેંસ જેવો અંધાનુ કરણ વાળો સ્વભાવ બની રહે એટલે જ તે તેમના પર પોતાની સાંપ્રદાયિક માન્યતાઓનો ઘેરો નશો ચડાવેલો રાખે છે અનેક અને અસંગત વાતોને માનવા માટે મજબૂર કરતો રહે છે ન માનો તો નારકીય પીડાઓનો આતંક અને માને તો મુક્તિ મોક્ષનું પ્રલોભન દેતો રહે છે શું દશા થઈ ગઈ છે આપણી મનન ચિંતનનો સ્વભાવ શું કોઈ બેઠા છે જાણે અંધ સંપ્રદાયના ભૂતને શિર પર સવાર કરી લીધો. આપણા આપણા ધર્મ ગ્રંથોને વિના વિચાર્યે સમજે સત્ય માનીએ અને બીજા ધર્મગ્રંથોને વિના વાંચ્યે અસત્ય જ માનીએ આવો ભાવાવેશ આપણી અંદર ઠાંસી ઠાંસીને ભરવામાં આવ્યો છે આપણને ધર્મ સાથે કોઈ લેવ દેવા નથી આપણા માટે સંપ્રદાય જ પ્રમુખ છે ખરાબમાં ખરાબ અધાર્મિક દુરાચારી વ્યક્તિ પણ જો આપણા સંપ્રદાયમાં છે તો ભલો અન્યથા સારામાં સારો ધાર્મિક સદાધારી માણસ પરાયા સંપ્રદાયમાં છે તો આપણને દીઠો ગમતો નથી. રાજકારણીઓ જ્યારે ધર્મ સંપ્રદાયના નામે ધ્અંધાધૂંધી ફેલાવીને પોતાની ખીચડી પકવવા માં સફળ થાય ત્યારે જે તે વિસ્તાર રાજ્ય રાષ્ટ્રમાં તાનાશાહી વધે છે જેને બીજા શબ્દોમાં કહીએ તો હિટલરશાહી.. ભગવાન શ્રી રામચંદ્રજી મર્યાદા પુરુષોત્તમ હતા તેઓ પોતાને થયેલ અન્યાય નો કડવો ઘૂંટ પી જઈ સામે સારૂ થાય તેવો આગ્રહ રાખતા પિતાનું આપેલ વચન ફોક ન જાય તેના માટે રાજગાદીનો ત્યાગ કરી ચૌદ વરસ વનવાસ ભોગવ્યો. અત્યારનો શાસક આવું કરી શકે ખરો.. અયોધ્યામાં રામ મંદિર પ્રાણપ્રતિષ્ઠા થઈ બધાને ગમ્યું પણ એનો ભપકો બતાવવામાં ત્યાંની પ્રજાની જે હાલત થઈ એ કોઈએ ન જોઈ ગોદી મિડિયા ગોદી જ બની રહયું.. સરકારનું ધ્યાન સાચી રીતે દોર્યું હોત તો આજે જે પરિસ્થિતનું નિર્માણ દેશમાં થયું એ ન થાત.. વાચકચાહક મિત્રો સૌને જય માતાજી જય શ્રી રામ. સુપ્રભાત.. લેખમાં કડવી છતાં સાચી વાત કરી છે.. જો સમજાય તો ધન્યવાદ બાકી જય જગન્નાથજી અસ્તુ.

### મને ધર્મમાં અને ખાસ કરીને ભગવાન બાલાજીમાં શરણ મળ્યું છેઃ જાન્હવી

# જાન્હવી કપૂરએ ઘૂંટણીયે પગથિયાં ચડીને તિરુપતિ બાલાજીની ૫૦મી યાત્રા પૂરી કરી

**જાન્હવી કપૂર માર્ચમાં પોતાના જન્મદિવસે પણ તિરુપતિ બાલાજી ગઈ હતી, આ વખતે તેનો કથિત બોયફ્રેન્ડ શિખર પહાડીયા અને ઓરી પણ તેની સાથે હતા**

જાન્હવી કપૂર વર્ષમાં ત્રણ વખત તિરુપતિ બાલાજીના દર્શન કરવા માટે જાય છે. તેની પાછળ શું ખાસ કારણ છે? તાજેતરનાં એક ઈન્ટરવ્યુમાં તેણે આ અંગે એક ખુલાસો કર્યો છે. 'મિસ્ટર એન્ડ મિસીસ માહી' ફિલ્મ પછી હવે જાન્હવી ફરી તિરુપતિ બાલાજી જવાનું આયોજન કરી રહી છે. આ પહેલાં પણ તે આ વર્ષમાં ત્રણ વખત આ મંદિરમાં દર્શન કરી ચૂકી છે. પરંતુ તેની પાછળ ખાસ વાત શું છે? તાજેતરનાં એક ઈન્ટરવ્યૂમાં તેણે જણાવ્યું કે, તે ભલે ત્રણ વખત જઈ આવી પરંતુ તે ફરી એક વખત પોતાની સ્વર્ગવાસી માના જન્મદિવસે ત્યાં જવાનું વિચારી રહી છે. જાન્હવીએ એવું પણ કહેલું કે છેલ્લાં કેટલાંક વર્ષોમાં તેને કઈ રીતે ધર્મનું શરણ મળ્યું છે.જાન્હવીએ જણાવ્યું કે,"છેલ્લાં પાંચ છ વર્ષોમાં હું આધ્યાત્મિકતાથી ઘણી આકર્ષાઈ



છું. મને મારી આધ્યાત્મિકતા અને ધર્મમાં શરણ મળ્યું છે અને ખાસ કરીને ભાગવાન બાલાજીમાં." જાન્હવીએ આગળ જણાવ્યું, "જ્યારે ભગવાન બોલાવે તો મને થઆય છે કે મારે બાલાજી જવું જ જોઈએ, પગથિયાં ચડવા જોઈએ અને ભગવાનના શુભ દર્શન કરવા જોઈએ. હું આ વર્ષે ત્રણ વાર તિરુપતિ ગઈ અને માના જન્મદિવસે ફરી જઈશ." એટલું જ નહીં, જાન્હવીના મિત્ર અને સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર ઓરીએ જ્યારે જાન્હવીનો ઘૂંટણીયે થઈને મંદિરના પગથિયાં ચડતો વીડિયો શેર કર્યો ત્યારે તેના ફૅન્સને જાન્હવીની તિરુપતિ પ્રત્યેની શ્રદ્ધાનો અંદાજ આવ્યો. જાન્હવી માર્ચમાં પોતાના જન્મદિવસે પણ તિરુપતિ ગઈ હતી. આ વખતે તેનો કથિત બૉયફ્રેન્ડ શિખર પહાડીયા અને ઓરી પણ હતા. તે વખતે વીડિયોમાં જાન્હવી એવું કહેતી દેખાઈ હતી કે, 'દરેકે તિરુપતિ ચઢવું જોઈએ. કારણ કે તે આપણને વિનમ્ર બનાવે છે.' સાથે જ આ વીડિયોમાં ઓરીએ એવું પણ કહ્યું હતું કે તે જાન્હવી કપૂરની ૫૦મી યાત્રા, શિખરની ૯મી અને તેની પહેલી યાત્રા હતી.





## માત્ર એક જ દિવસમાં કરોડો રૂપિયાની કમાણી

પ્રભાસ અને દીપિકા પાદુકોણની ફિલ્મ 'કલ્કી ૨૮૯૮ એડી'એ રિલીઝ પહેલા એડવાન્સ બુકિંગમાં ઝંડો લગાવી દીધો છે. ફિલ્મે યુએસએમાં રિલીઝ પહેલા જ કરોડો રૂપિયાની કમાણી કરી લીધી છે. પ્રભાસ અને દીપિકા પાદુકોણની મોસ્ટ અવેટેડ ફિલ્મ 'કલ્કી ૨૮૯૮ એડી' ટૂંક સમયમાં જ સિનેમાઘરોમાં આવવા જઈ રહી છે. આ સાય-ફાઈ ફિલ્મમાં પ્રભાસ અને દીપિકા ઉપરાંત અભિનેતા અમિતાભ બચ્ચન, કમલ હાસન, દુલકર સલમાન અને દિશા પટણી પણ મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. આ મલ્ટિસ્ટારર ફિલ્મનું ટ્રેલર ૧૦ જૂને રિલીઝ થશે, જેને લઈને ચાહકો ખૂબ જ ઉત્સાહિત છે. નાગ અશ્વિન દ્વારા નિર્દેશિત આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ૨૭ જૂને રિલીઝ થવા જઈ રહી છે, જ્યારે 'કલ્કી 2898AD' યુએસએમાં ૨૬ જૂને રિલીઝ થશે. પરંતુ તેની રિલીઝ પહેલા જ આ ફિલ્મે શાનદાર એડવાન્સ બુકિંગ લીધું છે. પ્રભાસ-દીપિકા પાદુકોણની ફિલ્મ 'કલ્કી ૨૮૯૮ એડી'નું એડવાન્સ બુકિંગ યુએસએમાં શરૂ થઈ ગયું છે. તમને જણાવી દઈએ કે 'કલ્કી 2898AD' યુએસએમાં માત્ર થોડી જ સ્ક્રીન્સ પર રિલીઝ થશે.

### કાન્સમાં ઐશ્વર્યાને થઈ બોડી શેમ

## હિના ખાને કહ્યું- તમે ક્યારેય સાંભળ્યું છે કે માઈક ટપકે?




**એક ઈન્ટરવ્યુમાં હિના ખાનને પૂછવામાં આવ્યું કે ઐશ્વર્યા દાયકાઓથી કાન્સની રેડ કાર્પેટ પર ભારતનું પ્રતિનિધિત્વ કરી રહી છે**

એક ઈન્ટરવ્યુમાં હિના ખાનને પૂછવામાં આવ્યું કે ઐશ્વર્યા દાયકાઓથી કાન્સની રેડ કાર્પેટ પર ભારતનું પ્રતિનિધિત્વ કરી રહી છે. છતાં દર વર્ષે તેમને બોડી શેમિંગનો શિકાર બનવું પડે છે. આના પર હિનાએ કહ્યું- યાર, ખરેખર. આપણે ત્યાં અડધા ટકા પણ નથી. અને તમે તેમને ટ્રોલ કરી રહ્યા છો. લોકપ્રિય ટીવી અભિનેત્રી હિના ખાન હવે OTT પર અજાયબીઓ કરી રહી છે. હિનાની નવી સીરિઝ 'નમકૂલ' આ દિવસોમાં એમેઝોન મિની ટીવી પર લોકપ્રિય છે. અભિનેત્રી સિરીઝનું જોરશોરથી પ્રચાર પણ કરી રહી છે. આ દરમિયાન હિના ખાને ઐશ્વર્યા રાય બચ્ચનને કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં ટ્રોલ કરવામાં આવી હોવાની વાત કરી હતી.ગલાટ્ટા ઈન્ડિયાને આપેલા ઈન્ટરવ્યુમાં હિના ખાનને આ વિશે પૂછવામાં આવ્યું હતું. હિના ખાનને પૂછવામાં આવ્યું કે ઐશ્વર્યા દાયકાઓથી કાન્સની રેડ કાર્પેટ પર ભારતનું પ્રતિનિધિત્વ કરી રહી છે. છતાં દર વર્ષે તેમને બોડી શેમિંગનો શિકાર બનવું પડે છે. ટ્રોલિંગ અને બોડી શેમિંગ વ્યક્તિની હિંમત તોડી નાખે છે. જ્યારે તમે કેન્સ ગયા હતા ત્યારે તમારી સાથે પણ આવું થયું હતું. તમે તેને કેવી રીતે હેન્ડલ કર્યુ? જવાબમાં અભિનેત્રીએ કહ્યું, 'મેં કંઈ કર્યુ નથી. લોકોએ મને ટેકો આપ્યો અને મારા વતી બોલ્યા. મને લાગે છે કે તે તેના માટે પણ સમાન છે, તે ઐશ્વર્યા રાય છે, માણસ. તે લોરિયલનો ચહેરો છે. તે વર્ષોથી લોરિયલ માટે વોક કરી રહી છે. લોકો કહેશે, દોસ્ત, તું કશું કરી શકતો નથી. આજે પણ તે ખૂબ જ સુંદર છે. તમે તેના ઈન્ટરવ્યુ સાંભળો. તે તે માઈક ડ્રોપ જેવો છે. એવું લાગે છે કે તમે રૂમમાં બીજા કોઈને બોલતા સાંભળવા માંગતા નથી. તમે ફક્ત તેમને સાંભળવા માંગો છો. તેણી જે રીતે વાત કરે છે, જે રીતે તેણી પોતાની જાતને વહન કરે છે. માણસ, ખરેખર. આપણે ત્યાં અડધા ટકા પણ નથી. અને તમે તેમને ટ્રોલ કરી રહ્યા છો. દરેક વ્યક્તિ વિવિધ તબક્કાઓમાંથી પસાર થાય છે. તમે જાણતા નથી કે તેઓ શું સામનો કરી રહ્યા છે. તમારા માટે તે કહેવું ખૂબ જ સરળ છે કે હા એક વ્યક્તિ આવો દેખાય છે, તે આવો દેખાય છે. શરીર એવું છે, વજન વધ્યું છે, ઘટ્યું છે. આપણે કોણ ન્યાય કરવા?આ સિવાય હિના ખાને કાન્સ ૨૦૨૪માં ચાલતા પ્રભાવકો વિશે પણ વાત કરી હતી. તેણે કહ્યું, 'તે જ રીતે, મેં રેડ કાર્પેટ પર ચાલતા પ્રભાવકો વિશે વાત કરી. બધા તેને ચારે બાજુથી જજ કરી રહ્યા હતા. અને તેમાંથી તેણે કમાણી શરૂ કરી. તે ઈન્સ્ટાગ્રામ હેન્ડલ ચલાવનારા લોકોએ બીજાઓને ન્યાય આપીને પૈસા કમાવવાનું શરૂ કર્યું. સારું, તમારે જીવનમાં કંઈક કરવાની જરૂર છે. તું શું કરે છે. દોસ્ત, જીવનમાં કંઈક સારું કર. તમને ખ્યાલ નહિ હોય કે ત્યાં ગયેલા પ્રભાવકોએ ૬-૬ મહિના સુધી મહેનત કરી હશે, કદાચ પોતાના માટે પોશાક ગોઠવવા માટે. આ સરળ નથી. તમે શું અપેક્ષા રાખો છો, દરેક વ્યક્તિ કસ્ટમ ડાયો અને ડોલ્સે અને ગબ્બાના બ્રાન્ડ્સ પહેરશે. તે દરેકને થતું નથી. હિનાએ આગળ કહ્યું, 'આ પ્રભાવકોએ કેટલી મહેનત કરી હશે. તેમના માટે પણ આ જીવનની સૌથી મોટી ક્ષણ છે. તમને લાગે છે કે તેઓ તેને વ્યર્થ જવા દેશે. ના, તો પછી આપણે તેઓનો ન્યાય કરનાર કોણ? મને ખબર નથી પડતી કે શું કહું, તમને શું થયું છે? શા માટે આપણે જીવનમાં કંઈ ઉત્પાદક નથી કરતા? લોકોનો ન્યાય કરીને પૈસા કમાય છે. તે કમનસીબ બાબત છે, કેટલી કમનસીબી છે. લોકોને પણ આ ગમે છે, લોકો પણ જુએ છે કે લોકોનો ન્યાય થઈ રહ્યો છે. યાર, શું તને ખ્યાલ છે કે તેના જીવનમાં તેના માટે આ કેટલી મોટી ક્ષણ છે.

# અક્ષયના રસ્તે અજયઃ વર્ષમાં ચોથી ફિલ્મનું શૂટિંગ શરૂ કર્યુ

**'સિંઘમ અગેઈન'ને 'પુષ્પા ૨' સાથે સીધી ટક્કરમાંથી બચાવી લેવાઈ, ૧૫ ઓગસ્ટના બદલે દિવાળી પર રિલીઝ થશે**



વીતેલું વર્ષ શાહરૂખ ખાન માટે યાદગાર રહ્યું હતું, જ્યારે ૨૦૨૪ને પોતાના નામે કરવા અજય દેવગને આગોતરું આયોજન કર્યુ છે. આ વર્ષે અજય દેવગનની પાંચ ફિલ્મો રિલીઝ થવાની છે, જેમાંથી બે ફિલ્મ શૈતાન અને મૈદાન રિલીઝ થઈ ચૂકી છે. આ બે ફિલ્મ રિલીઝ થતાં પહેલાં અજયે અન્ય બે ફિલ્મ સિંઘમ અગેઈન અને રેઈડ ૨નું શૂટિંગ શરૂ કરી દીધું હતું. સિંઘમ અગેઈનનું શૂટિંગ લંબાયું છે, જ્યારે રેઈડ ૨નું શૂટિંગ તાજેતરમાં પૂરું થયું છે. આ સાથે જ અજય દેવગને આગામી ફિલ્મ દે દે પ્યાર દેના શૂટિંગની શરૂઆત કરી દીધી છે. સામાન્ય રીતે વર્ષમાં પાંચ-સાત ફિલ્મો રિલીઝ કરવાનો રેકોર્ડ અક્ષય કુમારના નામે છે. દર દોઢ-બે મહિને અક્ષય કુમારની એકાદ ફિલ્મ આવતી હતી અને દરેક ફિલ્મ ચાલતી હતી. જો કે પાછલા ત્રણેક વર્ષથી અક્ષયની ફિલ્મો ધડાધડ ફ્લોપ જઈ રહી છે. હવે, અજય દેવગને પણ અજયની જેમ વર્ષમાં પાંચ ફિલ્મો રિલીઝ કરવા કમર કસી છે. જેમાંથી ત્રણ ફિલ્મનું શૂટિંગ પૂરું થઈ ગયું છે અને ચોથીની તેમણે શરૂઆત કરી છે. ૨૦૨૪ના વર્ષની શરૂઆતથી અજય દેવગન ચર્ચામાં છે. આ વર્ષે રિલીઝ થયેલી તેમની બે ફિલ્મો પૈકી શૈતાનને બોક્સઓફિસ પર સારો રિસ્પોન્સ મળ્યો હતો, જ્યારે ઓડિયન્સને 'મૈદાન' ખાસ પસંદ આવી ન હતી. જો કે એકાદ ફિલ્મની નિષ્ફળતાથી



વિચલિત થવાના બદલે અક્ષય કુમારે આગામી ફિલ્મો સિંઘમ અગેઈન અને રેઈડ ૨ પર ફોકસ કર્યુ હતું. તાજેતરમાં રેઈડ ૨નું સૂટિંગ પૂરું થતાની સાથે અજય દેવગને રકુલ પ્રીત સિંહ સાથેની આગામી ફિલ્મ દે દે પ્યાર દેના શૂટિંગની શરૂઆત કરી છે. ફિલ્મના મુહૂર્તમાં અનિલ કપૂર ખાસ હાજર રહ્યા હતા. અજય દેવગનની આ વર્ષની સૌથી મોટી ફિલ્મ સિંઘમ અગેઈન છે. તેને અગાઉ ૧૫ ઓગસ્ટે રિલીઝ કરવાની હતી. આ જ દિવસે અલ્લુ અર્જુનની 'પુષ્પા ૨' પણ રિલીઝ થવાની છે. પુષ્પાના કિસ્સામાં બૉલિવૂડને 'ઝુકેગા નહીં...'વાળો ડાયલોગ યાદ રહી ગયો છે અને તેથી બોલિવૂડની કોઈ ફિલ્મ પુષ્પા સામે ટક્કર લેવા તૈયાર નથી. રોહિત શેટ્ટીએ પણ પોતાની રિલીઝ ડેટને વળગી રહેવાના બદલે તેમાં ફેરફાર કરવાનો નિર્ણય લીધો છે.

## આદિત્ય અને ચંકી પાંડેએ સાથે કામ કરીને સરપ્રાઈઝ આપી



**આદિત્ય રોય કપૂર અને ચંકી પાંડેની કોલ્ડ ડ્રિન્ક બ્રાન્ડની જાહેરાતનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે**

આદિત્ય રોય કપૂર અને ચંકી પાંડેની કોલ્ડ ડ્રિન્ક બ્રાન્ડની જાહેરાતનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. થોડાં વખતથી આદિત્ય અનન્યા પાંડે સાથે બ્રેક અપને લઈને ચર્ચામાં હતો. ત્યારે હવે ચંકી પાંડે સાથેની તેની આ એડવર્ટાઈઝમેન્ટને લઈને તેના ફૅન પણ આશ્ચર્યમાં મૂકાયા છે. થોડાં વખત પહેલાં આદિત્ય અને ચંકી ગોવાની એક હોટેલમાં પણ સાથે દેખાયા હતા. તેથી ફૅન્સમાં એવી પણ ચર્ચા હતી કે તેઓ આ જાહેરાત માટે ગોવામાં સાથે હશે. કોઈએ તેમને 'દામાદ સસુરજી' કહીને મજાક કરી હતી તો કોઈએ 'હોતે હોતે રહે ગયા' લખીને મજાક કરી હતી. મે મહિનાની શરૂઆતમાં આદિત્ય અને અનન્યાના કોઈ મિત્ર દ્વારા કન્ફર્મ કરવામાં આવ્યું હતું, આદિત્ય રોય કપૂર અને ચંકી પાંડેની કોલ્ડ ડ્રિન્ક બ્રાન્ડની જાહેરાતનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે, "આદિત્ય અને અનન્યા વચ્ચે એક મહિના પહેલાં બ્રેક અપ થઈ ગયું છે. તેમની વચ્ચે બધું જ સારું ચાલતું હતું, આ બ્રેક અપ અમારા માટે પણ શોકિંગ હતું. તેમને એકબીજા સાથે સારું બનતું હતું. અનન્યા હવે આગળ વધવાની ટ્રાય કરી રહી છે, તે દુઃખી તો થઈ જ છે. હાલમાં તે પોતાના પાલતુ પેટ સાથે સમય વીતાવે છે." આદિત્ય અને અનન્યા લગભગ બે વર્ષથી એકબીજાને ડેટ કરતાં હતાં. તેમને બંનેને એકબીજા સાથે વેકેશન ગાળવું ગમતું હતુ અને બંનેના ફોટો પણ વાયરલ થતાં હતાં. તે ઉપરાંત અનન્યા જ્યારે કરણ જોહરના શોમાં આવી હતી ત્યારે તેને રિલેશનશીપ વિશે પૂછાયું તો તેણે કહેલું,"મને અનન્યા રોય કપૂર હોય એવું અનુભવાય છે." આ બ્રેક અપની અફવાઓ વચ્ચે અનન્યાએ ગયા મહિને ઈન્સ્ટાગ્રામ પર એક માર્મિક પોસ્ટ પણ મૂકી હતી.જેમાં લખ્યું હતું, "જો એ ખરેખર તમારા માટે બન્યું હશે તો, એ તમને પાછું મળશે. તમે તમારી જાતે કંઈક પાઠ ભણી શકો એટલા માટે એ અમુક સમય માટે જ તમારાથી દૂર થાય છે. જો એ તમારા માટે જ હશે તો તમે તેને ગમે તેટલું પાછું ધકેલશો તો પણ એ તમારી પાસે પાછું આવશે."

# સામંથાએ વ્યૂડ ઇન્ડિયન સ્ટાર્સ ઓફ ડિકેડમાં ટોપ ૧૦૦માં સ્થાન મેળવ્યું છે

**ટોપ ૧૫માં એક માત્ર સાઉથ સ્ટાર, મન્ના ભાટિયા ૧૬મા અને નયનતારા ૧૮મા સ્થાને**

સામંથાએ તેલુગુ સ્ટાર તરીકે તો પોતાનું સ્થાન મજબૂત કરી જ લીધું હતું, ત્યાર બાદ તેણે 'ધ ફેમિલી મેન ૨' વેબ સિરીઝમાં એક મહત્વના રોલ સાથે પોતાની પહોંચ વધારી છે. હવે આઈએમડીબીની ટોપ ૧૦૦ વ્યૂડ ઈન્ડિયન સ્ટાર્સ ઓફ ધ લાસ્ટ ડિકેડમાં સ્થાન મળ્યા બાદ સમંથાએ વધુ કામ કરવાની ભૂખ દર્શાવી હતી અને દાવો કર્યો હતો કે,"મને લાગે છે કે હજુ તો આ શરૂઆત જ છે. મને હજુ મજાની તકો મળવાની બાકી છે, હું પણ બને તેટલાં વધુ પ્રયત્નો કરવા તૈયાર છું." આ યાદીમાં સ્થાન મેળવવા બદલ અને ટોપ ૧૫માં એક માત્ર સાઉથ સ્ટાર બનવાનું શ્રેય મહેનત અને નસીબને આપ્યું હતું. આઈએમડીબીની આ યાદીમાં સૌ પહેલું નામ દીપિકા પાદુકોણનું છે,




ત્યાર બાદ શાહરુખ ખાન, ઐશ્વર્યા રાય બચ્ચન, આલિયા ભટ્ટ અને ઈરફાન ખાનનો સમાવેશ થાય છે. જ્યારે તમન્ના ભાટિયા ૧૬મા અને નયનતારા ૧૮મા સ્થાને રહી હતી. સામંથા આ સ્પર્ધાને એક હકારાત્મક બાબત ગણાવે છે અને સાથે જ તેના સહકર્મીઓને પણ મળેલી સિદ્ધિને તે વધુ સારું કામ કરવાની પ્રેરણા તરીકે લે છે. "મને લાગે છે કે માણસ તરીકે આપણને બધાંને સ્પર્ધામાં મજા આવે છે, આપણું મગજ એ રીતે જ કામ કરે છે. આપણે સતત માહિતીની સરખામણી કર્યા કરીએ છીએ. તો સ્પર્ધાત્મક હોવું એ સ્વાભાવિક છે. હું સ્પર્ધાને પ્રોત્સાહન તરીકે જોઉં છું. હું મારા સાથી કલાકારોનાં કામમાંથી પ્રેરણા લઉં છું અને તેમની સિદ્ધિઓને મારી મહેનત અને વધું સારું કામ કરવાના માપદંડ તરીકે લઉં છું. હું સ્પર્ધાને કોઈ નકારાત્મક દૃષ્ટિકોણથી જોતી નથી." તાજેતરમાં જ સમંથાએ પોતાની ફિલ્મ 'બંગારમ' સાથે પ્રોડ્યુસર તરીકે ડેબ્યુની જાહેરાત કરી છે, જેમાં તે લીડ રોલ કરી રહી છે.



### અયોધ્યા પર વાયરલ થયેલી ફેક પોસ્ટ

## આ ગંદકીના કારણે ટ્વિટર છોડી દીધું' : સોનુ નિગમે

અયોધ્યાના ચૂંટણી પરિણામોને લઈને 'સોનુ નિગમ' નામના એકાઉન્ટમાંથી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક પોસ્ટ કરવામાં આવી હતી. આ પોસ્ટને લઈને લોકોએ સોનુ નિગમને નિશાન બનાવવાનું શરૂ કર્યું. પરંતુ આ એકાઉન્ટ સિંગર સોનુ નિગમનું ન હતું. દેશના સૌથી લોકપ્રિય ગાયકોમાંથી એક સોનુ નિગમનું નામ હાલમાં જ વિવાદોમાં ઘેરાયેલું જોવા મળ્યું હતું. હવે જ્યારે મંગળવારે લોકસભા ચૂંટણી ૨૦૨૪ના પરિણામો સામે આવ્યા ત્યારે અયોધ્યાથી ભાજપના ઉમેદવારની હારની ખૂબ ચર્ચા થઈ હતી. આ આશ્ચર્યજનક પરિણામને લઈને લોકો સોશિયલ મીડિયા પર ચર્ચા કરતા જોવા મળ્યા અને અચાનક આ ચર્ચામાં સોનુ નિગમનું નામ પણ સામે આવ્યું.અયોધ્યાના ચૂંટણી પરિણામોને લઈને તેમના પોતાના નામના એકાઉન્ટમાંથી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક પોસ્ટ કરવામાં આવી હતી. આ પોસ્ટને લઈને લોકોએ સોનુ નિગમને નિશાન બનાવવાનું શરૂ કર્યું. પરંતુ તે વાસ્તવમાં સોનુ નિગમ નહોતો! હવે સોનુ નિગમે આ સમગ્ર મામલે ખુલાસો કર્યો છે.



# અમિતને શિલ્પા શેટ્ટીએ અદભૂત ગણાવ્યો

**એપિસોડમાં અમિતે એક મહિનાના બાઈકિંગ અનુભવો સાથે પર્યાવરણ પ્રેમ વ્યક્ત કર્યો**

શિલ્પા શેટ્ટી અને અમિત સાધ 'સુખી'માં એક સાથે કામ કરી ચૂક્યાં છે. ત્યારે અમિતના જન્મ દિવસે શિલ્પાએ સોશિયલ મીડિયા પર એક ખાસ પોસ્ટ લખી હતી. શિલ્પાએ ઈન્સ્ટાગ્રામ પર લખ્યું કે,"અમિત, તને જન્મ દિવસની ઘણી શુભકામનાઓ. તુ ખરેખર ખાસ છે, તારો દિવસ તું જેટલો અદભૂત છે, તેવો જ રહે." શિલ્પાએ ગયા વર્ષે રિલીઝ થયેલી ફિલ્મ 'સુખી'ના સેટ પરથી અમિતનો એક રમૂજી ફોટો પણ પોસ્ટ કર્યો હતો. સુખી એક એવી ગૃહિણીની વાર્તા છે, જે પરિવાર માટે પોતાની જાતને ભૂલી ગઈ હોય છે અને અંતે તે પોતાની જાતને ફરી શોધવા માટે પોતાની કોલેજની બહેનપણીઓ સાથે એક નવી સફર કરે છે. સામે અમિતે પણ પોતાની યુ ટ્યૂબ ચેનલ લૉન્ચ કરી છે, જેમાં તે પોતાની બાઈકિંગની એક મહિનાની સફર શેર કરી રહ્યો છે, તેના પહેલાં ત્રણ એપિસોડની સિરીઝનું નામ



'મોટરસાઈકલ સેવ્ડ માય લાઈફ' છે. આ રસપ્રદ અને માહિતિપ્રદ સિરીઝમાં અમિત સાધ પહાડો પર તેની મોટારસાઈકલ પરનીસફર, ત્યાનું સ્થાનિક ભોજન, સ્થાનિક લોકો સાથે તેમના ઘરોમાં વિતાવેલો સમય ઉપરાંત શુદ્ધ પર્યાવરણ અને આબોહવાના મહત્વની વાતો કરે છે. તેની આ સફરમાં અમિતે બાલાસિનોર, અમદાવાદ, જોધપુર, જયપુર, દિલ્હી, ચંદીગઢ, થિઓગ, સાંગ્લા, કાઝા, જિસ્પા, પ્રુને, પદમ અને લેહ લદાખની સફર કરી છે. તેના જીવનમાં આ સફરે કેટલી મહત્વની ભૂમિકા ભજવી તેની પણ આમાં વાત કરવામાં આવી છે. પર્યાવરણની સુરક્ષા અંગે વાત કરતાં એક ઈન્ટરવ્યૂમાં અમિત સાધે કહ્યું હતું, "મારા માટે રાઈડિંગ એ થેરાપી જેવું છે, જે રીતે સિરીઝનું નામ સૂચવે છે તેમ હું જીવનમાં એક તબક્કામાં મારે શું કરવું એની મૂંઝવણમાં હતો ત્યારે મારી આ રાઈડિંગ સફર શરૂ થઈ. આ સફરમાં મેં કુદરતનો નજીકથી અનુભવ કર્યો. તેથી જ પર્યાવરણ દિવસે હું લોકોને આ કુદરત અને પર્યાવરણની સુરક્ષા કરવા માટે વિનંતિ કરું છું. આ સિરીઝ દ્વારા હું હેલ્ધી રાઈડિંગ અનુભવો પણ લોકો સુધી પહોંચાડવા માગું છું. કારણ કે રાઈડિંગ માત્ર તમારા માટે નથી પરંતુ તેમાં તમારા પર તમારી આસપાસના લોકોની સુરક્ષાની પણ જવાબદારી હોય છે." આગળ અમિતે કહ્યું કે, "હું આ સફર દરેકને બતાવવા માટે બહુ ખુશ અને ઉત્સાહિત છું. આમાં હજુ ઘણું બાકી છે, ઘણા સ્થળો અને ઘણી સફરો, ભારત એક બહુ સુંદર દેશ છે.

### અમદાવાદમાં વાલીઓ માટે આનંદના સમાચાર

# અમદાવાદમાં કાગળના ભાવમાં ઘટાડો થતાં ચોપડાના ભાવ ઘટ્યા

## આ વર્ષે યુદ્ધની પરિસ્થિતિ થારે પડી હોવાથી ભાવ ઘટ્યા છે જેનો લાભ સીધો વિદ્યાર્થીઓને વાલીઓને થઈ રહ્યો છે

। (એજન્સી) અમદાવાદ, તા.૭ ।

અમદાવાદમાં કાગળના ભાવમાં ઘટાડો (Paper price Cut) થતાં ચોપડાના ભાવ ઘટ્યા છે. અમદાવાદના વાલીઓ માટે આ સૌથી આનંદના સમાચાર છે. તેના લીધે તેમના ખિસ્સા પર બોજ નહીં પડે. કાગળના ભાવમાં આશરે દસ ટકાનો ઘટાડો થયો છે. આમ મોંઘવારીનો માર ઝીલતા વાલીઓને થોડી રાહત મળી છે.



અમદાવાદમાં હવે સ્કૂલોનો પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે વાલીઓએ ચોપડા ખરીદવાના હોય છે. આ ઉપરાંત સ્ટેશનરી સાથે સંલગ્ન અન્ય ચીજવસ્તુઓ પણ ખરીદવાની હોય છે. અન્ય સ્ટેશનરીના ભાવમાં પણ નોંધપાત્ર ઘટાડો થયો છે. ગયા વર્ષે રશિયા અને યુક્રેન યુદ્ધને પગલે સમગ્ર દેશમાં કાગળની સપ્લાય માં ઘટાડો નોંધાયો હતો. જેને લઈને નોટબુકથી માંડી અને તમામ બુક્સના ભાવમાં ૨૫% જેટલો ભાવ વધારો ઝીંકાયો હતો. જો કે આ વર્ષે યુદ્ધની પરિસ્થિતિ થારે પડી હોવાથી ભાવ ઘટ્યા છે. જેનો લાભ સીધો વિદ્યાર્થીઓને વાલીઓને થઈ રહ્યો છે બીજી તરફ બજારમાં હાલ ધીમે ધીમે ઘરાકી પણ નીકળી રહી છે. ચોપડાનો સારી કવોલિટીનો ભાવ ૫૦થી ૧૦૦ ભાવ જ્યારે મીડિયમના ક્વોલિટીનો ભાવ ૩૦થી ૪૫ ભાવ, નોટબુક ડાયનામિક્સ સાઈઝ ૪૦થી ૬૦ભાવ ૧૭૨ પેજ સૌથી વધારે ચાલતી સાઈઝ છે. જ્યારે પેન્સિલ ૫થી ૧૦, ઈરેઝર ૧ થી ૧૦ અને ઈમ્પોર્ટેડ પાઉચ કંપાસ ૧૦૦થી ૨૫૦ રૂપિયા છે.

આ વર્ષે નવા સત્ર પહેલા ચોપડા-નોટબુક સહિતની વસ્તુના ભાવમાં ઘટાડો થયો છે. કોરા ચોપડાની વાત કરીએ તો આ વર્ષે પેપર મીલના ભાવ ઓછા છે. તેથી તેની સપ્લાય સારી મળે છે. તેથી ભાવ ઘટાડો થયો છે. ગયા વર્ષે રશિયા-યુક્રેનના યુદ્ધને લઈને પેપરની સપ્લાય ઓછી હતી. તેથી ભાવ વધુ હતા. હવે પેપર જોઈ તેટલી સંખ્યામાં મળી રહ્યા છે. સારી ક્વોલીટીના ચોપડા ખૂબ જ સસ્તા ભાવે મળી રહ્યાં છે. નોટબુક, ફૂલસ્કેપ, ડાયનામીક સાઈઝના ચોપડાનું વધુ વેંચાણ થાય છે.

# ઝાલોદ તાલુકાના ચણાસર મુકામે અચાનક એક મકાનને આગ લાગતા ૨૭૯૦૦૦ નુકશાન

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૭ ।

ઝાલોદ તાલુકાના રણીયાર સરકારી ગ્રામ પંચાયત હેઠળ ડુંગર ફળિયામાં ચણાસરના રહીશ ભાભોર કસુભાઈ મલાભાઈના મકાનમા બુધવારના રોજ સાંજના સમય દરમ્યાન અચાનક આગ લાગવાથી ઘર બળી ગયેલ હતું.

અચાનક આગ લાગતા આગ ઓલવવા માટે ઝાલોદ ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી, તાત્કાલિક ફાયર બ્રિગેડ આવતા આગ પર કાબુ મેળવ્યો હતો પરંતુ આગની ચપેટમા આખું ઘર તેમજ ઘર તેમજ ઘરની સરસામાન ભસ્મીભૂત થઈ ગયેલ હતું. સદનસીબે આ આગની હોનારત કોઈ પશુધન કે વ્યક્તિને કોઈ જાનહાનિ થયેલ નથી.

આ આગ લાગતા મકાનની અંદર થયેલ નુકશાનનો અંદાજો તલાટી દ્વારા કાઢવામાં આવેલ હતો આ મકાનમાં લાકડાના પાટ આઠ નંગ જેની અંદાજિત કિંમત ૬૪૦૦૦, લાકડાની વળી ૩૦૦ નંગ ૪૫૦૦૦, વીલાયતી નળીયા ૪૦૦૦ નંગ ૬૦૦૦૦, ઘરની અંદર અનાજ તેમજ અન્ય ઘર વખરી ૯૦૦૦૦, રોકડ રકમ ૨૦૦૦૦ થઈ કુલ ૨૭૯૦૦૦ રૂપિયાનું અંદાજીત નુકશાન થયેલ છે.

આ મકાનને અચાનક આગ લાગતા આ અકસ્માતમાં થયેલ નુકશાન માટે તાલુકા વિકાસ અધિકારી તાલુકા ખાતે અરજી કરી મકાન માલિક દ્વારા વળતર માટે માંગણી કરવામાં આવેલ છે જેથી બે ઘર થયેલ વ્યક્તિને પોતાનું મકાન આવનાર સમયમાં જલ્દી મળી જાય તે માટે અરજી કરી માંગ કરવામાં આવેલ છે.

# જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ કોલેજ શરૂ કરવા માટે ૧૫ જૂન સુધી ઓનલાઇન અરજી કરી શકાશે

। અમદાવાદ, તા.૭ ।

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતની અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા વર્ષ:૨૦૨૪-૨૫માં દરેક જિલ્લામાં 'જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ કોલેજ' શરૂ કરવામાં આવનાર છે. જે અંતર્ગત પ્રથમ તબક્કમાં ૪ ઝોનમાં ૪ જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ કોલેજ (DLSC) શરૂ કરવા માટે રસ ધરાવતી સંસ્થાઓ જેવી કે, સરકારી તથા ખાનગી કોલેજો કે સંસ્થાઓ પાસેથી તા.૧૫/૦૬/૨૦૨૪ સુધી ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે.

'જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ કોલેજ' અંગેની ઓનલાઈન અરજી sportsauthority.gujarat.gov.in વેબસાઈટ પરથી કરી શકાશે.

'જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ કોલેજ' પસંદગી માટેના ધારા-ધોરણો રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના ઠરાવ ક્રમાંક :-SYCAD/MRTe-file/19/2024/0030/B, તા.૦૫/૦૩/૨૦૨૪માં દર્શાવ્યા મુજબના રહેશે. જે નીચે જણાવેલ છે.

(ક) UGC માન્ય યુનિવર્સિટી અથવા UGC માન્ય યુનિવર્સિટી સાથે સંલગ્ન કોલેજ.

(ખ) રમતના મેદાનો માટે ઓછામાં ઓછી પાંચ એકર જમીનની ઉપલબ્ધિ, જેમાં યુનિવર્સિટી / કોલેજમાં ઉપલબ્ધ મેદાન અને ઈન્ડોર રમતની માળખાકીય સુવિધાઓનો પણ સમાવેશ થશે. સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના જિલ્લા રમત સંકુલ નજીકની કોલેજ હોય તો તેને છુટછાટ આપી શકાશે. તેમજ ડી.એલ.એસ.એસ. શાળાની નજીકની કોલેજ/યુનિવર્સિટીને અગ્રતા આપવામાં આવશે.

(ગ) ઓછામાં ઓછી ૨૦૦વિદ્યાર્થીઓ/ વિદ્યાર્થિનીઓ માટે હોસ્ટેલ સુવિધા.

(ઘ) પ્રાથમિક ખેલ સુવિધા અને વિકસિત મેદાન ઉપલબ્ધ હોય તે પ્રથમ પસંદગીને પાત્ર

'જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ કોલેજ' અંગેનો ઠરાવ sportsauthority.gujarat.gov.in વેબસાઈટ પરથી મેળવી શકાશે.

### આ ચૂંટણીઓ દોઢ વર્ષથી પેન્ડિંગ છે

# બે જિલ્લા પંચાયતો સહિત રાજ્યની ૭૫ નગરપાલિકાઓની ચૂંટણી થશે

## સરકાર ૨૭% OBC અનામત સાથે દિવાળી પહેલા બે જિલ્લા પંચાયતો અને ૭૫ નગરપાલિકાઓમાં ચૂંટણી પૂર્ણ કરવા માંગે છે

। (એજન્સી) અમદાવાદ, તા.૭ ।

ગુજરાત સરકારે બનાસકાંઠા અને ખેડાની બે જિલ્લા પંચાયતો સહિત ૭૫ જેટલી નગર પાલિકાઓની ચૂંટણી યોજવા માટે જાહેરનામું બહાર પાડવાનું શરૂ કર્યું છે. આ ચૂંટણીઓ દોઢ વર્ષથી પેન્ડિંગ છે કારણ કે સરકાર ઓબીસી અનામત પર ચૂંટણી પંચની ભલામણો પર વિચાર કરી રહી હતી. "શહેરી વિકાસ વિભાગ અને પંચાયત વિભાગ ૨૭% OBC અનામત કલમ સાથે બેઠકોની પુનઃ ગોઠવણી પર કામ કરી રહ્યા છે.

આગામી થોડા દિવસોમાં એક જાહેરનામું બહાર પાડવામાં આવશે અને સરકાર ૨૭% OBC અનામત સાથે દિવાળી પહેલા બે જિલ્લા પંચાયતો અને ૭૫ નગરપાલિકાઓમાં ચૂંટણી પૂર્ણ કરવા માંગે છે, "એમ સૂત્રોએ માહિતી આપી હતી.સૂત્રોનું કહેવું છે કે બનાસકાંઠા જિલ્લા પંચાયતની ચૂંટણી ભાજપ માટે લિટમસ ટેસ્ટ બની રહેશે, જેણે એક દાયકા પછી મતવિસ્તારની લોકસભામાં હારનો સામનો કરવો પડ્યો હતો અને આનાથી કોંગ્રેસના કાર્યકરોમાં નવજીવન આવ્યું છે. રાજ્યભરમાં ૨૦૨૬ની સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ પહેલા જિલ્લા પંચાયત અને નગરપાલિકાઓની ચૂંટણીઓ પણ ભાજપ માટે મોટી પરીક્ષા હશે. જસ્ટિસ કે એસ ઝવેરી કમિશને તમામ સ્થાનિક સંસ્થાઓમાં ઓબીસી માટે ૨૭% અનામતની જાહેરાત કરી. ત્યાં સુધી, ઓબીસીને સ્થાનિક સંસ્થાઓમાં ૧૦% અનામત હતું. ગુજરાતમાં સ્થાનિક સંસ્થાઓમાં ઓબીસી અનામત માટે સૂચનો કરવા માટે ૨૦૨૨ માં સુપ્રીમ કોર્ટના આદેશના જવાબમાં કમિશનની રચના કરવામાં આવી હતી. ૨૭% અનામત મ્યુનિસિપલ કોર્પોરેશનો, નગરપાલિકાઓ, ગ્રામ પંચાયતો, તાલુકા પંચાયતો અને જિલ્લા પંચાયતો સહિત સ્થાનિક સંસ્થાઓના તમામ સ્તરો પર લાગુ થશે.

# ઝાલોદ તાલુકાના ચણાસર મુકામે અચાનક એક મકાનને આગ લાગતા ૨૭૯૦૦૦ નુકશાન



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૭ ।

ઝાલોદ તાલુકાના રણીયાર સરકારી ગ્રામ પંચાયત હેઠળ ડુંગર ફળિયામાં ચણાસરના રહીશ ભાભોર કસુભાઈ મલાભાઈના મકાનમા બુધવારના રોજ સાંજના સમય દરમ્યાન અચાનક આગ લાગવાથી ઘર બળી ગયેલ હતું. અચાનક આગ લાગતા આગ ઓલવવા માટે ઝાલોદ ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી, તાત્કાલિક ફાયર બ્રિગેડ આવતા આગ પર કાબુ મેળવ્યો હતો પરંતુ આગની ચપેટમા આખું ઘર તેમજ ઘર તેમજ ઘરની સરસામાન ભસ્મીભૂત થઈ ગયેલ હતું. સદનસીબે આ આગની હોનારત કોઈ પશુધન કે વ્યક્તિને કોઈ જાનહાનિ થયેલ નથી.

આ આગ લાગતા મકાનની અંદર થયેલ નુકશાનનો અંદાજો તલાટી દ્વારા કાઢવામાં આવેલ હતો આ મકાનમાં લાકડાના પાટ આઠ નંગ જેની અંદાજિત કિંમત ૬૪૦૦૦, લાકડાની વળી ૩૦૦ નંગ ૪૫૦૦૦, વીલાયતી નળીયા ૪૦૦૦ નંગ ૬૦૦૦૦, ઘરની અંદર અનાજ તેમજ અન્ય ઘર વખરી ૯૦૦૦૦, રોકડ રકમ ૨૦૦૦૦ થઈ કુલ ૨૭૯૦૦૦ રૂપિયાનું અંદાજીત નુકશાન થયેલ છે.

આ મકાનને અચાનક આગ લાગતા આ અકસ્માતમાં થયેલ નુકશાન માટે તાલુકા વિકાસ અધિકારી તાલુકા ખાતે અરજી કરી મકાન માલિક દ્વારા વળતર માટે માંગણી કરવામાં આવેલ છે જેથી બે ઘર થયેલ વ્યક્તિને પોતાનું મકાન આવનાર સમયમાં જલ્દી મળી જાય તે માટે અરજી કરી માંગ કરવામાં આવેલ છે.

### સુરતમાં આઇસક્રીમ વિક્રેતાઓ પર તવાઈ

# આઇસક્રીમ અને જ્યુસ પાર્લરમાં જીએસટી વિભાગે દરોડા પાડ્યા

## દરોડામાં કુલ બે કરોડની કરચોરી અને ૪૦ કરોડ રૂપિયાના બિનહિસાબી રોકડવ્યવહાર પાડ્યા છે

। (એજન્સી) સુરત, તા.૭ ।

સુરતમાં આઈસક્રીમ વિક્રેતાઓ પર તવાઈ આવી છે. સ્ટેટ જીએસટી વિભાગની ટીમે પાડેલા દરોડામાં કુલ બે કરોડની કરચોરી અને ૪૦ કરોડના બિનહિસાબી રોકડવ્યવહાર પાડ્યા છે. રાજ્યમાં આઈસક્રીમ અને જ્યુસ પાર્લરમાં જીએસટી વિભાગે દરોડા પાડ્યા હતા. અમદાવાદ, સુરત અને રાજકોટના ૨૪ મોટા ટર્નઓવર ધરાવતા આઈસક્રીમ અને જ્યુસ પાર્લર પર દરોડા પાડવામાં આવ્યા હતા. સુરતમાં આઈસક્રીમ જ્યુસ પાર્લરમાં જીએસટી વિભાગની તપાસમાં ૩૦ કરોડથી વધુના છૂપા રોકાણો મળ્યાં છે. અમદાવાદના ચાર, સુરતના ત્રણ, રાજકોટના એક આઈસક્રીમ પાર્લર સાથે મળીને કુલ ૪૭ ધંધાકીય સ્થળો પર તપાસ કરવામાં આવી હતી. આકરી ગરમીમાં આઈસક્રીમ અને જ્યુસનું મોટાપાયા પર વેચાણ થાય છે. રાજ્યના જીએસટી વિભાગને ચોક્કસ બાતમી મળી હતી કે વિક્રેતાઓ હિસાબો




ન બતાવીને કરચોરી આચરે છે. આ બાતમીના આધારે આઈસક્રીમ જ્યુસના વેચાણ કરતાં વેપારીઓનીતપાસહાથધરીહતી.અમદાવાદ, સુરત, રાજકોટમાં મોટું ટર્નઓવર ધરાવતા આઈસક્રીમ વિક્રેતાઓને ત્યાં તપાસ હાથ ધરવામાં આવી હતી. તેની સાથે જ્યુસ પાર્લર ખાણીપીણીના ૪૭ સ્થળો પર તપાસ આદરવામાં આવી હતી. સ્ટેટ જીએસટી ની તપાસમાં ૪૦ કરોડથી વધુ રકમના છૂપા વેચાણ વ્યવહારો મળી આવ્યા હતા. સુરતમાં બિસ્મિલ્લાહ, મહાલક્ષ્મી, જ્યુસ, ફાસ્ટ ફૂડ કોર્નરમાંથી કરોડોની એસજીએસટી ચોરી પકડાઈ છે.

### સ્થાનિકોમાં ભારે રોષની લાગણી વ્યાપી

# યાત્રાધામ ડાકોરમાં ખુલ્લી ગટરોના ઊંડા ખાડા પ્રજાજનો માટે જોખમી

## આ બાબતે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી માંગણી પ્રબળ બની છે

। (એજન્સી) ડાકોર,તા.૭ ।

ડાકોર નગરના મુખ્ય માર્ગ પર ખુલ્લી ગટરો અવરજવર કરતા નગરજનો અને યાત્રાળુઓ માટે જોખમી બની ગઈ છે. સતત ટ્રાફિકથી ધમધમતો રહેતો હોવા છતાં તંત્ર દ્વારા ઉદાસિનતા રાખવામાં આવી રહી છે. જેથી કરીને સ્થાનિકોમાં ભારે રોષની લાગણી વ્યાપી ગઈ છે. આ બાબતે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી માંગણી પ્રબળ બની છે. ડાકોર ખેડા જિલ્લાનું સુપ્રસિદ્ધ યાત્રાધામ છે. યાત્રાધામના વિકાસ માટે સતત સરકાર પણ પ્રયત્નશીલ રહેતી હોય છે પરંતુ ડાકોર નગરમાં દ્રશ્યો કંઈક અલગ જ જોવા મળે છે જેમાં પીવાના પાણીની સમસ્યાથી લઈને ગટર જેવી પ્રાથમિક સુવિધાઓ આપવામાં પાલિકા તંત્ર નિષ્ફળ નિવડયું છે. ગણેશ ટૉકીઝ નજીક મંદિર આવવાના મુખ્ય માર્ગ પર છ મહિના ઉપરાંતના સમયથી ખુલ્લી ગટરોના ખાડામાંથી



આવતી દુર્ગંધ યાત્રાળુ તેમજ સ્થાનિક નાગરિકોના માથાનો દુખાવો બની ગઈ છે. નાગરિકોને પણ રોગચાળાનો ભય સતાવી રહ્યો છે. તો બીજી તરફ ડાકોરમાં પાલિકાની ચૂંટણી લંબાવવાથી જનતાના પ્રતિનિધિઓ પણ ના હોવાથી જનતા લાચાર બની છે. ડાકોરના નાગરિકો દ્વારા પાલિકા તંત્રને અનેક વખત રજૂઆતો કરી છે પરંતુ પાલિકા તંત્ર માત્ર ગટર સાફ કરવાને બદલે ગટરનું ગંદુ પાણી કાઢીને સંતોષ મનાવે છે.

# ગાંધીનગરની સાયન્સ કોલેજમાં ફાયર સેફ્ટીમાં ગંભીર બેદરકારી

। (એજન્સી) અમદાવાદ, તા.૭ ।

ગાંધીનગરના સેક્ટર-૧૫માં આવેલી સાયન્સ કોલેજમાં ફાયર સેફ્ટીના સાધનોની જાળવણીમાં ગંભીર બેદરકારી ઉજાગર થઈ છે. આમ આદમી પાર્ટીના નગરસેવકે તપાસ કરતા જોવા મળ્યું કે આગ ઓલવવા માટે વપરાતા આગ ઓલવવાના સિલિન્ડર ૨૦૧૯ પછી રિફિલ જ નથી કરાયા. ગાંધીનગરના સેક્ટર-૧૫માં આવેલી સાયન્સ કોલેજમાં ફાયર સેફ્ટીના સાધનોની જાળવણીમાં ગંભીર બેદરકારી ઉજાગર થઈ છે. આમ આદમી પાર્ટીના નગરસેવકે તપાસ કરતા જોવા મળ્યું કે આગ બુઝાવવા માટે વપરાતા આગ ઓલવવાના સિલિન્ડર ૨૦૧૯ પછી રિફિલ જ નથી કરાયા. હવે જો આગ લાગે ત્યારે આ સિલિન્ડરનો ઉપયોગ કરવામાં આવે તો ફિયાસ્કો જ થાય. સાયન્સ કોલેજની બાજુમાં આવેલી કોમર્સ બિલ્ડિંગમાં લોકસભા ચૂંટણીની મતગણતરી યોજાઈ હતી. તે સમયે આ ઈમારતોની મુલાકાત લેનાર ગાંધીનગર કલેકટર અને એસ.પી. એ તપાસ કર્યા છતાં પણ આ વિગતો ધ્યાને ન આવી એ પણ ગંભીર બાબત છે.

# ગાંધીનગર જિલ્લાના નાગરિકોના પ્રશ્નોના નિરાકરણ માટે તા. ૨૭મી જૂનના રોજ જિલ્લા સ્વાગત કાર્યક્રમ યોજાશે

। (એજન્સી) ગાંધીનગર, તા.૭ ।

ગાંધીનગર જિલ્લાના પ્રજાજનોની ફરિયાદ કે પ્રશ્નોના નિરાકરણ માટે આગામી તા. ૨૭મી જૂન, ૨૦૨૪ના રોજ જિલ્લા સ્વાગત કાર્યક્રમ જિલ્લા કલેકટર શ્રી મેહુલ દવેના અધ્યક્ષ સ્થાને યોજાશે. જિલ્લા સ્વાગત કાર્યક્રમ સવારના ૧૧.૦૦ કલાકે સભાખંડ, પ્રથમ માળ, કલેકટર કચેરી, સેકટર-૧૧, ગાંધીનગર ખાતે યોજાશે. જિલ્લાના નાગરિકો જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં પોતાની ફરિયાદ કે પ્રશ્ન તા. ૧૦મી જૂન, ૨૦૨૪ સુધી કલેકટરશ્રી, ગાંધીનગરને મોકલી આપવા અનુરોધ કરવામાં આવે છે. ન્યાયની કોર્ટના ચાલતા વિવાદ, મહેસુલી કોર્ટને લગતાં પ્રશ્નો, સબ જયુડીશીયલ પ્રશ્નો, સામુહિક રજુઆતો, નીતિ વિષયક પ્રશ્નો તથા નોકરી લગતાં પ્રશ્નો આ કાર્યક્રમમાં લક્ષમાં લેવામાં આવશે નહિ.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજે તમને તમારી જાત માટે સારી લાગણી થાય એવી બાબતો કરવા માટે અદભુત દિવસ. ધન ની આવક તમને આજે ઘણી આર્થિક મુશ્કેલીઓ થી દૂર કરી શકે છે. લમે જેમની સાથે રહો છો એ લોકો તમારાથી ખુશ નહીં હોય- પછી ભલેને તમે તેમને ખુશ કરવા ગમે તે કરો. કામ બાકી હોવા છતાં રૉમાન્સ તથા સામાજિક બાબતો તમારા મગજ પર રાજ કરશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજે પત્નીના કામકાજમાં ચંચૂપાત કરશો નહીં, કેમ કે તેનાથી તમે તેનો ગુસ્સો નોતરશો.તમારા કામથી કામ રાખો એ જ સારૂં છે. હસ્તક્ષેપ જેટલો ઓછો એટલું સારૂં અન્યથા તેનાથી પરાધીનતા આવી શકે છે. આગળ જતાં જેનું મૂલ્ય વધવાનું છે એવી ચીજ ખરીદવા માટે શ્રેષ્ઠ દિવસ. આજે દરેક જણ તમારી મિત્રતા ઝંખે છે-અને તમે પણ તેમની ઈચ્છા પૂરી કરવાના મૂડમાં છો.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમારું સ્વાસ્થ્ય સારૂં રહેશે. ચંદ્ર ની સ્થિત ને લીધે તમારું ધન બિનજરૂરી વસ્તુઓ ઉપર ખર્ચ થયી શકે છે. જો તમારે ધન સંચિત કરી ને રાખવું છે તો પોતાના જીવનસાથી અથવા માતા પિતા સાથે આના વિષે ચર્ચા કરો. મિત્રો તમારો દિવસ ઝળહળતો કરી મુકશે કેમ કે તેઓ સાંજ માટે કશુંક ઉત્સાહજનક કરશે. આજે આંધળો પ્રેમ પ્રાપ્ત કરવાનું તમે શક્યા કરી દેખાડશો.

**કર્ક (ડ,હ) :**

આજે મુશ્કેલીમાં હોય એવી કોઈ વ્યક્તિની મદદ કરવા તમારી ઊર્જાનો ઉપયોગ કરો. યાદ રાખો- આ નાશવંત શરીરનો શો ઉપયોગ જો તેનો તે અન્યોના ભલા માટે ન વાપરીએ. તમે જો થોડા વધુ નાણાં મેળવવા માર્ગ શોધી રહ્યા હો તો-સુરક્ષિત આર્થિક યોજનાઓમાં રોકાણ કરો. તમે જેની દરકાર કરો છો એવી કોઈક નિકટની વ્યક્તિ સાથે સંવાદનો અભાવ આજે તમને હતાશ કરી મુકશે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમારા વજન પર નજર રાખો અને વધુ પડતું ખાવાનું ટાળો. આજે આ રાશિ ના અમુક બેરોજગાર લોકો ને નોકરી મળી શકે છે જેથી તેમની આર્થિક સ્થિતિ સુધરશે। તમારી સિદ્ધિઓ તમારા પરિવારના સભ્યોનું મનોબળ વધારશે અને તમારી પ્રતિષ્ઠામાં એક નવા ઘરેણાનો વધારો થશે. તમારી જાતને અન્યો માટે રૉલ મૉડૅલ બનાવવા માટે સખત મહેનત કરો.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજે તમને નિર્ભેળ આનંદ તથા મોજમજા મળશે-કેમ કે તમે તમારા જીવનને સંપૂર્ણપણે માણવાનો નિશ્ચય કર્યો છે. તમારો કોઈ જૂનો મિત્ર આજે વેપાર માં લાભ મેળવવા માટે તમને સલાહ આપી શકે છે, અને જો આ સલાહ પર તમે અમલ કરો છો તો તમને ધન લાભ જરૂર થશે. દૂરના સ્થળેથી કોઈ સંબંધી તમારો સંપર્ક કરી શકે છે. કેટલાક માટે નવો રૉમાન્સ તેમનો ઉત્સાહ વધારશે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે વ્યસ્તતા છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે. તમારી કોઈ જૂની બીમારી તમને આજ હેરાન કરી શકે છે જેના લીધે તમને હોસ્પિટલ જવું પડી શકે છે અને તમારું ઘણું ધન પણ ખર્ચ થયી શકે છે. પરિસ્થિતિ અંકુશમાં રાખવા માટે તમારા ભાઈને મદદ કરો.વિવાદને કારણ વગર વધારશો નહીં એના કરતાં શાંતિપૂર્વક તેને ઉકેલવાનો પ્રયાસ કરજો. તમારૂં પ્રિયપાત્ર આજે તમારી માટે જીવંત દેવદૂત બનીને આવશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમારો શંકાશીલ સ્વભાવ તમને કદાચ પરાજયનો ચહેરો દેખાડી શકે છે. આજનો દિવસ છેલ્લો છે એ રીતે જીવવાના તથા મનોરંજન પાછળ વધુ પડતો ખર્ચ કરવાના તમારા વલણ પ્રત્યે ધ્યાન આપો. તમારી હાલત તથા તમારી જરૂરિયાત સમજતા હોય તેવા નિકટના મિત્રો સાથે બહાર જાવ. તમારા પ્રેમી અથવા પ્રેમિકા આજે તેમના ઘર ની સ્થિતિ ને કારણે ખૂબ ગુસ્સે દેખાઈ શકે છે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમારા મનોરંજનમાં રમતગમતની પ્રવૃત્તિઓ તથા બાહ્ય કાર્યક્રમોનો સમાવેશ થવો જોઈએ. તમને આકર્ષક જણાતી હોય તેવી રોકાણ યોજના વિશે વધુ જાણકારી મેળવવા માટે સપાટીની નીચે ઊંડું ખોદકામ કરો- આગળ વધતા પૂર્વે તમારા સલાહકારની સલાહ લો. તમારો ભાઈ તમારી જરૂરિયાતો પ્રત્યે તમારી ધારણા કરતાં વધુ સહકાર આપશે.

**મકર (ખ,જ) :**

આજે સ્વાસ્થ્યની દ્દષ્ટિએ સારો દિવસ. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. પોતાના ગુસ્સા પર નિયંત્રણ રાખો અને ઓફિસ માં બધા જોડે સારી રીતે વાત કરો નહીંતર તમારી નોકરી જયી શકે છે અને તમારી આર્થિક સ્થિતિ બગાડી શકે છે. સાંજે તમારા જીવનસાથી સાથે સિનેમાઘરમાં ફિલ્મ અથવા ડીનર તમને નિરાંતવા તથા અદભુત મૂડમાં લાવી મુકશે.

**કુંભ (ગ,શ,સ) :**

આજે ધાર્મિક તથા આધ્યત્મિક બાબતોમાં રસ લેવા માટે પણ સારો દિવસ છે. તમે જો થોડા વધુ નાણાં મેળવવા માર્ગ શોધી રહ્યા હો તો-સુરક્ષિત આર્થિક યોજનાઓમાં રોકાણ કરો. તમે જેની સાથે રહો છો એમાંથી કોઈક તમારા અણધાર્યા તથા હળવાશભર્યા વર્તનથી હતાશ છે અને તમારાથી નારાજ છે. તમારા પ્રેમ જીવનની બાબતમાં આજનો દિવસ અકલ્પ્ય છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજે તમે તમામ પરિસ્થિતિઓની કમાન સંભાળશો એટલે તમારી બેચેની દૂર થઈ જશે. તમને એ સમજાવાની શક્યતા છે કે બધું સાબુના પરપોટા જેવું ક્ષણભંગુર છે જ હિંમત સાથેના પ્રથમ સંપર્કથી જ ગાયબ થઈ જાય છે. વેપારીઓ ને આજ પોતાના વેપાર માં ખોટ આવી શકે છે અને પોતાના વેપાર ને સારો બનાવવા માટે તમારે તમારા પૈસા ખર્ચ કરવા પડી શકે છે.



૧૬મા નાણાપંચના અધ્યક્ષ ડો અરવિંદ પનાગરિયાએ રાષ્ટ્રપતિ ભવનમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સાથે મુલાકાત કરી.

### ખંડણી કેસમાં તપાસ એજન્સીની કાર્યવાહી

# ગેંગસ્ટર ગોલ્ડી બ્રાર સાથે જોડાયેલા ૯ સ્થળો પર NIAના દરોડા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

પંજાબમાં, નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (NIA) એ ભાગેડુ ગેંગસ્ટર ગોલ્ડી બ્રાર અને તેના સહયોગીઓ સાથે જોડાયેલા ૯ સ્થળો પર દરોડા પાડ્યા હતા. NIAએ ખંડણી અને ફાયરિંગ કેસ સાથે સંબંધિત દરોડામાં ડિજિટલ ઉપકરણો સહિત વાંધાજનક સામગ્રી જપ્ત કરી હતી.

ચંદીગઢમાં પીડિતાના ઘરે છેડતી અને ગોળીબાર સંબંધિત કેસના સંદર્ભમાં NIA દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી. મૂળ આ કેસ સ્થાનિક પોલીસે આ વર્ષે ૨૦ જાન્યુઆરીએ નોંધ્યો હતો અને NIAએ ૧૮ માર્ચે તપાસ હાથ ધરી હતી.તપાસ એજન્સીના સત્તાવાર નિવેદન અનુસાર, સતીન્દરજીત સિંહ ઉર્ફે ગોલ્ડી બ્રાર અને તેની ગેંગ વિશે જાણકારી માટે લોકો પાસેથી પણ મદદ માંગવામાં આવી છે. ચંદીગઢમાં નોંધાયેલા છેડતી અને ફાયરિંગના કેસમાં, NIAની ટીમોએ બ્રાર અને તેના સહયોગીઓ સાથે જોડાયેલા ૯ સ્થળોની શોધ કરી હતી.

ગયા વર્ષે જયપુરમાં કરણી સેનાના વડા સુખદેવ સિંહ ગોગામેડીની હત્યામાં સંડોવણી બદલ NIA દ્વારા ગોલ્ડી બ્રાર અને અન્ય ૧૧ આરોપીઓ સામે ચાર્જશીટ દાખલ કર્યાના એક દિવસ બાદ દરોડા પાડવામાં આવ્યા હતા. NIA એ ટેલિફોન નંબરો પણ જાહેર કર્યા છે જ્યાં લોકો આતંકવાદી અને તેના સહયોગીઓ વિશે અથવા ગેંગ તરફથી મળેલા કોઈપણ ધમકીભર્યા કોલ વિશે માહિતી આપી શકે છે.સમાચાર એજન્સી પીટીઆઈ અનુસાર, NIA દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે માહિતી લેન્ડલાઈન નંબર ૦૧૭૨-૨૬૮૨૯૦૧ અથવા મોબાઈલ નંબર ૭૭૪૩૦૦૨૯૪૭ (ટેલિગ્રામ/વોટ્સએપ માટે) પર શેર કરી શકાય છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે માહિતી આપનાર વ્યક્તિની ઓળખ ગુપ્ત રાખવામાં આવશે.NIAની તપાસમાં જાણવા મળ્યું છે કે ગોલ્ડી બ્રારે રાજપુરાના ગોલ્ડી નામના સહયોગી સાથે મળીને પંજાબ, ચંદીગઢ અને આસપાસના વિસ્તારોના વેપારીઓ પાસેથી પૈસા પડાવવાનું કાવતરું ઘડ્યું હતું. તેઓએ બ્રારે બનાવેલી આતંકવાદી ગેંગને હથિયારો અને દારૂગોળો પણ પૂરો પાડ્યો હતો. તપાસ એજન્સીએ મોહાલી, પટિયાલા, હોશિયારપુર અને ફતેહગઢ સાહિબ જિલ્લામાં દરોડા પાડ્યા હતા.

## મે મહિનામાં મોંઘી થઇ વેજ થાળી! સસ્તી થઇ નોનવેજ ડીશ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

શાકાહારી ભોજન ખાવાનું પસંદ કરનારા લોકોને મોંઘવારી માર સહન કરવી પડી રહી છે. મે મહિનામાં શાકાહારી થાળીની સરેરાશ ખર્ચ ૯ ટકા વધી ગઈ છે. ગુરૂવારે જાહેર કરવામાં આવેલા રિપોર્ટમાં ડુંગળી ટામેટા અને બટાકાની કિંમતોમાં તેજીને કારણ જણાવવામાં આવ્યું છે. ક્રિસિલ માર્કેટ ઇંટેલિજેન્સ એન્ડ એનાલિસિસની માસિક રોટી ભાત દર રિપોર્ટમાં શાકાહારી થાળી મોંઘી થવાની વાત કહી. જોકે બ્રોયલર મુરધીની કિંમતમાં ઘટાડાથી માંસાહારી ભોજનના ખર્ચમાં ઘટાડો થયો છે. રિપોર્ટ અનુસાર શાકાહારી ભોજનની કિંમત મે મહિનામાં વધીને ૨૭.૮ રૂપિયા પ્રતિ થાળી થઇ ગઇ, જે એક વર્ષ અગાઉ સમાન ગાળામાં રૂ. ૨૫.૫ હતો. જ્યારે એક મહિના પહેલા એપ્રિલમાં શાકાહારી થાળીની કિંમત ૨૭.૪ રૂપિયા હતી.

## કોંગ્રેસ પાર્ટીએ લોકસભા ચૂંટણીમાં સદી પુરી કરી

। (એજન્સી) મુંબઈ, તા.૭ ।


અપક્ષ સાંસદના સમર્થન બાદ કોંગ્રેસ પાર્ટીએ લોકસભા ચૂંટણીમાં પોતાની સદી પૂરી કરી છે. આ ચૂંટણીમાં કોંગ્રેસ પોતાના દમ પર ૯૯ બેઠકો મેળવવામાં સફળ રહી હતી. મહારાષ્ટ્રની સાંગલી સીટ પરથી જીતેલા અપક્ષ ઉમેદવાર વિશાલ પાટીલ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને મળ્યા અને તેમને સમર્થન આપ્યું. આ સાથે ઈન્ડિયા ગઠબંધનને મોટો ફાયદો થયો છે અને તેમનો આંકડો વધીને ૨૩૫ બેઠકોનો થઈ ગયો છે. તેમણે કોંગ્રેસ અધ્યક્ષને પોતાનો સમર્થન પત્ર સુપરત કર્યો છે. પાટીલ પહેલાથી જ કોંગ્રેસની ટિકિટ પર આ સીટ પરથી ચૂંટણી લડવા માંગતા હતા. જો કે સીટ વહેંચણીમાં ઉદ્ધવ ઠાકરેને આ સીટ મળી હતી. ત્યારપછી તેમણે અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડવી પડી હતી. પાટીલે સાંગલી બેઠક પર એક લાખથી વધુ મતોથી જીત મેળવી છે. આ બેઠક પર ભાજપે ફરી સંજય કાકા પાટીલને ટિકિટ આપી હતી.

# રશિયા સામે જર્મન મિસાઈલના ઉપયોગથી પુતિન નારાજ

### પુતિને કહ્યું કે પશ્ચિમી દેશોનું માનવું ખોટું છે કે રશિયા ક્યારેય પરમાણુ હથિયારોનો ઉપયોગ નહીં કરે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

પુતિને એમ પણ કહ્યું હતું કે મોસ્કો એવા દેશોની નજીક સમાન ઉચ્ચ-ટેકનોલોજી લાંબા અંતરની મિસાઈલો તૈનાત કરવાનું વિચારી રહ્યું છે જેમણે યુક્રેનને આવી મિસાઈલોથી રશિયન પ્રદેશ પર હુમલો કરવાની મંજૂરી આપી છે. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને બુધવારે કહ્યું હતું કે જો યુક્રેનને લાંબા અંતરના પશ્ચિમી શસ્ત્રો સાથે રશિયામાં ઊંડે સુધી હુમલો કરવા માટે મુક્ત લગામ આપવામાં આવે છે, તો રશિયા, યુએસ અને તેના યુરોપિયન સહયોગીઓની સ્ટ્રાઈકિંગ રેન્જમાં ઘટાડો થશે. એજન્સી અનુસાર, પુતિને કહ્યું કે પશ્ચિમી દેશોનું માનવું ખોટું છે કે રશિયા ક્યારેય પરમાણુ હથિયારોનો ઉપયોગ નહીં કરે. આ સિવાય પુતિને જર્મનીને ચેતવણી આપી છે કે રશિયા પર હુમલો



કરવા માટે યુક્રેનના હથિયારોનો ઉપયોગ કરવો 'ખતરનાક પગલું' હશે. તેના જવાબમાં રશિયા પરમાણુ હથિયારોનો ઉપયોગ કરી શકે છે.

તાજેતરમાં, નાટોના વડા જેન્સ સ્ટોલ્ટનબર્ગે યુક્રેનને રશિયન પ્રદેશો પર હુમલો કરવા માટે પશ્ચિમી હથિયારોનો ઉપયોગ કરવાની મંજૂરી આપવા માટે હાકલ કરી હતી. આ મુદ્દાના પ્રશ્ન પર પુતિને ચેતવણી આપી હતી કે કિવને વધુ શક્તિશાળી શસ્ત્રો સાથે રશિયા પર હુમલો કરવાની મંજૂરી આપવી એ એક ગંભીર મુદ્દો છે, જે પશ્ચિમને રશિયા સાથે યુદ્ધ તરફ લઈ જઈ રહ્યું છે. પુતિને એમ પણ કહ્યું હતું કે મોસ્કો એવા દેશોની નજીક સમાન ઉચ્ચ તકનીકી લાંબા અંતરની મિસાઈલો ગોઠવવાનું વિચારી રહ્યું છે જેણે યુક્રેનને આવી મિસાઈલોથી રશિયન પ્રદેશ પર હુમલો કરવાની મંજૂરી આપી છે. પુતિને સ્પષ્ટતા કરી નથી કે તેઓ આવી મિસાઈલો ક્યાં તૈનાત કરવાનું વિચારી રહ્યા છે. રાષ્ટ્રપતિ જો બિડેને યુક્રેનને રશિયાની અંદરના સૈન્ય મથકો પર કેટલાક અમેરિકી શસ્ત્રો લોન્ચ કરવાની પરવાનગી આપી હતી. યુ.એસ. હજુ પણ યુક્રેનને રશિયા પર ATACMS સાથે હુમલો કરતા અટકાવે છે, જેની રેન્જ ૧૮૬ માઈલ (૩૦૦ કિમી) સુધી છે.બ્રિટિશ વિદેશ સચિવ ડેવિડ કેમેરોને ૩ મેના રોજ કિવની મુલાકાત દરમિયાન કહ્યું હતું કે યુક્રેનને રશિયાની અંદર હુમલો કરવા માટે બ્રિટન દ્વારા પૂરા પાડવામાં આવતા હથિયારોનો ઉપયોગ કરવાનો અધિકાર છે અને તે કિવ પર નિર્ભર છે કે તે આવું કરવા માંગે છે કે નહીં.

### પીએમ મોદીએ બંગાળમાં

# ૨૨ રેલીઓ અને રોડ શો કર્યા, છતાં ભાજપ ૨૦ સીટો પર હારી ગયું

### આ ચૂંટણીમાં વડાપ્રધાન મોદીના ચૂંટણી પ્રચાર છતાં, ભાજપે ૨૦૧૯માં જીતેલી પાંચ બેઠકો જાળવી રાખવામાં નિષ્ફળ રહી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

લોકસભા ચૂંટણીના પરિણામો આવી ગયા છે. આમાં ભાજપ સૌથી મોટી પાટી તરીકે ઉભરી છે, જેણે ૨૪૦ સીટો જીતી છે. જો કે આ મોટી જીત બાદ પણ ભાજપ બહુમતીનો આંકડો સ્પર્શી શકી નથી. આ વખતે યુપીમાંથી ભાજપને મોટો ઝટકો લાગ્યો છે. આ સાથે ભગવા પાટીને પણ પશ્ચિમ બંગાળમાંથી અપેક્ષા મુજબના પરિણામો મળ્યા નથી. તમને જણાવી દઈએ કે બંગાળમાં જ્યાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રચાર કર્યો હતો, ત્યાં ભાજપે સૌથી વધુ સીટો ગુમાવી છે. તમને જણાવી દઈએ કે બંગાળની ૪૨ લોકસભા સીટોમાંથી ટીએમસી ૨૯, ભાજપ ૧૨ અને કોંગ્રેસ ૧ સીટ જીતવામાં સફળ રહી છે.લોકસભા ચૂંટણી દરમિયાન, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ૧ માર્ચના રોજ હુગલીના અરામબાગમાં ભાજપની પ્રથમ વિજય સંકલ્પ રેલી સાથે બંગાળમાં તેમના ૨૦૨૪ના ચૂંટણી અભિયાનની શરૂઆત કરી હતી. બંગાળમાં મોટી લીડ મેળવવાના ઈરાદા સાથે આવેલા ભાજપની સાથે પીએમ મોદીએ રાજ્ય પર વિશેષ ફોકસ કર્યું હતું.પીએમએ ૨૯ મેના રોજ કોલકાતામાં મેગા રોડ શો સાથે ત્રણ મહિનાના અભિયાનનું સમાપન કર્યું હતું. આ સમયગાળા દરમિયાન પીએમ મોદીએ ૨૨ રેલીઓ અને એક રોડ શો કર્યો, જે કોલકાતામાં તેમનો પહેલો રોડ શો હતો. પરંતુ પરિણામો પર નજીકથી જોવામાં આવે છે તે દર્શાવે છે કે ભાજપના સૌથી મોટા સ્ટાર પ્રચારક બંગાળમાં મતદારોને ભગવા પક્ષની તરફેણમાં ફેરવવામાં નિષ્ફળ ગયા.પીએમ મોદીએ બંગાળની ૨૭ લોકસભા બેઠકો માટે ૨૩ ચૂંટણી પ્રચાર (૨૨ જાહેર સભાઓ અને એક રોડ શો) કર્યા હતા, પરંતુ ભાજપે આ ૨૭માંથી ૨૦ બેઠકો ગુમાવી છે. આ ચૂંટણીમાં વડાપ્રધાન મોદીના ચૂંટણી પ્રચાર છતાં, ભાજપે ૨૦૧૯માં જીતેલી ૫ બેઠકો જાળવી રાખવામાં નિષ્ફળ રહી. આ બેઠકો છે કૂચ બિહાર, બાંકુરા, મેદિનીપુર, બેરકપુર અને ઝારગ્રામ. કુચ બિહારમાં ગૃહ રાજ્ય મંત્રી નિસિથ પ્રામાણિક ભાજપના ઉમેદવાર હતા. ૪ એપ્રિલના રોજ પીએમ મોદીએ સંઘ પરિષદમાં તેમના સાથીદારના સમર્થનમાં એક વિશાળ રેલીને સંબોધિત કરી હતી. પરંતુ નિસિથ પ્રામાણિક ટીએમસીના જગદીશ ચંદ્ર બસુનિયા સામે ૩૯,૨૫૦ મતોના માર્જિનથી હારી ગયા. જ્યારે નિશીથ પ્રામાણિકને ૭૪૯૧૨૫ વોટ મળ્યા, જ્યારે બસુનિયાને ૭૮૮૩૭૫ વોટ મળ્યા.આ સિવાય વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બાંકુરા સીટ પરથી ચૂંટણી લડનાર કેન્દ્રીય મંત્રી સુભાષ સરકાર માટે પણ પ્રચાર કર્યો હતો, આમ છતાં સુભાષ સરકાર પોતાની બાંકુરા સીટને બચાવી શકી ન હતી અને આ સીટ TMC પાસે ગઈ હતી. અરૂપ ચક્રવતી આ બેઠક પરથી ચૂંટણી જીત્યા છે.

### ક્યાં ઉમરકોટ અને નગરપારકર...

# જ્યાં PAKમાં કરતારપુર જેવો કોરિડોર બનાવવાની વાત છે, ત્યાં ભગવાન શિવ સાથે જોડાણ છે

### કરતારપુર કોરિડોરની તર્જ પર પાકિસ્તાન હિંદુ અને જૈન ધાર્મિક સ્થળો માટે કોરિડોર ખોલવાનું વિચારી રહ્યું છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

કરતારપુર કોરિડોરની તર્જ પર પાકિસ્તાન હિંદુ અને જૈન ધાર્મિક સ્થળો માટે કોરિડોર ખોલવાનું વિચારી રહ્યું છે. આ કોરિડોર સિંધ પ્રાંતમાં ખુલશે. જેથી હિન્દુ અને જૈન ધર્મના લોકો સિંધમાં સ્થિત ધાર્મિક સ્થળોએ જઈને પૂજા કરી શકે.

સિંધ પ્રાંતના પર્યટન મંત્રી ઝુલ્ફીકાર અલી શાહે કહ્યું કે હિન્દુ અને જૈન ધર્મના ભક્તોની સુવિધા માટે પ્રાંતમાં પાકિસ્તાન-ભારત સરહદ પર કરતારપુર જેવો ધાર્મિક કોરિડોર બનાવવામાં આવી શકે છે.શાહે કહ્યું કે આ કોરિડોર ઉમરકોટ અને નગરપારકરમાં બની શકે છે. ઉમરકોટમાં શ્રી શિવ મંદિર આવેલું છે, જે સિંધના સૌથી જૂના હિન્દુ મંદિરોમાંનું એક માનવામાં આવે છે. કેટલાક લોકો માને છે કે તે બે હજાર વર્ષ પહેલાં બાંધવામાં આવ્યું હતું. આ સાથે, નગરપારકરમાં ઘણા ત્યજી દેવાયેલા જૈન મંદિરો છે, જ્યાં મોટી સંખ્યામાં હિન્દુ વસ્તી છે. તેમણે કહ્યું કે સિંધમાં મોટી સંખ્યામાં હિન્દુઓ અને જૈનો છે જેઓ આ ધાર્મિક સ્થળોની મુલાકાત લેવા માંગે છે.

આ વાતની પુષ્ટિ કરતા સિંધ સરકારના પ્રવક્તાએ કહ્યું કે પર્યટન મંત્રી શાહે તેમના વિભાગના અધિકારીઓ સાથે આ શક્યતા અંગે ચર્ચા કરી છે. ઝુલ્ફીકાર અલી શાહે દુબઈમાં પોતાના સંબોધનમાં આ વાતનો ઉલ્લેખ કર્યો હતો. પરંતુ હજુ સુધી આ અંગે કંઈ નક્કી કરવામાં આવ્યું નથી. કોઈપણ રીતે, આ ફેડરલ સરકાર સાથે સંબંધિત બાબત છે.પાકિસ્તાનમાં હિન્દુઓ સૌથી મોટો લઘુમતી સમુદાય છે. સત્તાવાર અંદાજ મુજબ પાકિસ્તાનમાં અંદાજે ૭૫ લાખ હિંદુઓ રહે છે. પરંતુ સમુદાયનું કહેવું છે કે દેશમાં હિન્દુઓની સંખ્યા ૯૦ લાખથી વધુ છે.

### CISFએ સંસદની સુરક્ષામાં તોડફોડ કરવાના પ્રયાસને નિષ્ફળ બનાવ્યા

# નકલી આધાર કાર્ડ દ્વારા સંસદ ભવનમાં પ્રવેશવાનો પ્રયાસ

### આ મામલામાં એવા ત્રણ લોકોની ધરપકડ કરવામાં આવી છે જેઓ નકલી આધાર કાર્ડ દ્વારા સંસદ ભવનમાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહ્યા હતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

CISF એ ત્રણ મજૂરોની ધરપકડ કરી છે જેઓ નકલી આધાર કાર્ડ બનાવીને સંસદ ભવન સંકુલમાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહ્યા હતા. સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે, ''બનાવટી'' આધાર કાર્ડનો ઉપયોગ કરીને ઉચ્ચ સુરક્ષાવાળા સંસદ સંકુલમાં કથિત રીતે પ્રવેશવાનો પ્રયાસ કરી રહેલા ત્રણ મજૂરોને CISFના જવાનોએ પકડી પાડ્યા હતા.

વાસ્તવમાં, ૪ જૂને, સંસદ ભવનના ફ્લેપ ગેટ પર પાસ ચેકિંગ દરમિયાન, CISFના જવાનોએ ૦૩ મજૂરો કાસિમ, મોનિસ અને શોએબને પકડ્યા, જે નકલી આધાર બતાવીને PHCમાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહ્યા હતા. તપાસમાં જાણવા મળ્યું કે તેઓને ડીવી પ્રોજેક્ટ્સ લિમિટેડ દ્વારા ભાડે રાખવામાં આવ્યા હતા અને તેઓ આઈજી ૭માં એમપીના લોન્જના બાંધકામમાં રોકાયેલા હતા. તમામ ૦૩ મજૂરોને વધુ તપાસ માટે સંસદ માર્ગ પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યા હતા. આ ત્રણેય લોકો પર બનાવટી અને છેતરપિંડી સંબંધિત ભારતીય દંડ સંહિતાની વિવિધ કલમો હેઠળ આરોપ મૂકવામાં આવ્યો છે. ત્રણેય તેમના આધાર કાર્ડ બતાવીને સંસદ સંકુલમાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહ્યા હતા અને આ દરમિયાન CISF જવાનોને તેમના કાર્ડ શંકાસ્પદ જણાયા હતા.

આ પછી જ્યારે આધાર કાર્ડની તપાસ કરવામાં આવી તો તે નકલી હોવાનું જાણવા મળ્યું.આ પછી સંસદ ભવનની સુરક્ષા માટે તૈનાત અન્ય સુરક્ષા એજન્સીઓના અધિકારીઓ પણ ઘટનાસ્થળે પહોંચ્યા અને તેમની પૂછપરછ કરી. તપાસ દરમિયાન સામે આવ્યું કે ત્રણેયને ડીવી પ્રોજેક્ટ્સ લિમિટેડ દ્વારા ભાડે રાખવામાં આવ્યા હતા. તેઓ આઈજી ૭માં એમપી લોન્જના બાંધકામમાં રોકાયેલા હતા.

# તાપમાન વધવાની સાથે જ કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે ગરમીના મહિનાઓ દરમિયાન હીટવેવની તૈયારીઓ અને હોસ્પિટલમાં લાગેલી આગને રોકવા માટેના પગલાં અંગે રાજ્યો સાથે સમીક્ષા બેઠક યોજી

। નવી દિલ્હી ।

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના ડીજીએચએસ, ડૉ. અતુલ ગોયલે દેશભરમાં વિવિધ આરોગ્ય સંભાળ સુવિધાઓ દ્વારા અપનાવવામાં આવેલા હીટવેવની સ્થિતિ અને આગ અને વિદ્યુત સલામતીના પગલાંની સજ્જતાનું મૂલ્યાંકન કરવા માટે રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશો સાથે વર્ચ્યુઅલ બેઠક કરી હતી. આઈએમડી દ્વારા ૨૭ મે ૨૦૨૪નાં રોજ બહાર પાડવામાં આવેલા લાંબા અંતરની આઉટલુક આગાહી મુજબ, એવી આગાહી કરવામાં આવી છે કે જૂન ૨૦૨૪માં દક્ષિણ દ્વીપકલ્પ ભારતના ભાગોને બાદ કરતા દેશના મોટાભાગના ભાગોમાં સામાન્યથી વધુ માસિક મહત્તમ તાપમાનની સંભાવના છે. દક્ષિણ દ્વીપકલ્પ ભારતમાં સામાન્યથી નીચે તાપમાનની સંભાવના છે. જૂન દરમિયાન, ઉત્તર-પશ્ચિમ ભારતના મોટાભાગના વિસ્તારો અને મધ્ય ભારતના નજીકના ભાગોમાં સામાન્યથી વધુ ગરમીના દિવસો રહેશે તેવી શક્યતા વધુ છે.

**રાજ્યના આરોગ્ય વિભાગોને નીચેના નિર્દેશો મોકલ્યા છે**

રાજ્યના આરોગ્ય વિભાગો માટે સલાહકાર, ગરમીને લગતી બીમારીઓ માટે આરોગ્ય પ્રણાલીની સજ્જતા (એચઆરઆઈ) માટે આરોગ્ય પ્રણાલીને મજબૂત કરવા માટેની માર્ગદર્શિકાઓ.

શું કરવું અને શું ન કરવું અને આઈઈસી પોસ્ટર ટેમ્પ્લેટ્સની સાથે એક જાહેર આરોગ્ય સલાહ. ગંભીર ગરમી-સંબંધિત બીમારીઓ માટે ઈમરજન્સી કૂલિંગ પર માર્ગદર્શિકાઓ.

ગરમી સંબંધિત મૃત્યુમાં ઓટોપ્સી તારણો પર માર્ગદર્શિકા દેશભરની તમામ એઈમ્સ અને મેડિકલ કોલેજોમાં પ્રસારિત કરવામાં આવ્યા છે.

સ્વાસ્થ્ય મંત્રાલય, સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય અને એનડીએમએના સંયુક્ત સંદેશાવ્યવહાર તથા ડિરેક્ટોરેટ જનરલ ઓફ હેલ્થ સર્વિસીસ તરફથી આરોગ્ય સુવિધાઓમાં ફાયર સેફ્ટી પગલાં પર સંદેશાવ્યવહાર.

ગરમીની આરોગ્ય પર થતી અસરોને રોકવા અને તેનું સંચાલન કરવા માટે આરોગ્ય સુવિધા અને એમ્બ્યુલન્સ સજ્જતાના મૂલ્યાંકન માટે ચેકલિસ્ટ.

૨૩ માર્ચ ૨૦૨૪ના રોજ મોકલવામાં આવેલા એક પત્ર દ્વારા, રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશોને વિનંતી કરવામાં આવી છે કે તેઓ ભારે ગરમીને કારણે થતી વિનાશક ઘટનાઓને રોકવા માટે સક્રિય પગલાં લે. આ પછી ૨૯ મે ૨૦૨૪ના રોજ ફાયર સેફ્ટીના સંદર્ભમાં તમામ નિવારક પગલાં લેવા માટે બીજો એક પત્ર મોકલવામાં આવ્યો હતો.

આ બેઠકમાં રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશો દ્વારા હાથ ધરવામાં આવનારા વિસ્તૃત પગલાં અને ઉપાયોની પુનઃપુષ્ટિ કરવામાં આવી હતીઃ-

**હીટ હેલ્થ એક્શન પ્લાનનો અમલ**

ભારતીય હવામાન વિભાગ (આઈએમડી) દ્વારા જારી કરવામાં આવેલી હીટ વેવ્સની પૂર્વ ચેતવણીનો પ્રસાર. એચઆરઆઈના નિવારણ અને વ્યવસ્થાપન માટે તમામ હેલ્થકેર સુવિધાઓ અને એમ્બ્યુલન્સ સજ્જતાનું મૂલ્યાંકન.

આઈએચઆઈપી પર ગરમીને લગતી બીમારી અને મૃત્યુ દેખરેખને મજબૂત કરવી. તમામ હેલ્થકેર સુવિધાઓ ખાતે સમર્પિત હીટ સ્ટ્રોક રૂમ. આરોગ્ય સલાહ જારી કરવી અને આઈઈસીની પ્રવૃત્તિઓનું આયોજન કરવું. એચઆરઆઈ લક્ષણો, કેસની ઓળખ, ક્લિનિકલ મેનેજમેન્ટ, ઈમરજન્સી કૂલિંગ અને સર્વેલન્સ રિપોર્ટિં પર આરોગ્ય સુવિધાઓના તબીબી અધિકારીઓ અને આરોગ્ય સંભાળ કર્મચારીઓની સંવેદનશીલતા અને ક્ષમતા નિર્માણ.


અત્યંત ગરમી માટે આરોગ્ય સુવિધાની સરળ ઉપલબ્ધતા. એચઆરઆઈ- કેન્દ્રિત સામૂહિક મેળાવડા/રમતગમત કાર્યક્રમની સજ્જતા. સંભવિત રીતે સંવેદનશીલ વિસ્તારોની ઓળખ કરવા માટે નિયમિત રીતે નિવારક આગના જોખમ મૂલ્યાંકન અભ્યાસ આયોજિત કરવો. જ્વલનશીલ પદાર્થોનો યોગ્ય સંગ્રહ અને ઈલેક્ટ્રિકલ સર્કિટ્સ અને સિસ્ટમ્સની નિયમિત અને મહત્તમ નિવારક જાળવણી જેવા યોગ્ય આગ નિવારણ પગલાંનો અમલ કરવો.

ફાયર સેફ્ટી પ્રોટોકોલ, ઈવેક્યુએશન પ્રક્રિયાઓ અને અગ્નિશામક સાધનોના ઉપયોગ અંગે કર્મચારીઓને તાલીમ આપવી. ધુમાડાના અલાર્મ, અગ્નિશામકો અને છંટકાવ સહિત આગની શોધ અને દમન પ્રણાલીની સ્થાપના અને મહત્તમ જાળવણી.

આગની અનિચ્છનીય ઘટનામાં દર્દીઓ, કર્મચારીઓ અને મુલાકાતીઓને બહાર કાઢવા માટે એસઓપી સાથે ઈમરજન્સી રિસ્પોન્સ પ્લાનની સ્થાપના કરવી. સૌથી અગત્યની વાત એ છે કે, કોઈ પણ જાતના સમાધાન કર્યા વિના મોક ઈમરજન્સી ડ્રિલ્સનું નિયમિત રીતે સંચાલન કરવું.

**રાજ્ય સ્તરની તૈયારી**

એવી માહિતી આપવામાં આવી હતી કે તમામ રાજ્ય /કેન્દ્રશાસિત પ્રદેશોના ઉચ્ચ-સ્તરીય અધિકારીઓ પરિસ્થિતિ પર કડક નજર રાખી રહ્યા છે. મધ્ય પ્રદેશ જેવા રાજ્યોએ તમામ સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં આગ-સલામતીના અકસ્માતો પર મોકડ્રીલ કવાયત હાથ ધરી છે. ફાયર સેફ્ટી અંગે મોકડ્રીલ યોજવા માટે શહેરી વહીવટ અને ઈજનેરી વિભાગોનું સંકલન કરવામાં આવ્યું હતું. કોડ રેડ પ્રોટોકોલ પણ જારી કરવામાં આવ્યો છે. ઓડિશામાં રાજ્યભરમાં હીટ વેવ કંટ્રોલ રૂમની સ્થાપના કરવામાં આવી છે. ઉત્તર પ્રદેશમાં વસ્તી પ્રત્યે જાગૃતિ લાવવા માટે દસ્તક (ડોર-ટુ-ડોર) અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આ રાજ્યમાં લગભગ તમામ આરોગ્ય સુવિધાઓમાં ફાયર સેફ્ટી અધિકારીઓની ઓળખ કરવામાં આવી હતી. હરિયાણાએ તમામ આરોગ્ય સંભાળ સુવિધાઓમાં આવશ્યક દવાઓ અને લોજિસ્ટિક્સની ખાતરી કરવા માટે સમર્પિત નાણાકીય ફાળવણી કરી છે. રાજસ્થાનમાં, ૧૦૪ અને ૧૦૮ સાથે જોડાયેલી એમ્બ્યુલન્સ ઠંડક ઉપકરણોથી સજ્જ છે. પશ્ચિમ બંગાળમાં ફાયર વિભાગ પાસેથી ફાયર સેફ્ટી સર્ટિફિકેટ સુનિશ્ચિત કરવામાં આવે છે અને મોકડ્રીલ કરવામાં આવી રહ્યાં છે. બિહારમાં, આરોગ્ય સંભાળ સુવિધાઓમાં આગની ઘટનાઓને રોકવા માટે સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી સાથે સંકલન ચાલુ છે. દિલ્હીએ તમામ સરકારી અને ખાનગી હોસ્પિટલોને અગ્નિશામક પ્રણાલી માટેના નિર્દેશો અને એસઓપી પણ જારી કર્યા છે. જો નાની સુવિધાઓમાં પણ ફાયર એનઓસી ઉપલબ્ધ ન હોય તો સરકારી/ખાનગી સંસ્થાઓમાં ફાયર ઈવેક્યુએશન પ્લાન અને ફાયર ફાઈટિંગ સિસ્ટમ ફરજિયાત બનાવવામાં આવી છે.




અમદાવાદ શહેર પોલીસની નવનિર્મિત પોલીસ કમિશનર કચેરીની ગુજરાત પોલીસ મહાનિર્દેશકશ્રી વિકાસ સહાય, અમદાવાદ પોલીસ કમિશનરશ્રી જી.એસ. મલિક તથા ગુજરાત પોલીસ હાઉસીંગ બોર્ડના વડા શ્રી હસમુખ પટેલ તથા બીજા ઉચ્ચ અધિકારીઓ દ્વારા મુલાકાત લઇ રીવ્યૂ બેઠક લેવામાં આવી હતી.

## ન્યુઝ બોક્ષ

### ગુજરાતના ૨૬માંથી ૨૩ સાંસદ કરોડપતિ!

। (એજન્સી) ગાંધીનગર, તા.૭ ।

લોકસભાની ચૂંટણીમાં ગુજરાતમાં ચુંટાયેલા સાંસદની વધુ એક વાર મિકલત અને ગુનાઓની માહિતી સામે આવી છે. એડીઆર વિશ્લેષણમાં ઘણી ચોંકાવનારી વિગતો સામે આવી છે. એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ દ્વારા ચૂંટણી પરિણામમાં વિજયી થયેલા સાંસદોના કરાયેલા વિશ્લેષણમાં એકથી વધુ વખત ચૂંટાયેલા મોટાભાગના સાંસદોની મિલકતમાં મોટાપાયે વધારો થયો હોવાનું ફલિત થાય છે. સાંસદોની સંપત્તિ અને ગુનાની વિગતો તેમણે ઉમેદવારી પત્ર ભરતી વખતે ચૂંટણી પંચ સમક્ષ રજૂ કરેલી એફિડેવિટમાંથી વિશ્લેષણ કરવામાં આવતી હોય છે. ઉમેદવારો દ્વારા ચૂંટણી દરમિયાન પ્રચાર સંબંધિત કામગીરીમાં કરોડો રૂપિયાનો ખર્ચ પણ કરવામાં આવતો હોય છે. જેની સંપૂર્ણ વિગતો ચૂંટણી પંચ સમક્ષ રજૂ કરવાની હોય છે. લોકસભા ચૂંટણી સંપન્ન થતા એડીઆર દ્વારા પરિણામો વિશે કરાયેલા રસપ્રદ વિશ્લેષણમાં જીતેલા સાંસદો પરના ગુના અને સંપત્તિની વિગતો બહાર આવી છે.

### ભીખાભાઈ ઠેબા પાસેથી ૮૦ લાખની બેનામી સંપત્તિ જપ્ત

। (એજન્સી) રાજકોટ, તા.૭ ।

ભયાનક રાજકોટ અગ્નિકાંડ માટે જવાબદાર સરકારી અધિકારીઓ પર કાર્યવાહીનો દોર ચાલુ છે જેમાં મોટા મોટા પદાધિકારીઓને ઘરે તેમજ ઓફિસમાં પણ સર્ચ કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે, બનાવની વિગત મુજબ રાજકોટ મનપાના ફાયર વિભાગના ડેપ્યુટી ફાયર ઓફિસર વિરુદ્ધ લાંચ લેવાની અનેક ફરિયાદ મળતા થતા સરકાર દ્વારા તપાસ કરવામાં આવી હતી. જેમાં રાજકોટ મહાનગર પાલિકાના ડેપ્યુટી ફાયર ઓફિસર ભીખાભાઈ ઠેબાએ તેમના કાર્યકાળ દરમિયાન અનેક એકમો પાસેથી ગેરકાયદેસર રીતે પૈસા મેળવીને સર્વિસના વર્ષ ૨૦૧૨થી ૨૦૨૪ દરમિયાન પોતાની સરકારી આવક કરતા ૬૭.૨૭% વધુ મિલકતો વસાવી હોવાનું એસીબીની તપાસમાં સામે આવ્યું છે. જેના પગલે એસીબીએ ઠેબા વિરુદ્ધ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથધરી છે. રાજકોટ ટી.આર.પી. ગેમિંગ ઝોનમાં આગ લાગવાના લીધે ૨૭ લોકોના મૃત્યુ નિપ જ્યા હતા. સમગ્ર અગ્નિકાંડમાં આડકતરી અથવા તો સીધી રીતે સંડોવાયેલા રાજકોટ શહેરના સરકારી કર્મચારીઓ વિરુદ્ધ એસબીએ તપાસનો દૌર શરુ કર્યો હતો. સમગ્ર મામલાની તપાસમાં એસીબી સમક્ષ ઘણી ચોકાવનારી માહિતી સામે આવી હતી.

### પ્રેમિકાએ નવા પ્રેમી સાથે મળી પૂર્વ પ્રેમીની કરી હત્યા

। (એજન્સી) હાલોલ, તા.૭ ।

ગુજરાતમાં પ્રેમ સબંધ હત્યા સુધી પહોંચી જાય એવા અનેક બનાવો પ્રકાશમાં આવતાં રહે છે. ત્યારે શિવરાજપુર નજીકથી ૩ જુને પોલીસને એક નાળામાંથી અકસ્માત થયેલી હાલતમાં એક મૃતદેહ મળી આવ્યો હતો. મૃતક યુવકે ફોન પર કોઈની સાથે વાત કરી ઘરેથી નીકળ્યા બાદ તેનો અકસ્માત થયો હોવાનું જાણવા મળતા પોલીસે કોલ ડિટેઈલ આધારે તપાસ હાથ ધરી હતી. જેમાં યુવક સગીરા સાથે વાત કરી ઘરેથી નીકળ્યો હોવાનું ખુલ્યું હતું. તપાસમાં સગીરાએ પ્રેમી અને તેના મિત્રો સાથે મળી યુવકની હત્યા કરાવી હોવાનો પર્દાફાશ થયો હતો. આરોપીઓએ હત્યાને અકસ્માતમાં ફેરવી પોલીસને ગુમરાહ કરવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસે કેસનો પર્દાફાશ કરી તમામ આરોપીઓને ઝડપી પાડી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

### વ્યાજની રકમ ભક્તોની સુવિધામાં વપરાશે

# અંબાજી મંદિરમાં ૧૭૫ કિલો સોનું ભક્તો દ્વારા દાન કરાયું

## આ સોનું કેન્દ્રની ગોલ્ડ મોનેટાઈઝેશન સ્કીમ અંતર્ગત મૂકાયું

। (એજન્સી) અંબાજી, તા.૭ ।

પ્રજા અને મોટી સંસ્થાઓ પાસે પડેલાં સોનાને ઉપયોગમાં લેવા કેન્દ્ર સરકાર દ્વારા સોનું મેળવી તેના પર વ્યાજ આપવા માટેની એક ગોલ્ડ મોનિટાઈઝેશન સ્કીમની શરૂઆત કરવામાં આવી હતી. આ યોજનાનો લાભ અંબાજી મંદિર દેવસ્થાન ટ્રસ્ટે પણ લીધો છે. અંબાજી મંદિરમાં ૧૯૬૦ થી વિવિધ ભક્તો દ્વારા દાનમાં મળેલા સોનાના ઘરેણાં એકત્રિત કરવામાં આવ્યા હતા. કુલ ૧૬૭ કિલો જેટલું સોનું બેંકમાં ગોલ્ડ મોનિટાઈઝેશન સ્કીમમાં મૂકવામાં આવ્યું હતું. ત્યાર બાદ ફરી ૩ કિલો જેટલું સોનું હાલમાં જ મૂકવામાં આવ્યું છે. ઓ સોનાથી મળતા વ્યાજની રકમને મંદિર ટ્રસ્ટ દ્વારા માતાજીના દર્શને આવતા લોકોની સુખ સુવિધા માટે વાપરવામાં આવે છે. અંબાજી મંદિર પાસે ૧૭૫ કિલો સોનું છે.જેની લેટેસ્ટ ભાવ પ્રમાણે કિંમત ૧૨૨ કરોડ થાય છે. મંદિર પાસે ૬૦૦૦ કિલો ચાંદી પણ છે, જેની કિમત ૫૦ કરોડ છે. મંદિરે ૧૭૫ કિલો સોનું સરકારની ગોલ્ડ મોનેટાઈઝેસન સ્કીમમાં મૂક્યું. પ્રજા અને મોટી સંસ્થાઓ પાસે



પડેલાં સોનાને ઉપયોગમાં લેવા કેન્દ્ર સરકાર દ્વારા સોનું મેળવી ઉપર વ્યાજ આપવાં માટેની એક ગોલ્ડ મોનીટાઈઝેસન સ્કીમની શરૂઆત કરવામાં આવી હતી. અને જે યોજનાનો લાભ અંબાજી મંદિર દેવસ્થાન ટ્રસ્ટે પણ લીધો છે. અંબાજી મંદિરમાં ૧૯૬૦ થી વિવિધ ભક્તો દ્વારા દાન માં મળેલાં સોનાંનાં ઘરેણાં જે એક્ત્રીત કરવામાં આવ્યા હતા. તેને ગોલ્ડ મોનીટાઈજેસન સ્કીમમાં મુકવાની રાજ્ય સરકાર પાસેથી સૈદ્ધાંતીક મંજુરી મેળવાઈ હતી.

### અમદાવાદના બોપલમાંથી ઝડપાયા

## બે નંબરમાં શેરબજારનું ડબ્બા ટ્રેડિંગ કરતા ૧૮ લોકો ઝડપાયા

। (એજન્સી) અમદાવાદ, તા.૭ ।

અમદાવાદ શહેરમાં ક્રિકેટ મેચનો સટ્ટો હોય કે શેરબજારનો સટ્ટો હોય બે નંબરમાં ચાલતા આ પ્રકારના સટ્ટાનું માર્કેટ ખૂબ આગળ વધી રહ્યું છે. અમદાવાદના બોપલમાં એક મકાનમાં ગેરકાયદેસર રીતે બેંક એકાઉન્ટ વિનાના ગ્રાહકોના શેર બજારના સોદાઓ લઈ તેના ભાવ કાચા કાગળ પર રાખીને સટ્ટો રમાડતાં ૧૮ લોકોને બોપલ પોલીસે રેડ કરીને પકડી પાડતાં ખળભળાટ મચી જવા પામ્યો છે. પોલીસે ડબ્બા ટ્રેડિંગના કાગળો, ઈલેકટ્રીક સાધનો અને વાહનો સહિત કુલ ૫.૧૩ લાખનો મુદામાલ કબજે કર્યો છે. તે ઉપરાંત ૧૮ લોકોની અટકાયત કરીને વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે અમદાવાદમાં ચાલી રહેલા સટ્ટાબજાર પર પોલીસની બાજ નજર જોવા મળી છે.

### હિંમતનગર સ્ટેટ હાઈવે કાર અને ટ્રક વચ્ચે અકસ્માત

। (એજન્સી) હિંમતનગર, તા.૭ ।

ગુજરાતમાં અકસ્માતની અનેક ઘટનાઓ પ્રકાશમાં આવી રહી છે. હાઈવે પર પુરપાટ ઝડપે પસાર થતાં વાહનો અકસ્માતો સર્જી રહ્યાં છે. ત્યારે સાબરકાંઠામા ઈડરથી હિંમતનગર સ્ટેટ હાઈવે પર ગત રાત્રે કાર અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. હિંમતનગરથી કારમાં નેત્રામલી જતા પરિવારને ડાઈવર્ઝન કટ પર ઈડરથી હિંમતનગર તરફ પૂરઝડપે જતા ટ્રકે અડફેટે લીધા હતા.

### હવે બીમારીનું બહાનું કાઢ્યુ

## જેલમાંથી બહાર આવવા તથ્ય પટેલના ધમપછાડા

। (એજન્સી) અમદાવાદ, તા.૭ ।

અમદાવાદમાં ઈસ્કોન બ્રિજ પર કારથી કચડીને ૯ લોકોના જીવ લેનાર તથ્ય પટેલે હંગામી જામીન માટે હાઈકોર્ટમાં અરજી કરી છે. તથ્ય પટેલે હાર્ટની બીમારીના નામે હાઈકોર્ટમાં જામીન માંગ્યા છે. હાઈકોર્ટે જેલ સત્તાધીશોને તથ્યના તાજેતરમાં કરેલા તબીબી રિપોર્ટ રજૂ કરવા આદેશ કર્યો છે. તથ્ય પટેલની જામીન અરજી પર ૧૪ જૂનના રોજ સુનાવણી હાથ ધરાશે. ઈસ્કોન બ્રિજ અકસ્માતના આરોપી તથ્ય પટેલે ગુજરાત હાઈકોર્ટમાં હંગામી જામીન અરજી કરી છે. જેમાં હૃદય સંબંધિત તકલીફને લઈને હંગામી જામીન માગવામાં આવ્યા છે. અરજદારના વકીલે જણાવ્યું હતું કે, અકસ્માત બાદ જુલાઈ મહિનાથી તે જેલમાં છે. આ વર્ષે માર્ચ મહિનામા પણ તથ્ય પટેલે બીમારીના બહાના હેઠળ જામીન અરજી કરી હતી. તથ્ય પટેલે વકીલ મારફતે ગુજરાત હાઈકોર્ટમાં તબિયત ખરાબ હોવાને કારણે હંગામી જામીન અરજી કરી હતી. તથ્ય પટેલે છાતીમાં દુઃખાવો અને અનિયમીત હ્ર્દયના ધબકારાની સારવાર માટે હંગામી જામીન અરજી કરી હતી. જોકે ગુજરાત હાઈકોર્ટે આ હંગામી જામીન અરજી ફગાવી દીધી હતી. કોર્ટે તેની સારવાર માટે યુએન મહેતા હોસ્પિટલમાં કરવા આદેશ કર્યો હતો. જેલના સત્તાધીશોએ તેના હૃદય સંબંધિત રિપોર્ટ કરાવતા તેને કોઈ તકલીફ જણાઈ ન હતી. તેનો ઈકો કાર્ડિયોગ્રામ પણ નોર્મલ આવ્યો હતો. ગત વર્ષે ૨૦મી જુલાઈની રાત્રે ૧.૧૦ વાગ્યે તથ્ય પટેલે લોકોએ કચડી નાખ્યા હતા. આ અકસ્માતમાં ૯ લોકોના મોત થયા હતા. અમદાવાદ ઈસ્કોન બ્રિજના અકસ્માતમાં ૯ નિર્દોષોના મોતની તસવીરો હજી નજર સામે તરવરે છે.

# ગરીબ પરિવારના વિદ્યાર્થીઓને ઢાલ બનાવી કરોડો રૂપિયા ચાંઉ કર્યા

। (એજન્સી) ગાંધીનગર, તા.૭ ।

ગુજરાતમાં ઠેર ઠેર ખૂલી ગયેલી ખાનગી યુનિવર્સિટીઓ પોતાને ત્યાં એડમિશન પૂરા કરાવવા અને તેની ફી વસૂલી માટે હવે અનામત કેટેગરીના વિદ્યાર્થીઓની સ્કોલરશીપ યોજનાને ઢાલ બનાવી રહી છે. રાજ્યમાં ગરીબ પરિવારના અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ૧૦,૦૦૦ રૂપિયા આપી તેમના ડોક્યુમેન્ટ્સ કબજે લઈને યુનિવર્સિટીઓ સ્કોલરશીપના કરોડો રૂપિયા સરકાર પાસેથી કમાઈ રહી છે. એક પીડિત વિદ્યાર્થી દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ, તેમના એજન્ટ, તેમણે જ્યાં એડમિશન લીધું હોય એની યાદી સામે આવી છે, જેમને અમદાવાદની અલગ અલગ ખાનગી યુનિવર્સિટીમાં એડમિશન આપી તેમના ડોક્યુમેન્ટ્સ, સીમ કાર્ડ લઈને, ખાનગી બેક્રમાં ખાતું ખોલાવી તેમની સાથે છેતરપિંડી કરવામાં આવી છે. અરજદારના જણાવ્યું કે, 'SC, ST અને OBC કેટેગરીના વિદ્યાર્થીઓને મદદ કરવા માટે કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલી અને રાજ્ય સરકાર દ્વારા લાગુ કરાયેલી શિષ્યવૃત્તિ અને ફીની ભરપાઈ યોજના હેઠળના ભંડોળના દુરુપયોગમાં શૈક્ષણિક સંસ્થાઓના માલિકો, બેક્ર અધિકારીઓ અને અન્ય ખાનગી વ્યક્તિઓ સામે પોલીસ કાર્યવાહી કરવામાં આવે.' અરજદારે એજન્ટના નંબર, વિદ્યાર્થીઓના મોબાઈલ નંબર, તેમણે લીધેલ એડમિશનની વિગત, કોર્સના નામ જેવી વિગતો પૂરી પાડી છે, જેમાં અમદાવાદ, દહેગામ અને ધોળકામાં આવેલી ખાનગી યુનિવર્સિટીઓના નામ છે. એજન્ટ દ્વારા અરજદારને ૧૦,૦૦૦ રૂપિયા આપવાનું કહીને અમદાવાદ ખાનગી યુનિવર્સિટી ખાતે લાવવામાં આવ્યા હતા.

### રાજકોટમાં હજારો નહીં સેંકડો ગેરકાયદેસર બિલ્ડિંગ

# રાજકોટ અગ્નિકાંડ પીડિતોને ન્યાય અપાવવા માટે કોંગ્રેસે ઉપવાસ આંદોલન શરૂ કરવામાં આવ્યું

### સુભાષ ત્રિવેદીના વડપણ હેઠળની સ્પેશિયલ ભીનું સંકેલો SIT અમારે જોઈતી નથી : જિજ્ઞેશ મેવાણી

। (એજન્સી) રાજકોટ, તા.૭ ।

રાજકોટ ગેમ ઝોન અગ્નિકાંડમાં ૨૭ લોકો જીવતા ભુંજાઈ જવાની હૃદય દ્રાવક ઘટના બાદ વિવિધ પરિવારોને ન્યાય માટે રાજકોટ શહેર કોંગ્રેસ દ્વારા ત્રિકોણબાગ ખાતે આજથી ધરણાં અને ઉપવાસ આંદોલન શરૂ કરવામાં આવ્યું છે. કોંગ્રેસે SITનો વિરોધ કર્યો હતો અને ન્યાય મળે તે માટે પ્રમાણિક અધિકારીઓની ટીમ બનાવી નવી SIT તૈયાર કરવાની માંગ કરી હતી. પીડિતોના પરિવારોને ૪ લાખને બદલે રૂ. ૧ કરોડની સહાય આપવામાં આવે અને કેસની ટ્રાયલ પણ ઝડપથી પૂર્ણ કરવા માંગ કરી હતી. આ અંગે કોંગ્રેસના ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણીએ કહ્યું હતું કે, સુભાષ ત્રિવેદીના વડપણ હેઠળની સ્પેશિયલ ભીનું સંકેલો SIT અમારે જોઈતી નથી. તેઓએ મોરબીની પુલ દુર્ઘટના હોય કે લઠ્ઠાકાંડ તેની તપાસમાં અત્યાર સુધીમાં એક પણ કેબિનેટ મંત્રી કે IAS-IPSની ધરપકડ કરી નથી. જેથી નિર્લિપ્ત રાય, સુજાતા મજમુદાર અને સુધા પાંડે જેવા પ્રામાણિક અને મજબૂત અધિકારી ન હોય તો ન્યાય મેળવાની આશા પીડિતો કે અમને ન હોઈ શકે. જેથી આ પ્રકારના અધિકારીઓની SIT બનાવવામાં આવે તે જરૂરી છે.




દોઢથી બે વર્ષમાં જ ટ્રાયલ પૂરી થાય અને પીડિતોના પરિવારોને ન્યાય મળે તે માટે આજથી ત્રણ દિવસ રાજકોટ શહેરના ત્રિકોણ બાગ ખાતે કોંગ્રેસ પક્ષ દ્વારા ધરણા અને ઉપવાસ આંદોલન શરૂ કરવામાં આવ્યું છે. જ્યાં સુધી પીડિતોના પરિવારને ન્યાય નહીં મળે ત્યાં સુધી અહીં બેઠા છીએ. જિજ્ઞેશ મેવાણીએ કહ્યું હતું કે, અમે ગુજરાત સરકારને એટલું જ કહેવા માગીએ છીએ કે, રાજકોટ અગ્નિકાંડમાં ભાજપના કોઈપણ કોર્પોરેટર, ધારાસભ્ય કે મંત્રી હોય તો તેની સામે કડક કાર્યવાહી કરવી જોઈએ. બંછાનીધી પાની કે જેઓ ભૂતકાળમાં રાજકોટ મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર હતા. તેમના સમયગાળામાં જ આ ટીઆરપીત ગેમ ઝોન ચાલતો હતો. ત્યારે તેમને જ અગ્નિકાંડની તપાસ કમિટીમાં મૂકવામાં આવ્યા છે. જેનો મતલબ એ થયો કે ખીરની તપાસ બિલાડીને. આ પ્રકારની કમિટી ઉપર રાજકોટ અને ગુજરાતની જનતા કઈ રીતે ન્યાયની અપેક્ષા રાખી શકે.એન્ટી કરપ્શન બ્યુરો એ દાંત વગરનો સાવજ છે. મેવાણીએ એમ પણ કહ્યું કે, એન્ટી કરપ્શન બ્યુરોમાં છેલ્લા ૧૫ વર્ષ ડિરેક્ટર રહ્યા તેમની સંપત્તિની પણ તપાસ કરવી જોઈએ. સવાલ એ છે કે અત્યાર સુધી તમે વિપક્ષના નેતાઓના ઘરે ED અને ઈક્મટેક્સની ટીમ મોકલી રહ્યા હતા તો અત્યાર સુધી આ પ્રકારના ભ્રષ્ટ નેતાઓને કેમ છાવરી રહ્યા હતા. રાજકોટમાં હજારો નહીં સેંકડો ગેરકાયદેસર બિલ્ડિંગ છે. જ્યાં બી.યુ. પરમિશન લેવામાં આવી નથી અને ફાયર સેફટીના સાધનો નથી. તેના માટે જવાબદાર અધિકારીઓ અને નેતાઓની SIT અને ACBએ ધરપકડ કરવી જોઈએ.

### સુરતમાં બેફામ ચાલકોની હવે ખેર નથી!

# ટ્રાફિકના નિયમભંગ રોકવા ૧૫૦૦ કેમેરા એક્ટિવેટ કરાશે

। (એજન્સી) સુરત, તા.૭ ।

ડાયમંડ સીટી સુરતમાં શહેરીજનો બેફામ કાર, બાઈક ચાલકો અને ટ્રાફિક નિયમોના લીરેલીરા ઉડાવતા લોકોથી પરેશાન થઈ ગયા છે. ટ્રાફિક ફ્લોને બરાબર મેનેજ કરવાનું પોલીસ માટે પણ અઘરુ થઈ ગયું છે. તેવામાં ડાયમંડ સીટીના રહેવાસીઓને રોડ સેફટીની ચિંતા પણ હેરાન કરી રહી છે. આને જોતા સુરત શહેરામાં ૧૫૦૦ જેટલા કેમેરા ફીટ કરાશે અને ટ્રાફિક નિયમોનો ભંગ કરતા લોકોને પકડી પડાશે. આનાથી ફાયદો એ થશે કે વ્હિકલનો ફ્લો સ્મૂધ રહેશે અને બાદમાં જે નિયમભંગ કરનારા લોકો છે તેમને પણ પકડી પાડી મોટી કાર્યવાહી હાથ ધરાશે.પોલીસ કમિશનર અનુપમ સિંહે કહ્યું કે ટ્રાફિક ચેકિંગ વધુ કડક બનાવવું જોઈએ. તેમણે બેફામ વાહનો ચલાવતા લોકો સામે મોટા પગલા ભરવા આદેશ આપ્યો છે. આવી ઘટનાઓથી અનેક લોકોને રસ્તામાં નાની મોટી ઈજા પહોંચે છે. હવે સુરત શહેરમાં એવા ૨૦૨ સિગ્નલ પર કામ શરૂ કરાશે જ્યાં સીસીટીવી કેમેરા હજુ સુધી ઈન્સ્ટોલ નથી કરાયા. અહીં ૧૫૦૦ કેમેરા એડઓન કરાશે અને આ પરફેક્ટ એક્વિટ રહેશે જેમાંથી ટીમ સતત ટ્રાફિકના નિયમો ભંગ કરતા હોય એ લોકો સામે કડક પગલા ભરશે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
દૈનિક સમાચાર પત્ર


ઉપાડો ફોન
9800708900
આ નંબર પર માત્ર વોટ્સએપ મેસેજ જ કરવો
આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો
દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર "ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત" દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...
cnngujarat@gmail.com

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨